રાહનુમાએ માજદયસનાન.

જરથોશતી ધર્મનીતિ.

અંક બીજો.

બનાવનાર,

એરવદ શેહરીઆરજી દાદાભાઈ ભરૂચા.

સ્રઓતા ગેઉષાઇશ વહિશ્તા.

અર્થ.

ભલાંને કાન ધરી સાંભલો.

રાહનુમાએ માજદયસનાન સભાની કારોબાર મંડળીએ
મરહુમ શેઠ ફરામજી એદલજી કોલાપુરવાલાએ કીધેલી
રૂપીઆ દસ હજારની સખાવતનાં વ્યાજમાંથી
જરથોશતી બાળકોને ધર્મ તથા નીતિની
કેળવણી આપવા સારૂ છપાવી
પ્રગટ કીધીછે.

મુંબઈ,

દફતર આશકારા છાપાખાનાંમધે,
એદલજી માણેકજી વાચ્છાએ છાપ્યું છે.
કોટ:—કાવસજી પટેલ સ્ટ્રીટ, નાં૦ ૮૭.

સને ૧૨૫૮ યઝદજરદી.
સને ૧૮૮૯ ઈસવી.

કીમત ૭ આના.

૩૭૪૬

રાહનુમાએ માજદયસ્નાન.

જરથોશ્તી ધર્મનીતિ.

અંક બીજો.

બનાવનાર,

એરવદ શેહરીઆરજી દાદાભાઈ ભરૂચા.

𐬯𐬭𐬀𐬊𐬙𐬀 𐬔𐬊𐬎𐬱𐬁𐬌𐬱 𐬬𐬀𐬵𐬌𐬱𐬙𐬀

સ્રોતા ગેઉષાઇશ વહિશ્તા.

અર્થ.

ભલાંને કાન ધરી સાંભળો.

રાહનુમાએ માજદયસ્નાન સભાના કારોબાર મંડળાએ
મરહુમ શેઠ ફરામજી એદલજી કોલાપુરવાલાએ કાઢેલી
રૂપીઆ દસ હજારની સખાવતનાં વ્યાજમાંથી
જરથોશ્તી બાલકોને ધર્મ તથા નીતિની
કેલવણી આપવા સારૂ છપાવી
પ્રગટ કીધો છે.

મુંબઈ,

દફતર આશકારા છાપાખાનાં મધે,
એદલજી માણેકજી વાચ્છાએ છાપ્યું છે.
કોટ:—કાવસજી પટેલ સ્ટ્રીટ, નં૦ ૮૭.

સને ૧૨૫૮ યઝદજરદી.
સને ૧૮૮૯ ઇસ્વી.

કીમત ૩ આના.

જરથોશ્તી ધર્મનીતિ અંક બીજાનો

દીબાચો.

રાહનુમાએ માજદયસ્નાન સભાની તરફથી ઇસવી સને ૧૮૮૫ નાં સાલમાં "જરથોશ્તી ધર્મનીતિ અંક પેહલા" ની ચોપડી પ્રગટ કરવામાં આવી હતી જે ચોપડી મી૦ હોરમજી નવરોજી લારકે લખી હતી.

આએ સાલ એ મંડલી તરફથી આ અંક બીજાની ચોપડી પ્રગટ કરવામાં આવેછે જે એરવદ શેહરીઆરજી દાદાભાઇ ભરૂચાએ બનાવી છે.

આ ચોપડી છપાવી પ્રગટ કરવાનો સઘલો ખરચ મરહુમ શેઠ ફરામજી એદલજી કોલાપુરવાલાએ કીધેલી રૂપીઆ દસ હજારની સખાવતનાં વેઆજ મધેથી કરવામાં આવ્યો છે.

મુંબઇ, રોજ ૧૪ મો માહ ૫ મો શેહનશાહી, માહ ૬ ઠો કદમી સને ૧૨૫૮ યઝદજરદી, તારીખ ૨૮ મી જાનેવારી સને ૧૮૮૯ ઇસવી.

રાહનુમાએ માજદયસ્નાન સભાની
કારોબાર મંડલીના હુકમથી,
પેસતનજી દાજીભાઇ,
સેક્રેટરી.

જરથોસ્તી ધર્મનીતિ.

અંક બીજો.

સાંકળિયું.

પાઠ.		સફે.
૨૧	બેહતર થવાની કોશેશ	૫૨
૨૨	બદગોઈ	૫૫
૨૩	ખંતીપણું	૫૮
૨૪	અદેખાઈ	૬૨
૨૫	બદીને બદલે નેકી	૬૫
૨૬	પરોપકારી કામો કરવાની આદત	૬૮
૨૭	હવા—ખુદાની એક બખશેશ	૭૧
૨૮	તનદુરસ્તી સાથે હવાનો સંબંધ	૭૪
૨૯	જીંદગી નિભાવવાનું સાધન—ખાણુંપીણું	૭૬
૩૦	ખાણાંપીણાંની શુકરગુજારીના સબોદ	૭૯
૩૧	ક્રૂર સ્વભાવ	૮૧
૩૨	હકદારનો હક આપવો	૮૪
૩૩	પરનિન્દા	૮૬
૩૪	આજનું કામ કાલપર રાખવું નહીં	૮૯
૩૫	દીલઆજારી સાથે દીલનવાજીનો મુકાબલો	૯૧
૩૬	માણસને કોશેશની અગત્ય	૯૪
૩૭	કોશેશ વિના સરસાઈ નહીં મલે	૯૭
૩૮	સુસ્તીની ટેવ ભાંગવી	૯૯
૩૯	એ વાત યાદ રાખ અને એ વાત વીસરી જા	૧૦૨
૪૦	આરામગાહમાં જતી વખતની બંદગી	૧૦૫
૪૧	મુનાજાત	૧૦૮



રાહનુમાએ માજદયસ્નાન.

જરથોશ્તી ધર્મનીતિ.

અંક ૨ જો.

પાઠ ૧ લો.

ખુદાની સેતાયશ.

[illegible]

યથા તૂ ઇ, અહુરા મઝ્દા, મેંઙ્હાચા વઓચસ્ચા દાઓસ્ચા વરેશ્ચા યા વોહૂ, અથા તોઇ દદેમહી, અથા ચીશ્મહી, અથા ઠ્વા આઇષ્ યઝમઇદે, અથા નેમખ્યામહી અથા ઇષૂઇધામહી, ઠ્વા, મઝ્દા અહુરા.[1]

1 યજશને 13 ફ૦ 5; 39 ફ૦ 4.

અર્થ.

"ઓ અહુરમઝદ ! કારણ કે તેં જે વમાસ્યું છે, કહ્યું છે, આપ્યું છે, અને કીધું છે તે સારૂંજ છે; તેથી તુંને (અમારૂં બધું સારૂં) ભેટ અને અર્પણ કરીએ છઈએ. તેથી નજદીક આવીને તુંને પૂજીએ છઈએ, તુંને નમીએ છઈએ, અને તારાં શુકર ગુજાર રહીએ છઈએ."

પદ.

("નાથ કૈસે ગજકો બંધ છોડાયો."—એ રાહ પર.)

તારી કુદરતની બલીહારી !
તુજ ભજનાજ અમ શુભકારી. ટેક.
જ્યાં જ્યાં જોઈએ ત્યાં કામ તારાંજ,
ઝમકે સરસ લાભકારી,
મોટી કે નાહની વસ્તુ જગતમાં,
તુજ જશ રહીછે પુકારી. ૧.
આપો પાક ઓરવર જાનદારો,
આફતાબની સવારી;
માહઅખતાર સિતારા સહુએજ,
હકુમત તારી સ્વિકારી. ૨.
મીનો ને ગેતીનો તું રાખનારો,
જતન કરી ખુબ સારી;
નેકો બદોપર છેજ હમેશાં,
તારી સખાવત જારી. ૩.
જેને સજાવાર જે ચીજ હોય,
તે દેઈ તું દેછ યારી;

કીડા કે હાથી, શાહ કે ફકીરને,
  એકજ નજરે ઉચારી. ૪.
કુદરત તારી બધા દિપે રૂડીજ,
  ખામી વગર સૌ સમારી:
તે સહુમાં ખાશી ઈનસાનની તેજ,
  મજલત દીધી વધારી. ૫.
દાઓ પયગમ્બર ફિલસુફ પંડીત,
  એકમતે કહે ઉચ્ચારી:
"તારો ભરમ ભેદ તું એક જાણેછ,
  થાકયા અમે તે વિચારી." ૬.
દાદાર! અહુરમઝદ! દાના! તવાના!
  એજ છે અરજ અમારી;
રાહ ચલાવી અમુને તું દીનની,
  દે ભવ પાર ઉતારી. ૭.

પાઠ ૨ જો.

ભલો ઉદ્યોગ કરવાની ફરજ.

[illegible]

વૈરેઝ્યતાંમ્ચ ઇધ વોહુ વાસ્ત્ર.[1]

અર્થ.

"અને (તમારા હાથ, પગ, અને હોશીઆરી એ દરએકને) અહીઆં (આ દુનીયામાં) ભલા ઉદ્યોગે (કામ) કરવા દો."

---

૧ વીસ્પરદ, કરદો ૧૫ ફ૦ ૧.

જે કોઈ ભલા ઉદ્યોગમાં મશગુલ રહેછે તેને ખરાબ વિચારો કરવાને વખત મલતો નથી. અને જે ખરાબ વિચારો કરેજ નહી તેને ખરાબ શબ્દો બોલવાની અથવા ખરાબ કામો કરવાની તક મલેજ નહી. એ ઉપરથી ખુલ્લું છે કે ખરાબ વિચારો, ખરાબ વચનો, અને ખરાબ કામોનો મજબુત અટકાવ કરવા માટે ભલા ઉદ્યોગમાં મશગુલ રહેવું. આપણા જરથોશતી ધર્મમાં ભલા ઉદ્યોગની વખાણ કીધીછે અને ઉદ્યોગીની મદદે ખુદાએતાલા થાયછે એમ જણાવ્યું છે.[1] એજ પ્રમાણે હમેશાં ડાહ્યા પુરૂષો ભલો ઉદ્યોગ કરવાની શિખામણ આપતા રહેછે.

આપણા પેદા કરનારે આપણી જીંદગીને માટે ઘણા થોડા વખતની બખશેશ કીધેલી છે અને તેથી તે ઘણી અમૂલી છે. બીજી ચીજો ખોવાઈ જાય તો તે પાછી મલે પણ વખતતો જે જાયછે તે હમેશનો જાયછે. ફરીથી તે કદી પાછો મલતો નથી. હવે ભલા ઉદ્યોગમાં રોકાવાનો જે વખત તેનો જ્યારે આપણે બરાબર ઉપયોગ કરતાં નથી ત્યારે ખુદાની તે અમૂલ્ય બખશેશને અકારત ઘાલવાની આપણે તકસીર કરીએ છઇયે. વળી આપણને તે કીરતારે શરીરની અને મનની શક્તિઓ આપેલી છે તે શક્તિઓને જો આપણે ઘટતા ઉદ્યોગમાં કામે લગાડતાં નથી તો તેથીબી આપણે તેનાં તકસીરવાર થઇએ છઇએ. માટે દરએક જણે ઉદ્યોગી થવાની ફરજ છે.

દુનીઆમાં જે જે નહાનાં કે મોહટાં કામો થાયછે તે ઉદ્યોગથીજ થાયછે અને ઉદ્યોગીઓથીજ દુનીયા ચાલેછે. જુઓ, એક રોટલી મેલવવાને કેટલો બધો ઉદ્યોગ કરવો જોઇએ છે? ખેતર ખેડવું જોઇએ, દાણા વાવવા જોઇએ,

---

૧ વજાશને ૪૬ ક૦ ૧૨.

પાક થવા લગી ખેતરને જાલવવું જોઈએ, પછી કાપણી કરીને અનાજ દલવો જોઈએ, અને છેલ્લે તેના આટાની રોટલી કરવી જોઈએ. જ્યારે એક રોટલી મેલવવાને સારૂ આટલા બધા ઉદ્યોગની જરૂર છે ત્યારે બીજાં મોહટાં કામો પાર પાડવા પાછલ કેટલા બધા ઉદ્યોગની જરૂર છે વારૂ ?

કોઈબી કામ પાર પાડવાનું ઉદ્યોગ વગર બની શકતું નથી. વિદ્યા હુનર શિખવામાં તો ઉદ્યોગની તદન જરૂર છે. છોકરાંઓ જો અભ્યાસ કરવામાં ઉદ્યોગ નહી વાપરે તો તેઓ સારી રીતે શીખી શકે નહી. હરએક ધંધાદારીઓ, વેપારીઓ, અમલદારો, ટુકમાં નહાનાંથી તે મોહટાં સર્વે લોકો ઉદ્યોગી રહે નહી તો તેઓ પોતાનાં કામોમાં ફતેહ મેલવે નહી. ઉદ્યોગ વગર ફલ મેલવવા ચહાનાર બદામનું કોટલું ભાંજવા વગર બીજ ખાવા માંગે છે. કોઈ માણસ પોતાનાં મનમાં ઘણીબી ઉમેદ રાખે કે હું ફલાણું કામ કરૂં, પણ જ્યાં લગી તે તેની ઉપર મંડીને ઉદ્યોગ કરે નહી ત્યાં લગી ફકત ઈચ્છા રાખવાથીજ તે કામ થવાનું નથી. શિકારનો સપનો જોતાં સિંહનાં મોહમાં બરેખરો શિકાર દાખલ થતો નથી. માટે હરએક કામમાં ફતેહ મેલવવાનો ગુણ ઉદ્યોગજ છે એમ હમેશાં યાદ રાખવું.

દો હ રા.

હાથો પગ ને આંગલાં, હોશ અક્કલ ને શાન;
કિર્તારે શા કારણે, દીધાં, ઓ ઇનસાન ?
રાત દિવસ ઉદ્યોગથી, રૂડાં કરીને કામ;
મરણ પછી દાદારથી, મેલવવા ઇનામ.

પાઠ ૩ જો.

આ લ સા ઈ .

[illegible]

પેરેને બૂષ્યાંસ્ત યા ઝઈરિન.[1]

અ ર્થ .

"આલસ જે દુબલું કરનાર (છે) તેની સામણે લડું."

આપણા જરથોસ્તી ધર્મને લગતી ચોપડીઓમાં આળ-સાઈને બહુ ધિક્કારી છે. પતેતમાં આલસ કરવાના ગુનાહ[2] જણાવ્યો છે જેનું નામ "અશગહાની" કહ્યું છે. એજ પ્રમાણે સર્વે જમાનામાં સર્વે દેશોના દાનાઓ આળસાઈને ધિક્કારી ગયા છે. આજેબી સર્વે કોઈ આળસાઈને ધિક્કારે છે અને હમેશાં તે ધિક્કાર પામતીજ રહેશે.

કિર્તારે આ જગતની રચનામાં એવા કાયદા મુકેલા છે કે તેમાં પ્રાણી, વનસ્પતિ, ધરતી, સૂરજ, ચંદ્ર, તારા વગેરે જે જે પદાર્થો છે તેઓ જો ઠરાવેલી રીતોઓ મુજબ હીલચાલ કરતાં રહે તો સારી, ખીલતી, અને ચઢતી હાલ-તમાં રહે, પણ જો તેઓ આળસુ અને નિરૂપયોગી થાય તો પડતી દશામાં આવીને નાશ પામે. જ્યારે ખુદાયતાલાએ બધાં જગતને હીલચાલ અને કામકાજ સરજેલું છે ત્યારે આપણે આળસુ થવું જોઈયે? જેઓ કોઈ આળસ કરે છે તે તેના પેદા કરનારના કાયદાથી ઉલટું ચાલે છે. અને કિર્તારના કાયદા એવા છે કે જે કોઈ તેઓને તોડે છે તેને તેની સજા ખમ્યા વગર છુટકો નથી.

---

૧ વંદીદાદ ૧૧ ક૦ ૯. ૨ પતેત પશેમાની કરદો ૧૧, ઇત્યાદી.

જેમ પડી રેહેલાં લોહડાંપર કાટ ચહડીને તે બીગડી જાયછે તેમજ આળસાઈથી તન અને મન નબલાં પડીને માણસ બીગડી જાયછે. જેમ બાગને નહી ખેડાશું તો તેમાં નકામા પાલા ઉગીને તેને બીગાડી નાખશે, અથવા જેમ એક હથીઆરને નહી વાપરીશું તો તે કાટાઈને બીગડી જશે, તેમજ આપણાં તન અને મનને જો આળસુ રાખીશું તો તેઓબી બીગડી જશે. વેહેતું પાણી નિર્મળ રેહેછે પણ એક જગે પડી રેહેલું ગંધાઈ આવેછે. ઘોડો જો આળસુ રેહેછે અને સુકરો જો [illegible]તો નથી તો તેઓ રોગી થઈ જાયછે. આતશને જો પડી રેહેવા દીધો હોય તો તે બુજાઈ જાયછે. જે કપડાં નાખી મુક્યાં હોયછે તેઓને ઉધાઈઓ ખાઈ જાયછે. જે ઓરડો બંધ પડી રેહેછે તેમાં જાલાં, કચરો, અને નાશકારક જીવજંતુઓ જલદીથી ભરાઈ જાયછે. પડી રેહેલાં વાજાંની કુંચીઓને જલદીથી કાટ ખાઈ જાયછે અને તેથી વાજું બીગડી જાયછે; પણ વપરાતી કુંચી હમેશાં ચલકતી રેહેછે અને વાજુંથી સુંદર સરોદ કહાડે છે. મધપુડામાં જે માખીઓ આળસુ હોયછે તેઓ મધ એકઠું કરતી નથી તેથી થોડાંએક અઠવાડીઆંમાં બીજી ઉદ્યોગી મધમાખીઓને હાથે તેઓ મરી જાયછે અથવા બાહેર કહાડી મુકાવાથી ભુખમરાને લીધે મરણ પામેછે. એજ પ્રમાણે આળસુ માણસોનોબી જલદીથી અંત આવેછે.

આળસ દુઃખ અને તંગીની માતા છે. તે ગરીબ યા તવંગર સર્વેને નુકસાનકારક છે. ગરીબ જો આળસુ રેહેશે તો પોતાનું ગુજરાણ ખોઈ બેસીને તેને જલદીથી પારકે બારણે ભીખ માંગવા જવું પડશે.[1] બારોનીસ્યુસ નામનો એક ઉત્તમ મનશક્તિના ભાપાશાસ્ત્રી જે ૯૦

---

૧ વંદીદાદ ૩ ફ૦ ૨૯.

સ૦ ૧૬૭૬માં મરણ પામ્યો તેની હુશીઆરી એ તો અજબ જેવી હતી કે તે કોઈ સાધારણ વર્તમાનપત્રને મોહોપરનો મોહોપર તેનો ગ્રીક અથવા લાટીન જે મુશ્કેલ ભાષાઓની કવીતામાં તરજુમો કરી દેતો હતો. ફ્રેંચ, ઈંગલીશ, અને વલંદી ભાષાઓમાં તે છુટા અને ઝડપથી વાત કરી શકતો હતો—અને હોરેશ, વરજીલ વગેરે કેટલાએક પુરાતન ગ્રંથકારોના ગ્રંથો મોહોડે ભણી જતો હતો. તોપણ તે ઘણો આળસુ હતો તેથી તેને પોતાની આખી જીંદગી દલિદ્રી અવસ્થામાં ગુજારી અને મીડલબરગની એક ખાડા જેવી જગામાં મરણ પામ્યો. તવંગર જો આળસુ રહેશે તો તેઓ જલદીથી પોતાની દોલતને તથા પોતાનાં શરીરથી સરસ સુખ તનદુરસ્તીને ખોઈ બેસશે અથવા કાંઈજ નહીં તો તેઓમાં ઘટાડો જોશે. નારમંડીનો ડયુક રોબર્ટ ઘણો આળસુ હતો તેથી તેને પોતાના વજીરો ઈંગ્લાંડના રાજા બીજા વીલીઅમને ગીરવી મુકવાની ફરજ પડી. પછી અંતે ઘણો મુફલેસ થઈને તે બંદીખાનામાં મરણ પામ્યો. એવા એવા બીજા સેંકડો અને હજારો આળસુઓની ખરાબીના દાખલા મળેછે.

દોહરા.

આળસથી થાશે ઘણો, તન મન ધનનો નાશ;
જે આળસને વશ થશે, અંતે થશે નિરાશ.
દુઃખ દલિદ્ર પાપનું, આળસ જાણો મૂલ:
આળસુ માંગે જે દુઆ, ન કરે ખુદા કબૂલ.

પાઠ ૪ થો.

ખુદાની મરજી વિષે અંદેશો કરવો.

[illegible]

[illegible]

અવથ અઙ્હાઓ સ્પન્યાઓ યેઝિ માંમ્ પઇતિપે-
રેસાઓઙ્હે.[૧]

અર્થ.

(દાદાર અહુરમઝદ કહેછે) "જો તું મને વારેઘડીએ પુછતો રહે તો અલબતે વધારે દહાપણ વાલો થાય."

ગુલાં નામે એક છોકરી હતી. તેણીને ધર્મ તથા નીતિ શીખવવા પછવાડે તેની મા ઘણી સંભાલ લેતી હતી અને કાંઇબી કામ કરવા અગાઉ તે ખુદાએતાલાને પસંદ પડશે કે નાહી તે વિષે અંદેશો કરવા તેને ઘણી શીખામણ દેતી હતી. તે શીખામણથી તે છોકરી કદી ઉલટી ચાલતીતી નાહી.

એક દિવસે ગુલાં ઓરડામાં એકલી હતી ત્યાં તેબલપર સારા લેજતદાર મેવાની એક ટોપલી હતી તે પર તેણીની નજર પડી. ગુલાંનાં મનમાં કુદરતી રીતે વિચાર આવ્યો કે રજા વિના મારે આ મેવાને અડકવું નાહી જોઇએ; તોપણ ખાવાનું તેણીને ઘણું મન હતું. તેણીની મા પાસેના ઓરડામાં હતી જેમાંથી તે તેણીની બધી હીલચાલ સારી પેઠે જોતી હતી. મેવાપર તાકી તાકીને જોવા પછી ગુલાંએ માથું નમાવી પોતાના હાથથી મોહડું ઢાંકી દીધું. એ ઉપરથી તેણીની માએ પુછ્યું, "ગુલાં, તુંને શું થયુંછે?" પોતાની

---

૧ વંદીદાર ૧૮ ક૦ ૭.

માનો આવાજ સાંભળવાથી ગુજાં ચોંકી, કેમકે તેણીને ખબર નહીં હતી કે કોઈ મને જુએછે. તોપણ તેણીએ ખરી મનસાનીથી જવાબ આપ્યો કે "માએજી, આ ટોપલીમાંથી એક ફુલ લેવાની મારી ઘણી મરજી થઈ. પણ તે લેવા પહેલાં મેં મારાં દીલમાં ખુદા વિષે અંદેશો કીધો કે આ કામ તેને સારૂં લાગે કે નહીં?" આ સાંભળી તેણીની માએ તેને શાબાશી આપી અને કહ્યું કે "મારી ડાહી દીકરી, તું એજ પ્રમાણે હરએક કામ કરવા અગાઉ ખુદા વિષે અંદેશો કરીને પુછતી રહેજે કે તે કામ તેને ગમે કે નહી?" ત્યાર પછી આ છોકરી હમેશાં એજ પ્રમાણે ચાલવા લાગી તેથી આગલ જતાં તે એક ઘણીજ સદગુણી બાનુ થઈ અને બહુ માન પામી.

જે છોકરાં આ છોકરી પ્રમાણે હરએક કામ કરવા પેહલાં તે કામ ખુદાને સારૂં લાગશે કે નહી તેનો અંદેશો કરશે અને જે કામ સારૂં જણાય તે ઉપરજ અમલ કરશે તથા માબાપની શીખામણથી કદી ઉલટાં નહી ચાલશે તેઓ પર બેશક ખુદાના આશીરવાદ ઉતરશે અને તેઓ મોટપણે ઘણાં સદગુણી થઈને માન પામશે.

દો હ રા.

અહુરમઝદ હાજર સદા, હૈડે સહુને હોય;
પૂછી મરજી તેહની, કરો કામ સહુ કોય.
તેની વાણી પાધરી, કાણ વિના સંભલાય;
અમલ કરેથી તે ઉપર, માણસ સુખીઉં થાય.
ધર્મ તથા દિલ સૂચવે, તેજ ઈશની વાણ;
નાફરમાન થવા તણું, ફલ પસ્તાવો જાણ.

પાઠ ૫ મો.

પારકો માલ પોતાનો કરવો નહી.

[illegible]

[illegible]

[illegible]

યો તાયુશ.... તેમ્ અવિ ત્બએષાઓ પઇતિ-યંતુ.[1]
ખ્વાસ્ત એ કસાં મ અપર.[2]

અર્થ.

"જે ચોર (હોય) તેને આઝાર પોંહચો!"
"બીજાઓનો માલ ચોરી લેતો મા."

પારકાનો માલ પોતાનો કરી લેવો તે ચોરી કહેવાય છે. જે માલ હકદારીથી અને કાયદાસર સ્વાધીન લઈને પોતાનો કરવામાં આવે તે ચોરેલો કહેવાય નહી. પણ એક પારકી મતા તેના હકદાર ધણીની રજા વગર રાખવામાં આવે તે ચોરેલી મતા કહેવાય. ચોરી કરવી એ બહુ ખોટું છે. કારણકે જે માણસની ચોરી થાયછે તે માણસને નુકસાન ખમવું પડેછે અને કોઈ વખત ઘણી નાહની ચોરીમાં નુકસાન મોહટું હોયછે. માણસોએ આવી ચાલ ચલાવ્યાથી દુનીઆદારી અને સંસાર ચલાવવાના કાયદા તુટી જાયછે અને મંડલીમાં સર્વ કોઈને હાણી પોંહચેછે. જે શખસ ચોરી કરેછે તેની કાંઈ મતા જો બીજો ચોરે તો તેને પોતાને કેવું લાગે ?

---

૧ યજશને ૬૫ ક૦ ૮.   ૨ લગનના આશીરવાદ.

આપણા જરથોસ્તી ધર્મમાં પારકી વસ્તુને પોતાની કરવાનાં કામને ભારી ગુનાહ ભરેલું કહ્યું છે.[૧] જે શખ્સ કોઇએ અમાનત રાખવા આપેલી અથવા કોઇ પાસેથી ઉછીકી લીધેલી વસ્તુને પાછી નહીં આપે તે શખ્સ આપણા વંદીદાદમાં તે વસ્તુ ચોરનારની બરાબરનો ગુનેહગાર ગણાય છે.[૨] માટે છોકરાંઓ ! જો તમે કોઇની પાસેથી ચોપડી, કલમ, ખડીઓ, અથવા હરએક ચીજ વાપડવા લેઓતો તેને તે પાછી આપજો. જો તે પાછી માંગે તોબી, અથવા તે વિષે તે વીસરી ગયું હોય તોબી, તમારી તો ફરજ છે કે જેની હોય તેને પાછી આપવી. જે વસ્તુ તમારી નહી હોય તે તમે કદી રાખતાં ના.

આપણાં ઘરમાં અથવા પારકી જગાએ ખાવાની અથવા રમવાની અથવા હરએક બીજી વસ્તુ હોય તે કોઇ નહી જાણે તેમ લઇ લેવી નહી. જ્યારેબી તે લેવાનું મન થાય ત્યારે તુરત મન વાલવું અને વિચારવું કે જો હું આ ચીજ લઇશ તો તે ઘણું ખોટું થશે અને તે જણાયા વગર રહેશે નહી. અને જ્યારે તે જણાશે ત્યારે મને સજા થશે, મારી આબરૂ જશે, અને બધાં લોકોમાં મને શરમથી નીચે જોવું પડશે. કદાચ મારૂં આ ગુનાહ ભરેલું કામ કોઇનાં જાણ-વામાં નહી આવશે તોપણ અહુરમઝદ તો બધી જગાએ બધી વખતે હાજર છે તેથી તે સાહેબ તો એ ગુનાહનું કામ જાણ્યા વગર રહેશે નહી. અને તેથી કરીને આવતી જીંદગીમાં હું એ ગુનાહની સજામાંથી બચી શકીશ નહી.

આપણા ઇરાની વડવાઓ પારકો માલ પોતાનો કરવાનું કામ ઘણું ગુનાહ ભરેલું સમજતા હતા. પાદશાહ નોશીરવાને આદેલના વખતમાં એક ખેડુતે કોઇની જમીન સાથે રાખીને

---

૧ મજશાને ૩૨ ક૦ ૯.   ૨ વંદીદાદ ૪ ક૦ ૧.

ખેડવા માંડી હતી. એક દહાડે તેનું હલ એક ઠેકાણે જમીનમાં અટકી પડવાથી તેણે તે જગાની તપાસ કીધી તો તેમાંથી તેને એક ધનનો ચરૂ મલી આવ્યો. તે ખેડુત એવી સાચી દીઆનતનો હતો કે તુરત તે ધનનો ચરૂ જમીનના માલિક પાસે લઇ ગયો અને તેને તે રાખવાની આહાસ કરવા લાગ્યો. જમીનનો માલિકબી તેના જેવોજ પારકો માલ પોતાનો નહીં કરનાર હતો. તેથી તેણે કહ્યું કે મેં તુંને જમીન ખેડવા આપી હતી તેથી તેમાંથી જે કાંઇ નીકલે તે રાખવાનો તુંને હક છે. માટે એ ચરૂ તુંજ રાખ. એ પ્રમાણે તે બંને જણ એક બીજાને તે ધન રાખવાની આહાસ કરવા લાગ્યા. અંતે તેઓ ચુકાદો મેલવવા સારૂ એક ન્યાયાધીશ પાસે ગયા. તે ન્યાયાધીશે કહ્યું કે શું તમે જાણતા નથી કે આપણામાં કહેવત છે કે "પાએ તે પાદશાહનો માલ"? માટે એ ધનનો ચરૂ તમે પાદશાહને હવાલે કરો. તેઓ ખુશીથી તે ચરૂ પાદશાહ નોશીરવાનને હવાલે કરવા ગયા. નોશીરવાને તે ગરીબ માણસોની હરામનો માલ નહીં રાખવાની સાચી દીઆનતથી ખુશી થઇને ફરમાવ્યું કે તમો બંનેમાંના એકના દીકરાનું બીજાની દીકરી સાથે કારજ કરીને લગન કરો અને તેઓને પેહરામણી અને ગીતમાં એ નાણું આપો.

વળી આપણા ઇરાની ન્યાગાનોની પારકો માલ પોતાનો નહીં કરવાની આદત વિષે કહેછે કે તે જમાનાઓમાં તવંગર લોકો પોતાના ઘોડાઓની ખરીઓ ઉપર સોનાં રૂપાંનાં પતરાં શણગાર તરીકે જડાવતાં હતાં.[૧] ઘણી વખતે તે પતરાં ઘોડાઓની ખરી ઉપરથી નીકલીને રસ્તાની ધુલમાં ભેલાઇ જતાં હતાં. પછી જો કોઇ ગરીબ ગુરબાંને રસ્તે જતાં તે સોનું

૧ પજશને હા ૫૭ ફ૦ ૨૭; મેહરયશત ફ૦ ૧૨૫; ઇત્યાદિ.

રૂપું દેખાતું તો પોતે ગમે તેવું ગરીબ છતાંબી તે પારકો માલ પોતાનો કરતું નહી, પણ પડોશમાં કોઈ ઝાડ અથવા થાંભલો અથવા એવુંજ કાંઈ બીજું મલી આવે તેની સાથે બાંધી જતું કે ત્યાંથી જે કોઈ તેનો ધણી હોય તે તેને ઓલખીને લઈ જાય.૧

પાઠ ૬ ઠો.

ફરમાંબરદાર છોકરાં.

[illegible]
[illegible]

[illegible]
[illegible]

કે ઉઝેમેમ્ ચોરેત્ વ્યાનયા પુથ્રેમ્ પિથ્રે ?૨

અંદર પેદ ઉ માદ હ્ ખેષ્ તરસ્ગાહ ઉ ન્યોક્ષીદાર ઉ ફર્માનૂણુદાર બાષ્.૩

અર્થ.

"(ઓ અહુરમઝદ! તેં નહી તો) કોણે બેટાને આવાજ સાંભલતાંજ બાપ તરફ અદબથી પ્યાર બતાવતો કીધોછે ?"

"પોતાનાં માબાપ તરફ તાબેદાર, (તેઓનું કહેણું) સાંભલનાર, અને (તેઓના) હુકમો માનનાર થજે."

---

૧ રવાયત; ગ્યાવક્ષ નામું, સફે ૩—૪, શ્લોક ૨૬—૩૧.

૨ યજશ્ને ૪૪ ફ૦ ૭. ૩ આદરબાદનું પંદનામું ફ૦ ૯૦.

એક ગૃહસ્થના બાગમાં ઝાડોપર ઘણાં સારાં ફલ લટકતાં હતાં. એક દિવસે તે ફલ કેટલાએક છોકરાઓની નજરે પડયાં ત્યારે તેઓ તે ગૃહસ્થના દીકરાને ઉશ્કેરવા લાગ્યા કે "આ ફલો તમે તોડો તો ખાવાની કેવી મજાહ પડે! પણ તેણે જવાબ દીધો કે મારા બાપે મને હુકમ કીધો છે. કે મારે ઝાડને અડકવું નહી; ત્યારે હું તે શી રીતે લઉં? તેઓ બોલ્યા કે ભાઈ, બીહોછો શું કામ? તમારા બાપને કયાં ખબર પડવાની હતી? અને જો ખબર પડે તોપણ તે એવો માયાલુ છે કે તમને કાંઈ કહેશે નહીં. પેલો ફરમાં-બરદાર છોકરો બોલ્યો—"તમે કહોછો તેજ કારણ માટે મારે ફલ લેવાં નહીં જોઈએ. મારા બાપ મને દુઃખ નહી દેશે એ વાત ખરી; પણ તેમના કહ્યા પ્રમાણે હું નહી ચાલું તો તેમને ઘણું દુઃખ લાગશે. એટલુંજ નહી પણ તેમનો હુકમ નહી માનવાથી તેમને જે માઠું લાગશે તેથી મને બહુ દુઃખ થશે."

કેવો સદગુણી અને કહ્યાગરો છોકરો! કે જે પોતાના બાપને એટલો બધો ખુશી રાખવા ચાહેછે કે તે બાપ તેને માફ કરશે એમ જાણેછે તે છતાં તેને નાખુશ કરવા માંગતો નથી. વળી કેવો ઉંચા ખવાસનો છોકરો! કે જે પોતાના બાપ તરફ એટલું માન ધરાવેછે કે તેનો હુકમ તોડવાથી તે નાખુશ થશે એટલું વિચારતાંજ એ છોકરાનું દિલ દુખાયછે.

છોકરાંઓએ યાદ રાખવું કે માબાપ તો હમેશાં પોતાનાં બચ્ચાં તરફ કુદરતીજ હેત રાખેછે તેથી તેઓની કસુરોને દરગુજર કરેછે. પણ માબાપના હુકમ તોડવાથી તેઓનાં દિલ દુખાશે અને તેથી બચ્ચાંને પોતાને પસ્તાવું પડશે એમ સમજીને તેમના હુકમને માન આપીને ચાલવું એ બચ્ચાં-ઓની ફરજ છે.

માણસની તકસીર બે જાતની હોયછે—અજાણતાં થયલી અને જાણી જોઇને કીધેલી. એક તકસીર અજાણતાં થઇ હોય તો હશે ભુલ થઇ, એમ તે માફ થઇ શકેછે. પણ જાણી જોઇને કીધેલી તકસીર તો બેશક અપરાધજ ગણાયછે. જેમ કે કાંઇ કામ કરતાં આપણે હાથે એક કાચનું વાસણ ભાગે તો આપણાં માબાપ તે વિષે જરજો ખ્યાલ કરે નહી. પણ જો આપણે બેદરકારીથી અથવા જાણી જોઇને તે વાસણ ભાંગીએ તો માબાપની નજરમાં તે અપરાધ ઠરશે. વલી જો માબાપે ખાસ તાકીદ કીધી હોય કે તે સંભાળીને વાપરવું અને ભાગવા દેવું નહી તે છતાં જો આપણે હાથે તે જાણી જોઇને ભાગવા દઇએ તો આપણો ગુનાહ ઘણોજ ભારી ઠરે.

માબાપ કરતાં ખુદાનો દરજજો અતિઘણો ચહડતો છે. માટે માબાપે એક હુકમ આપ્યો હોય તે તોડવાથી જે ગુનાહ લાગે તે કરતાં ખુદાનો હુકમ તોડવાનો ગુનાહ વધારે મોહટો જાણવો. તે સાહેબને આપણે આપણા વિચાર, સખુન, અને કામોનો એક દહાડે હિસાબ આપવાનો છે. માટે તેની નજરમાં અપરાધ ઠરે એવી રીતે તે સાહેબના હુકમોથી ઉલટું કાંઇબી વિચારવું, બોલવું, અથવા કરવું નહી.

હરિગીત છંદ.

માબાપનો, ઉસ્તાદનો, વડીએલનો, રાજાતણો,
માનો હુકમ, વળી સર્વથી પરમેશનો તો દશગણો.

પાઠ ૭ મો.

એક નીમકહરામ છોકરાની વાત.

[illegible]

[illegible]

[illegible]

[illegible]

મા આઝારયોઇષ્ ઝરથુષ્ત્ર પોઉ્રૂષસ્પેમ્ મા દુઘ્ધૂમ્[1].

કો પેદ્ ઉ માદ્ ન-ખુષ્નૂદ્ બેદ્ હર્ગીઝ્ વહેશ્ત્ ન વીનેદ્.[2]

અર્થ.

"ઓ જરતોસ્ત! (તારા બાપ) પોઉરૂશસ્પને અને (તારી મા) દોગદોને આજુરદા મા કરતો."

"જે માબાપને નાખુશ કરે તે કદી બેહેશત નહી પામે."

એક શખ્શનો એકજ દીકરો હતો, જેને તે બહુ ચહાતો હતો. પણ જ્યારે તે દીકરો મોહટો થયો અને કામ ધંધો કરીને કમાતો થયો ત્યારે તેણે તેના જઈફ બાપપર કસો આહ રાખ્યો નહી તથા તેનું પાલણ પોષણ કર્યું નહી અને તેને પોતાનાં ઘરમાંથી કહાડી મુકવા બેઠો. તે જઈફ બાપે તેના બહુ કાલાવાલા કીધા અને જ્યારે તે નહાનો હતો ત્યારે તેને કેવો સુખમાં ઉછેર્યો હતો તેની યાદ આપી.

---

૧ હાદોખ્ત નુસકમાંથી, સદદર—બાબ ૪૨.

૨ બનામે હોરમઝદ નામની પાજંદ સેતાયશ.

પણ તે નીમકહરામ બેટાએ તેનું કાંઇ સાંભળ્યું નહી અને તેની આગળથી ચાલી ગયો.

તે દીકરાને ઘેર એક દીકરો હતો. માટે નાચાર થઇને તે જઇફ મરદે પોતાના તે પૌત્રને કહ્યું "જા ભાઇ, મારાં બીછાનાંપરની ચાદર લાવ કે હું રસ્તાની કોરે બેસીને ભીખ માગું." તે છોકરાએ બપાવાની દયા આણીને રડવા માંડયું અને ચાદર લેવા દોડતો ગયો. એટલામાં તેને તેનો બાપ સામે મળ્યો. છોકરાએ તેને કહ્યું "હું મારા મોટાબાવાની ચાદર લેવા જાઉછું. કેમકે તે ઓઢીને તે ભીખ માંગવા જાયછે." થોડી વાર પછી તે ચાદર લઇને તેના બાપ પાસે ગયો અને કહ્યું "બાવા, આ ચાદરને વચ્ચેથી ફાડો. એમાંથી મોટાબાવાને વાસ્તે અરધી ચાલશે અને જયારે હું મોટો થઇશ અને ઘરમાંથી તમને કહાડી મેલીશ ત્યારે કદાચ બીજી અરધી તમુને આપવા કામ લાગશે."

આ વાત સાંભળીને તેનો બાપ ઘણો શરમીંદો થયો અને મનમાં બહુ ગભરાઇને પશ્ચાતાપ કરતો પોતાના બાપ પાસે જઇને માફ માંગવા લાગો. પછી તેનાં મરણ સુધી તેપર ઘણું હેત રાખ્યું અને તેનું પાલણ પોષણ કીધું.

આ વાત ઉપરથી દરએક જણે નસીહત લેવી કે જેવી ખરાબ ચાલ તે તેનાં માબાપ શાથે ચલાવતું હશે તેવીજ ખરાબ ચાલ જો તેનાં બચ્ચાં તેની સાથે ચલાવશે અને તે વખતે જો તે ફરીઆદ કરશે તો તેને ઘણું વજન મલશે નહી. બલકે તેઓએ ચલાવેલી ખરાબ ચાલ ખુદાના ગેબી હાથે તેને કીધેલી સજા તરીકે ગણાશે. માટે જેઓ પોતાનાં બચ્ચાંથી પોતા તરફ સારી ચાલની આશા રાખતાં હોય તેઓએ તેઓને દાખલો આપવા સારૂ પોતાનાં માબાપ સાથે સારી ચાલ ચલાવવી. પોતાને ખાતરજ નહી પણ માબાપ

તરફ નિમકહરામ થવાની બદી દુનીઆમાંથી દૂર થાય એટલા માટે જેઓ માબાપ તરફ નીમકહરામ અને બેદરકાર થાય તેઓ તરફ ખુલ્લો ધિક્કાર બતાવવો.

હરિગીત છંદ.

ધિક્કાર તે ફરજંદને, જેથી દુઃખી માબાપ છે.
ફરજંદ નહિ તે દિલપસંદ, પણ જેમ ઝેરી સાપ છે.

પાઠ ૮ મો.

બોલવા અગાઉ વિચાર કરવો.

[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]

ઉખ્ધેમ્ સીરેમ્ પઇરિખ્તેમ્.[1]

કાચે એ તહી અવેચેમ્ ઓ કાચે ઝનેદ્ અયાવ્ હર્ઝ્ અવારૂનચિ મદે ગુયેદ્.[2]

---

૧ ઝંદ-પેહલવી ફરહંગ; બાબ ૩ જો. ૨ દીનકર્દ.

સખુને તેઝ્ પ નગીરન્દ ગુઇ, ચે સખુન્ હસ્ત ઓફતન્ વેહ્ ઉ હસ્ત્ પાદન્.[૧]

તુંદ્ ઉ હર્ઝે-ગવઅન મ બાષ્, ચે તુંદ્ ઉ હર્ઝે-ગવઅન મર્દુમ્ ઓઇન-હુમાના ચેગુન્ આતશ્ કે અંદર્ બેશેસ્તાન્ ઓફતેદ્ હમા મોરૂ ઉ માહી બોજેદ્.[૨]

અર્થ.

"(પુખ્ત વિચારે) તપાસીને કહેલું શોભા ભરેલું (છે)."

"વગર સમજે હોઠ ફફડાવે અથવા બેહુદું અને નઠારૂં જે (મોહમાં) આવે તે બોલે (તે એક ગુનાહ છે)."

"સખત શબ્દો જોઇ તપાસીને વાપડજો, કારણ કે (સખત) સખુન બોલવો કોઇ વખતે સારો છે. અને કોઇ વખતે મુગું રહેવું સારૂં છે."

"આકરો અને બેહુદું બોલનાર મા થતો. કેમકે આકરૂં અને વગર વિચારે બોલનારૂં માણસ ઝાડીનાં જંગલમાં સલગી ઉઠેલા આતશ જેવું છે કે જે બધાં નાના પ્રકારનાં જીવજંતુઓને બાલી મુકેછે."

વિચાર કીધા વગર કાંઇબી બોલી ઉઠવું નહી. કેમકે ઘણી વખતે એવું બનેછે કે વગર વિચારે બોલવાથી કોઇને માઠું લાગેછે, અને આપણા અથવા બીજાના હકમાં નુકસાન થાયછે. ઘણી વખતે વગર વિચારે બોલેલું ખોટું પડેછે અથવા સાંભલનારને પસંદ પડતું નથી તો તેથી તે બોલનારની આબરૂ જાયછે. માટે જે કાંઇ બોલવું તે વિચાર કરીને "સાચું, નમનતાઈ ભરેલું, પ્રિય, અને ભલું કરે એવું

૧ આદરબાદનું પંદનામું ક૦ ૫૮.

૨ આદરબાદનું પંદનામું ક૦ ૯૩.

બોલવું. આપવડાઈ અને પરનિંદા તજવી." "સોનાં, રૂપાં, અને હીરા મોતીનાં ઘરેણાંથી, અથવા સુંદર પોશાક અને સુગંધીઓથી, અથવા માથાંના બાલ શોભીતા કરવાથી માણસ જેટલું શોભતું નથી તેટલું તે સારી વાણીથી શોભેછે. શરીરના બધા સણગારની શોભા ખરી અને હમેશાં રહેનારી નથી; પણ વાણી રૂપી સણગાર તે ખરો સણગાર છે."

ખુદાએતાલાએ બીજાં પ્રાણીઓ સાથ સરખાવતાં માણસ ઉપર જે વિશેષ બક્ષેષો કીધીછે તેઓમાંની એક તેની બોલવાની શક્તિ છે. જો એ બક્ષેષ ખાસ તથા ઘણી ચહડતી કીમતની છે તો તેનો ઉપયોગબી ઘણી સંભાળથી કરવાની તેની ફરજછે. અને તેનો સંભાલથી ઉપયોગ ત્યારેજ કીધેલો કહેવાય કે જ્યારે બોલવા અગાઉ પુરતો વિચાર કરવામાં આવે કે જેથી તે બોલેલું 'હૂખ્ત' એટલે નેક બોલેલું ગણાય અને 'દુજ્હૂખ્ત' એટલે બદ બોલેલું નહી ગણાય.

"એકવાર કેટલાએક હિંદુસ્થાનના પંડીતો નોશીરવાને આદેલના વડા વજીર બુઝરચેમેહેરના ગુણદોષોનું વિવેચન કરતા હતા. તેઓએ નિશ્ચિત કીધું કે એ મહાન પુરૂષમાં એકજ ખામીછે, તે એકે એ દાના મરદ બોલવામાં બહુ ઢીલ કરેછે, તેથી સાંભલનારને ઘણો વાર થોભવું પડેછે. આ વાત બુઝરચેમેહેરનાં સાંભલવામાં આવી ત્યારે તેણે પોતાની તે આદતનો એવો બચાવ કીધો કે શું બોલવું તે વિષે વિચાર કરવો, એ હું ક્યાં ને ક્યાં બોલ્યો એમ પસ્તાવો ખાવા કરતાં બેહતર છે. ડાહ્યાં અને અનુભવી માણસો વગર વિચારે કાંઈ બોલતાં નથી. વિચાર કરીને બોલવામાં કાંઈએક વખત લાગેછે ખરો પણ તેની શી ચિંતા છે? વિચારીને બોલો અને સાંભલનાર બોલવાનું બસ કરવા કહે

તે અગાઉ તમે બજ કરો. વાચાને લીધે માણસ પશુથી સરસ ગણાયછે. પણ માણસ જો સારૂં નહી બોલે તો તે કરતાં મુગાં પશુ ભલાં."

વિચારીને બોલવામાં કાંઈ ઘણો વખત જતો નથી અને જે વખત લાગેછે તે કાંઈ ફોકટ ગુમાતો નથી. પણ વિચારીને બોલતાં જે સારૂં વચન બોલાયછે તેથી તેમાં લાગેલા વખતનો બદલો વલી રહેછે. વિચારીને બોલતાં જોકે કાંઈએક વખત લાગેછે તોપણ વગર વિચારે બોલવા પછી જે ઘણો એક વખત ગુમાવવો પડે તે કરતાં વિચારીને બોલવામાં વખત લીધેલો બેહતર છે. વિચારીને સખુનો ઓચરવામાં કાંઈ ખરચ થતો નથી, પણ તેનો નફો અતિશય મલેછે.

જેમ વિચારીને બોલવું તેમજ વિચારીને લખવું પણ ગુણગારૂંછે. "હેરાત અને નીશાપુર એ બે શેહેરો વચ્ચે આવેલાં જુજન નામનાં એક શેહેરના એક પાદશાહનો એક વજીર હમેશાં સર્વનાં મોંહપર તેમજ પીઠ પછવાડે સારા સખુનો બોલતો હતો. એકવાર પાદશાહની તેની ઉપર ઇતિરાજી થવાથી તેણે તેને કેદખાને મોકલ્યો. ત્યાં તેની આગલી અશરાફીને લીધે તેના ચોકીદારો અને દારોગાઓ જ્યારે બીજા કેદીઓ તરફ સખતાઈ વાપડતા હતા ત્યારે તેની તરફ માન અને હેતથી વર્તતા હતા. પડોસના એક પાદશાહે તે વજીરને છુપું કાગજ લખ્યું અને તેમાં જો તે તેને ત્યાં નાહસી આવે તો વધારે મોહટો ઓહ્દો આપવા જણાવ્યું. પણ તે વજીરે તેજ કાગલની પુઠે પુરતો વિચાર કરીને સારા સખુનોમાં પોતાના પાદશાહ તરફની પોતાની વફાદારી રાખવાનો ઠરાવ લખી જણાવ્યો. તે કાગજ કોઈ કારણથી જુજનના પાદશાહના હાથમાં આવ્યું. તેમાં લખેલા સારા શબ્દો વાંચીને તે પાદશાહે તેને કેદમાંથી છુટો કીધો અને તેનીથી માફ માગી."

પાઠ ૯ મો.

ભાંડુઓ વચ્ચે પ્યાર.

[illegible]

[illegible]

[illegible]

અજ હર આઇન વનાહ કે મન અંદર.... બેરાદરાં ઉ ખાહરાં....જસ્ત....પ પતેત હોમ.[1]

અર્થ.

"ભાઇઓ અને બહેનો તરફ હર તરેહની તકસીર મારીથી થઇ હોય તેનો પસ્તાવો કરૂંછું."

છોકરાંઓની ફરજ છે કે પોતપોતાનાં ભાઈ બહેનો સાથે પ્યારથી હલી મલીને રહેવું. એથી ખુદાએતાલા, માબાપ, અને આસપાસનાં સર્વે ખુશ થાયછે. નહાનપણથી બંધાએલો ભાંડુઓનો પ્યાર મોટપણમાં ભી રહેછે અને તેથી તેઓનાં ખાનદાનને ઇજ્જત મલેછે. જે ઘરમાં ભાઈ બહેનો સંપીને રહેછે તે ઘરમાં હમેશાં ખુશાલી રહેછે. એથી ઉલટું જ્યાં ભાંડુઓ પોતપોતામાં કંકાસ કરેછે ત્યાં ઘણું દુઃખ અને સંતાપ થાયછે.

જુઓ! પક્ષીના માલામાં નાનાં બચ્ચાં કેવાં સંપથી રહેછે! મેંઢાં અને બકરીનાં બચ્ચાં કેવાં નિર્દોષપણે એક બીજાં સાથે ગેલ કરેછે! જ્યારે ઉતરતાં જાનવરોનાં બચ્ચાં એક બીજાં સાથ પ્યારથી સંપીને રહેછે ત્યારે જો માણસ

---

૧ પતેત ઈરાની.

જેવાં અક્કલમંદ પ્રાણીઓનાં બચ્ચાં પ્યાર અને સંપથી ઘરમાં ન રહે તો તેઓ જાનવરો કરતાંબી નબેતર છે.

પ્યાર અને હેત, મમતા અને મેહેર, સર્વે ધર્મોમાં ફરમાવેલાંછે. જો એક ધર્મી માણસ તરીકે સર્વે માણસો ઉપર પ્યાર રાખવાની આપણી ફરજ છે તો પોતાનાં ભાઈ બહેનો ઉપર તો વધારે પ્યાર રાખવાની આપણી ફરજ છે. માટે ભાઈ બહેનોએ એક બીજાની અદેખી કરવી નહી, કડવા સખુનો કહેવા નહી, અને ગીબત કરવી નહી. જેવું પોતાને વિષે સારૂં ઇચ્છવું તેવુંજ પોતાનાં ભાંડુઓનુંબી સારૂં ઇચ્છવું; જેવો પોતા ઉપર પ્યાર રાખવો તેવોજ તેઓની ઉપરબી રાખવો: એ સર્વે છોકરાંઓની ફરજ છે. આપણે જરથોસ્તી થઈને ભાઈ બહેનો તરફ ખરાબ વર્તણુક ચલાવવી નહી જોઈએ. પતેતમાં એ કામને ગુનાહ ભરેલું ગણેલું છે જે ગથાલે ગ્રંથેલા સખુનો ઉપરથી ખુલ્લું જણાયછે.

હરિગીત છંદ.

છે ખુદાનો બાગ દુનીઆ. ઝાડ માણસ જાત છે:
ફૂલ નાનાં બાલકો. ભૂલોકમાં પ્રખ્યાત છે.
ફૂલ કયારામાં હસે ત્યમ. બાલકો, પ્રેમે વસો;
જેમ કાંટા વીંધવા તઈઆર. કમ્મર મા કસો.
ફૂલ ખુશબો પાંથરી લેહકી સુગંધીથી ભરે—
તેમ ખુશ કરજો સહૂને. છોકરાં. પ્રેમે ખરે.
જેમ શોભે બાગ ફૂલે તેમ કુલ શોભાવજો:
સ્નેહ સાંધે સહુ જણાં સંસારપટ સંધાવજો.
તન તણા જયમ અવયવો ત્યમ કુલતણાં ભાંડુ જણો—
એકનાં સુખ દુઃખથી સુખ દુઃખ બીજાંનાં ગણો.

બાલપણમાં શોભતો ગુણ ભાંડુઓનો પ્રેમ છે;
મોટપણમાંબી વલી એથીજ સહુને ક્ષેમ છે.
ભાંડુઓને ચાહી રાજી સર્વને જગમાં કરો;
જો ખુદાને ચાહો તો સહુ સાથ પ્રેમે આચરો.[૧]

પાઠ ૧૦ મો.

"હોશબામ" અથવા બામદાદ વખતની બંદગી.

[illegible]

[illegible]

ઉસેહિશ્તત મશ્યાક સ્તઓત અષેમ યત વહિશ્તેમ નિસ્ત દએવ.[૨]

અર્થ.

"ઉઠો, માણસો! ઉતમ અશોઇને વખાણો અને દેવો (ખરાબીઓ) ને ધિક્કારો."

પુરાતન ઇરાનીઓમાં એવો ચાલ હતો કે નાહનાં મોહટાં સર્વે જણ સહવાર પડવા અગાઉ બીછાણેથી ઉઠી મોહડું હાથ ધોઇને ખુદાની બંદગીમાં મશગુલ થતાં હતાં. તેઓ બામદાદ વખતે દુઆ માંગવાને જે બંદગી કરતાં હતાં તેને "હોશબામ" કરી કહેછે. તેનો સારાંશ નીચે પ્રમાણે છે:—

"ઓ દાદાર અહુરમઝદ! જ્યારે આ મારી ઉપર ખરાબ હુમલો થાય ત્યારે તું શિવાય મને બચાવનાર કોણછે? તારી

---

૧ પતેત પશેમાની કરદો ૮ મો.   ૨ વંદીદાદ ૧૮ ફ૦ ૧૬.

દીનના પાક સુખુનો સમજવાની મને દાનાઈ બખ્શ. તમામ બદી દૂર અને દફે થજો! બામદાદનાં સુંદર ઝઝકલાંને નમસ્કાર કરૂંછું કે હવે હું દાદાર અહુરમઝદ અને બીજાં સર્વે ભલાંઓની કીર્તિ વધારવાને અને બુરાઈઓને મારી હઠાડવાને કામે લાગુંછું. હું દુઆ માંગુછું કે સર્વે ભલા નરો અને નારીઓને આબાદી અને ચહડતી કલા થાઓ અને તે કાયમ રહો! કુદરતની સર્વે ભલી પેદાયશો, પાણી, ઝાડપાણો, ગોસફંદો, વગેરે સુધાં સુખશાંતિ ભરેલાં થાઓ! કે જેથી કરીને ભલી ચીજોની ઉઆદત થાય અને તેઓ અહુરમઝદની કીર્તિ વધારવામાં અને બદીનો અટકાવ કરવામાં કામ લાગે. ઓ દાદાર અહુરમઝદ! તમામ ભલી પેદાયશો ઉપર તારી પાદશાહી કાયમ રહો! ભલાંઓ શક્તિવાન થાઓ! બુરાંઓ અશક્ત થાઓ! ઘર, મોહોલ્લા, ગામ, અને શેહેરમાં માજદયસ્ની જરથોસ્તી દીનની રાહે નેક વિચારો, નેક વાણીઓ, અને નેક કામો ઘણાં થાઓ! કે જેથી કરીને અમારાં મન ખુશી ભરેલાં, તન દરૂસ્તીવાળાં, અને રવાન ગુજરવા પછી બેહસ્તમાં પોંહોચવા લાયકનાં થાય. ઓ દાદાર અહુરમઝદ! અમે આટલુંજ માંગીએ છીયે કે અમે ઉત્તમ રાસ્તીની મારફતે તારી હજુરમાં પોંહચીએ અને હમેશાં તારી રાહ ઉપર ચાલતાં રહીએ."

જરથોસ્તી છોકરાંઓ! જો તમે આપણા ન્યાગાનો પ્રમાણે બામદાદ થવા અગાઉ પથારીમાંથી ઉઠી મોહડું હાથ ધોઈને અથવા નાહી કપડાં બદલીને ઉપર કહેલી હોશબામની બંદગીના સારાંશ પ્રમાણે બંદગી કરતાં રહેશો અને આખો દિવસ તે યાદ રાખીને તે પ્રમાણે પોતાના વિચાર, વાણી, અને કામોમાં અમલ કરશો તો તેથી બેશક તમુને ઘણા ફાયદા થશે; પાક દાદાર અહુરમઝદ તમારીથી બહુ રાજી

થશે; અને તે સાહેબ ઉપર કહ્યા પ્રમાણે તમારાં મન ખુશી ભરેલાં, તમારાં તન દરૂસ્તી ભરેલાં, અને તમારા આત્માઓ પવિત્રાઈ ભરેલા રાખશે.

બએત.

બાંગ મરઘાની પુકારે બામદાદ—
"માનવી! કિર્તારની કર ઝટ યાદ."
પંખી ઝાડે, માછી જળમાં, મસ્ત છે
સિફત ગાવામાં ખુદાની ખેંચી નાદ.
જીવજંતુ, ગાય ઢોરો, ઝાડપાન,
તે ખુદાની યાદમાં દિલથી છે શાદ.
છે શરમ તુજને ખુદાનો ખાસ તૂં
જો રહે ખામૂશ, વિસરી તેની યાદ.

પાઠ ૧૧ મો.

કરજના અવગુણ.

[illegible]

અઝ્ વદ-ગોહર્ મર્દ્ ઉ વદ્-તોખ્મ્ મર્દ્ અવામ્ મ સતાની ઉ મ દેહ્. ચે વક્ષે ગેરાન્ આવાયદ્ દાદન્.

ઉહર્ ગાહ્ પ દરે તો એસ્તેદ્. ઉ હમેષે પેદામ્બર્ પ દરે તો દારેદ્. અવત્ ઝીઆને ગેરાન્ અઝષ્ બેદ્.[૧]

અર્થ.

"બદ ખાસીઅતના અને બદ તોખમના મરદથી (કાંઇ) કરજે લેતોબી મા અને આપતોબી મા. કેમકે ભારી વ્યાજ આપવું પડશે અને હર વખત તારે બારણે તે ઉભો રહેશે. અને હમેશ ઉઘરાણી કરનારને તારે બારણે મોકલશે. તેથી તુને ઘણું નુકસાન થશે."

આપણા ઇરાની વ્યાગાનોમાં કરજ કરવાનો બહુ ધિક્કાર હતો. કારણ કે તેઓ માનતા હતા કે તેથી કેટલીકવાર જુઠું બોલવાની ફરજ પડેછે.[૨] ખરૂં છે કે કરજ કરવાથી કેટલાએક દુર્ગુણોને અને તે નહી કરવાથી કેટલાએક સદગુણોને ઉત્તેજન મલેછે. જે ચીજ વગર આપણે કામ ચલાવી શકીએ તે ચીજ ઉધાર લઇને કરજદાર થવું એ બહુ ખોટું અને ઠપકા લાયક છે. કરજ કરવાથી આપણે મન મારવાની તથા સંતોષ રાખવાની નીતિથી ઉલટી ચાલ ચલાવીએ છઇએ, તે પાછું આપવાને ખરા ખોટા વાયદા કરવા પડેછે, અને જો વાયદા ખોટા પડેછે તો જુઠું બોલવાનો ગુનાહ લાગેછે તથા આપણી આંટ અને આબરૂ જાયછે. કરજ કરનાર જેની પાસેથી કાંઇ લેછે તેનો ઓશીઆલો રહેછે. જો કોઈ એવું ભારી કરજ કરે કે જે અદા કરવાનું મુશકેલ અથવા અશકય થઇ પડે તો તે કામ એક મોહટા ગુનાહનું છે.

છોકરાંઓએ કદીબી કોઇ ચીજ ઉધાર લઇને કરજ કરવું નહી. કેમકે તેઓને જોઇતી સઘલી ચીજો તેઓનાં

---

૧ આદરબાદનું પંદનામું, ફ૦ ૨૩ મો. ૨ હીરોડોટસ.

માબાપ અથવા વાલીથી પુરી પાડવામાં આવેછે. બચપણમાં ઉધાર લેવાની ટેવ પડવાથી મોટપણમાંબી બેજા ખરચો કરવાની અને કરજ વધારવાની ટેવ રહી જાયછે તેથી અંતે ઘણું ખમવું પડેછે. જે ચીજ લેવાની મનમાં ખાહેશ થાય તે પુરી પાડવાનું નાણું જો આપણી પાસે નહીં હોયતો કદીબી ઉધાર લઇને તે ખાહેશ પુરી પાડવી નહીં. પણ ઇચ્છા થાય તે વખતે મન મારવું. મન મારવું એ બેશક મોહટી બહાદુરીનું કામ છે. અને છોકરાંઓએ બચપણથી એ ગુણ અખત્યાર કરવાથી આગલ જતાં તેઓને ઘણા ફાયદા થશે.

માંથે કરજ હોવાથી મનમાં તેનો વિચાર હમેશાં ભમ્યા કરેછે અને તેથી કામકાજમાં બરાબર ધ્યાન રખાતું નથી. મોજ શોખની વસ્તુઓ બલકે જરૂરની વસ્તુઓ વેચાતી લેવામાંબી મન મારવું જોઇએ. કેમકે એક ચીજ વગર ચલાવીએ તે પરવડે પણ તેને માટે કરજ કરીએ તેથી મનપર જે બોજો રહે તે પરવડે નહી. કહેવતછે કે "કોઠીએ કણ ભરવા શું માંથે ઋણ ધરવું ?" કોઇ ચીજ ઘણી સસ્તી મલી જતી હોય તોબી તે કરજ કરીને વેચાતી લેવી નહી. કેમકે આજે એક તો કાલે બીજું એમ ધીમે ધીમે કરજ વધારવાની ટેવ પડેછે. ઇંગ્લીશ કવિ કાઉપર તેના ધંધાને સર જરૂર વાંચવી જોઇએ તેવી ચોપડીઓ વડીક વેચાતી લેવાને કરજ નહી કરતો હતો. જો તેને કોઈ મિત્ર સોડેથી જોઇતી ચોપડી મલે તો તે વાંચતો હતો.

જેઓને કરજ કરવાની ટેવ પડી જાયછે તેઓ કદી બીજાંઓને ઉપયોગી થઇ શકતાં નથી. કેમકે તેઓ પોતાનાંજ કરજના બોજા તલેથી નીકલતાં નથી તો બીજાંઓને તે ક્યાંથી મદદ કરી શકે? કરજ કરવું અને ગુલામ થવું બરાબર છે. જે કોઈ છુટાપણું ભોગવવા ચાહે તેણે

આપણા ઇરાની ન્યાગાનોની માફક કદી કરજ કરવું નહી અને બને ત્યાં લગી કરજ કરવાથી દૂર રહેવું. અંગ્રેજીમાં કહેવતછે કે "બીજે દહાડે કરજદાર ઉઠવા કરતાં ખાધા વગર સુવું ભલું."

"કેટલાએક ફીલસુફોની એક ટોલીએ એક મોદી પાસેથી ઉધાર સોદો લીધો હતો. તેનું માંગતું અપાતાં વિલંબ લાગવાથી તે દરરોજ ઉઘરાણી કરવા આવતો અને તેઓને હલકા શબ્દો કહેતો તેથી તે વિદ્વાનોનાં દિલ બહુ જખમી થતાં હતાં. પણ તેના તાણા મેણાં સાંખી જવા શિવાય તેઓનો બીજો ઉપાય નહી હતો. તેઓમાં એક નીતિવાન હતો. તેણે હસીને કહ્યું કે 'મોજ મારવાની ઇચ્છા થાય ત્યારે મનને વાયદા દેવા તે સહેલું છે કે મોદીનું કરજ કરીને તેને નાણાંના વાયદા દેવા તે? મહોટા લોકો તરફથી બખશેશ મેલવવાની લાલચ નહી કરવી તે બેહતરછે કે તેઓને ઘેર જઈને તેઓના નોકરોથી અપમાન ખમવું અને તેઓના ઓશીઆલા રહેવું તે? ગોશત ખાધા વગર રહેવું તે બેહતર છે કે ખાટકીની ચાંપતી ઉઘરાણીનું અપમાન ખમવું તે?'"

દોહરા.

કરજદાર મુખ તેજ નહી, કરજદાર દિલ દુઃખ;
કરજ થકી રહે દૂર જે, તેના જીવને સુખ.
પૂર્વ કાળ ઇરાનમાં, કરે કરજ નહી કોય;
તે સદ્‌ગુણ ધારણ કરે. ખરો પારસી હોય.

પાઠ ૧૨ મો.

ખોટો લોભ.

[illegible]

આઝ-કામી મ બર.[1]

અર્થ.

"ખોટો લોભ મા રાખ."

ખોટો લોભ એક મોહટા દુર્ગુણ છે. તેથી ઘણા ગેરફાયદા અને દુઃખો થાયછે. તેથી માણસ પોતાનાં સુખ તથા આબરૂનો નાશ કરેછે. કેટલીએક વખતે તેથી ગુસ્સો અને અદાવત પેદા થાયછે જેનાં પરિણામો બહુ માઠાં નીપજેછે. પારધીએ પાંથરેલી જાલમાંના દાણા ખાવાના ખોટા લોભથી અવિચારી પક્ષી તેમાં ફસી પડેછે. માછીમારની આંકડીમાં ખાવાની લાલચે માછલી ફસેછે અને પોતાનો પ્યારો જીવ ખોયછે. માટે એવા એવા દાખલાઓથી નસીહત પકડીને ખોટો લોભ કદી કરવો નહી.

ડાહ્યાં માણસનાં મન ઉપર જ્યારે ખોટા લોભનો પરદો ફરી વલેછે ત્યારે તેની અક્કલ ગુમ થઈ જાયછે અને જે કામ તેણે નહી કરવું જોઇએ તે કામ કરવાની નીચ પંક્તિએ તે ઉતરેછે. ખોટા લોભનું ઝેર એવું તો ખરાબ છે કે તેથી મન અને જીંદગી બેહુ ખરાબ થઇ જાયછે. તેથી ખોટા અને પાપી વિચારો ઉત્પન્ન થાયછે, જુઠું બોલાયછે, અને ઘણાંએક બદ કામો કરવામાં આવેછે. ઘણાખરા કજીઆ ટંટા ખોટા લોભને લીધેજ થાયછે.

જેટલું મેલવવાની આપણી શક્તિ હોય અને જેટલું મેલવવું આપણને સજાવાર હોએ તેથી વધારે મેલવવાનો

---

૧ લગનના આશીરવાદ.

લોભ કરવો એ ઘણું ખરાબ છે. એથી ખુદા કે માણસ ખુશ નથી, ઘણી જેહમત ખેંચવી પડેછે, ઘણીવાર કાંઈ ફલ મલતું નથી, અને સામણી આબરૂ જાયછે. જો તમે ફરાગત, સુખ, અને આબરૂ સાચવી રાખવા માંગતાં હોવો તો ઘટતું મેલવીને સંતોષી થજો; પણ જો ચિંતા, દુઃખ, અને બેઆબરૂઈ મેલવવા ચહાતાં હોવો તો મહા લોભી થજો. ખોટા અથવા અતિ લોભથી હદથી જીઆદા કાંઈબી મેલવવા જતાં દુઃખી થવું તેમાં શું ફાયદો ? સઘલા પરહેજગાર અને અશો માણસો હમેશાં ખોટા લોભથી દૂર રહેતા આવ્યાછે. ખોટો લોભ કરવાથી આપણું મન ઈશ્વરભક્તિ અને નેકીનાં કામો કરવાથી પાછું હઠેછે. તમને જે ચીજનો લોભ રાખવો ઘટેછે તે માત્ર ભલાઈ કરવાનોજ છે.

દો હ રા.

ઘટિત લોભથી યત્ન કર—મલશે લાયક ચીજ.
અમર્યાદ લોભે ફસી, કાં તુંજ ખોય પતીજ ?
રાખ ભરોશો ઈશપર, નવ કર લોભ અપાર.
અતિ લોભ પાપી કરે, એ શિખ હૈડે ધાર.
અશો જરાથોસ્ત પાક જે, અતિ લોભથી દૂર—
તેથી હાર્યા દુષ્ટ જન, કહી ખરો "પુરનૂર !"[૧]
અતિ લોભ છોડી[૨] ખરે, અશો જરાથોસ્ત પાક
નામ અમર મુકી ગયા;—દોલત મલતે ખાક.
અતિ લોભથી દૂર અશો, ફસે પાશ દરવંદ.
"અતિ લોભ છે દેવથી," કહે અવસ્તા ઝંદ.[૩]

---

૧ વંદીદાદ ૧૯, ફ૦ ૩. "પોઉરૂખરેનંઘ્હો અષવ ઝરથુષ્ત્રો."

૨ વંદીદાદ ૧૯, ફ૦ ૬—૭.

૩ અવસ્તા ભાષામાં "આઝિશ્ દએવો-દાતો," (દેવો એટલે બુરાઓનો કીધેલો લોભ).

પાઠ ૧૩ મો.

શિક્ષકનો બુલંદ દરજ્જો.

[illegible]
[illegible]
[illegible]
[illegible]

અત્ હ્વો વઙ્હેઉષ્ વહ્યો ના અઇબી જમ્યાત્
યે નાઓ એરેઝૂષ્ સવઙ્હો પથો સીષોઇત્
અહ્યા અઙ્હેઉષ્ અસ્ત્વતો મનઙ્હસ્ચા.[1]

અર્થ.

ભલાંથી વધારે ભલું તે મરદ પામો !
જે અમુને ફાયદાના સાચા રસ્તા શીખવે
આ તંનની તથા મનની જીંદગીના.

ઉસ્તાદનો દરજ્જો માબાપ કરતાં ઓછો નથી. માબાપથી આપણને આ દુનીઆમાં જન્મ મલેછે અને પોષણ થાયછે, તેમ ઉસ્તાદથી આપણને આ અને પેલી દુનીઆમાં સુખ આપનારી કેળવણી મલેછે. ઉસ્તાદ સોડે કેળવણી લીધાથી આપણે ખરૂં ખોટું પીછાણવાની, સારે રસ્તે ચાલવાની, અને કુદરતના ભેદોને તથા ખુદાએતાલાને પીછાણવાની શકિત મેલવીએ છઇએ. આ દુનીઆમાં સુખ અને આબરૂ મેલવીએ અને આવતી દુનીઆમાં આપણા આત્માનો છુટકારો મેલવીએ તે વિષેનું બધું જ્ઞાન ઉસ્તાદની

---

૧ યજશને ૪૩ ફ૦ ૩.

ઉત્તમ કેળવણીથી આપણને મળેછે[1] તેથી તે એક લેખે માબાપ સરખો છે.

આપણા પુરાતન ઇરાની વડવાઓનો એવો કાયદો હતો કે બચ્ચપણથી તેઓને તેઓના મોબેદો એટલે કે ભણેલા ધર્મ-ગુરૂઓ કેળવણી આપતા હતા.[2] અને તે કારણથીજ જ્યારે તેઓ કેળવણી લેતા હતા ત્યારે અને ત્યારપછી પોતાની આખી જીંદગીમાં તેઓ તે મોબેદોને સહુથી ચહડતું માન આપતા હતા. પુરાતન હિંદુઓમાં જેઓ પોતાના ગુરૂઓ પાસેથી કેળવણી લેતા હતા તેઓને તેઓ માન આપતા હતા અને તેઓના હુકમમાં રહેતા હતા એટલુંજ નહી પણ તેઓની સેવા ચાકરીનાં કામો‌બી કરતા હતા.

મહાન સીકંદર પાદશાહ પોતાના ઉસ્તાદ અરસ્તાતાલીસને સહુથી વધારે માન આપતો હતો. કોઇએ તે વિષે પૂછ-વાથી તેણે કહ્યું કે એક લેખે માબાપ કરતાંબી ઉસ્તાદનો ઉપ-કાર વધારેછે તેથી તેને વધારે માન આપવું જોઇએ. કારણ કે માબાપતો આ ધરતીપર આપણાં શરીરને જન્મ આપેછે પણ ઉસ્તાદ આપણાં મનને આસમાનની બુલંદીએ પોંહચાડેછે.

કેટલાંએક છોકરાં પોતાના શિક્ષક સાથે ઘણી ખરાબ ચાલ ચલાવેછે, તેનો હુકમ માનતાં નથી, અને હઠીલાઇ કરેછે. જે છોકરાં એમ કરશે તેઓને મોહટ-પણમાં ઘણો પસ્તાવો થશે. શિક્ષકની નાફરમાની કરનારાં-ઓને કેટલો બધો ગેરફાયદો થાયછે તે જુવો ! તેઓની ખરાબ ચાલને લીધે વારેઘડીએ શિક્ષકને તેઓને સજા કરવી પડેછે તેથી પોતાના વર્ગનાં બીજાં છોકરાંઓ આગલ તે છોકરાંઓને નીચું જોવું પડેછે. વારેઘડીએ સજા ખમવાથી તેઓ પોતાની આબરૂ વિષે બેદરકાર થતાં જાયછે અને એવીજ

---

૧ પજાશને ૪૨ ફ૦ ૩. ૨ હીરોડોટસ.

ટેવ મોટપણમાંથી તેઓને રહી જાયછે. માટે છોકરાંઓએ હમેશાં પોતાના શિક્ષકને માન આપવાની અને તેનાં મનમાં પોતા વિષે ઉંચું મત રાખવાની કાલજી રાખવી જોઇએ.

ઘણાખરા મહાન પુરૂષો પોતાના ઉસ્તાદને માન આપનારા, તેઓના હુકમમાં રેહેનારા, અને જીંદગીના છેડા લગી તેઓના ઉપકારી હતા. સોક્રેટીસ નામના મહાન ફીલસુફના ચેલાઓ—પ્લેટો, ઝેનોફોન, વગેરે—જેઓ પાછલથી ઘણા નામાંકીત પુરૂષો થયા હતા તેઓ પોતાના એ ઉસ્તાદને હમેશાં માન આપતા હતા. જ્યારે સોક્રેટીસના દુશ્મનોએ તેની ઉપર જુઠું તહોમત મુકીને તેને ઝેર પાઇને મારી નાખવાની ઓટી સજા કરાવી ત્યારે તેના ચેલાઓ અતિશય દલગીર થયા હતા. આલકીબીયાડીસ નામનો સોક્રેટીસનો એક શિષ્ય હતો. તે જોકે ઘણો ચંચલ, દોલતવાન, અને લોકોનું મન હરણ કરી લીએ એવો હતો, તોપણ તે પોતાના ગુરૂની શિખામણ મુજબ ચાલતો નહી હતો. તેથી તે અંતે ઘણો દુઃખી થયો અને તેના દેશને તેથી બહુ નુકસાન થયું.

પાઠ ૧૪ મો.

શિક્ષક તરફની વર્તણુકનું ગાયન.

[illegible]

[illegible]

અઝ્ હર્ આઇન વનાહ કે મન્ અંદર....

ઉસ્તાદાન્.... જસ્ત.... પ પતેત્ હોઝ્.[1]

---

૧ પતેત ઇશાની.

અર્થ.

"હર તરેહની તકસીર જે મારીથી ઉસ્તાદો તરફ થઇ હોય તેનો પસ્તાવો કરૂં છું."

(સાખી મરાઠી ચાલની.)

શિક્ષકના હુકમોને માને, તે બહુ સુખીઉં થાય.
જે શિક્ષકને માને નહી તે, પાછળથી પસ્તાય.
શિક્ષકને પ્રથમજ જોતાંમાં, નમિને કરવી સલામ—
પછી મર્યાદાથી બેશીને, શિખવો પાઠ તમામ.
હૈડે હેત, મને બહુ માનો, જીભે મીઠી વાણી,
સભ્ય અદા તાજીમતવાજો, ધારણ કરજો જાણી.
ભૂલ પડે શિક્ષક દે ઠપકો, કદી ન કરવી રીશ.
ઠપકો એક ગુરૂનો સાંખે, લાભો થશે પચ્ચીશ.
શિક્ષક જે ફરમાવે કરવા, કસુર ન કરવી તેમાં.
શિક્ષક કરશે હિતજ, શિષ્યનું, લેશ ન સંદેહ એમાં.
નાફરમાની હઠ પતરાજી, બેઅદબી જે રાખે,
અંતે દિલમાં બહુ પસ્તાઇ, ફલ કડવાં તે ચાખે.
માટે છોડી નાદાનીને, શિક્ષક આજ્ઞા પાલો,
શિક્ષક સંગે માનથી વર્ત્તો, નમનતાઇથી ચાલો.

પાઠ ૧૫ મો.

સાલગરેહ.

[illegible]

[illegible]

પઓઅઝ્દાઓ મઝયાઇ અઇપી-ઝાંથેમ વહિષ્તા.૧

---

૧ યજશને ૪૮ ક૦ ૫.

અર્થ.

"જન્મ લીધા પછીથી પવિત્ર રહેવું એ માણસને બહુ ફાયદાકારક છે."

શિક્ષક—છોકરાંઓ! સાલગરેહ એટલે શું?

છોકરાં—સાહેબ, વર્ષગાંઠ અથવા જન્મ દિવસ.

શિક્ષક—ખરૂં. પણ સાલગરેહ, વર્ષગાંઠ, અને જન્મ-દિવસ એ શબ્દો કેમ નીકલ્યા તે તમે બરાબર સમજોછો?

છોકરાં—નાહી સાહેબ, મેહરબાની કરીને અમુને તે સમજાવો.

શિક્ષક—'સાલગરેહ' એ ફારસી ભાષાનો શબ્દ છે. 'સાલ' એટલે વર્ષ અને 'ગરેહ' એટલે ગાંઠ. સાલ-ગરેહ અને વર્ષગાંઠ એ બેહુ શબ્દો એકજ રીતે બનેલાછે અને તેઓનો અર્થ વર્ષનો ગાંઠ કરી થાયછે. જન્મ દિવસ એટલે પેદા થવાનો દિવસ.

છોકરાં—વર્ષનો ગાંઠ એટલે શું, સાહેબ?

શિક્ષક—માણસની જીંદગીના વખતને દોરીની સાથે સરખાવવામાં આવ્યોછે. જેમ દોરીની લંબાઈ માપવાને માટે તસુ અથવા ગજ વગેરે હરએક માપને છેડે ગાંઠ કરીને નીશાની કરવામાં આવે અને તે ઉપરથી કેહેવાય કે આટલા તસુ અથવા આટલા ગજ દોરી થઈ તે પ્રમાણે માણસની જીંદગીનું એક વર્ષ પુરૂં થઇને નવું વર્ષ જે દહાડે બેસે તે દહાડાને સાલગરેહ અથવા વર્ષગાંઠ કેહેવામાં આવેછે કે જે ઉપરથી કહી શકાય કે ફલાણાં માણસની આટલાં વર્ષની ઉમર થઈ.

છોકરાં—સાહેબ, સાલગરેહને દિવસે આપણે શું શું કરવું જોઇએ ?

શિક્ષક—તમે આગગાડીમાં મુસાફરી કરતાં હોવો ત્યારે કોઇબી 'સ્તેશન' આગલ આવી પોંહચો તો તમે કુદરતી રીતે વિચાર કરશો કે તમારી ધારેલી મુસાફરીનો કેટલો રસ્તો પૂરો થયો અને કેટલો બાકી છે. એજ પ્રમાણે આપણી આ જીંદગીબી એક મુસાફરી જેવી છે. તેમાં વર્ષગાંઠના દિવસો 'સ્તેશનો' ની માફકછે. તેથી દર સાલગરેહને દિવસે આપણે મુસાફરીનાં એ સ્તેશનપર જરાવાર થોભીને ગંભીરપણે વિચાર કરવો જોઇએ કે "મારી જીંદગીની મુસાફરીનાં કેટલાં સ્તેશન પસાર કીધાં અને બીજાં કેટલાં સ્તેશનો રહ્યાં છે. આ મારી મુસાફરી થોડા વખતની છે અને તેબી વળી દર સ્તેશને સ્તેશન ટુકી થતી જાયછે. આપણા જરથોસ્તી ધર્મે તાકીદ કીધીછે કે આ જીંદગીમાં આવતી જીંદગી સારૂ સવાબનો જખીરો એકઠો કરવો જોઇએ. જો તે નહી કીધું હોયતો પાછ-લથી પસ્તાવો થશે. સવાબ સારાં કામોથીજ થાયછે અને તે સારાં કામો આ ટુકી મુસાફરી પુરી થવાની અગાઉ કરી લેવાં જોઇએ. અને જે સારૂં કામ આજે કરી શકાતું હોય તે કાલપર રાખવું નહી જોઇએ." વલી આપણી આ દુની-આની મુસાફરીમાં વર્ષગાંઠનાં સ્તેશન ઉપર આપણે જરાવાર થોભીને આપણાં સારાં કામોનો હીસાબ કહાડવો ઘટેછે. તેમ કરતાં આપણને માલમ પડેછે કે આ મુસાફરીને દરમ્યાન આપણે કેટલોબધો વખત ફોકટ ગુમાવ્યોછે તથા લાંબી મુસાફરીના ભરુસા ઉપર કેટલાં સારાં કામો કરવાનાં રેહવા દીધાંછે અને તેમને માટે કેટલાં થોડાં સ્તેશનો પસાર કરવાનાં રહ્યાં છે.

છોકરાં—ઠીક સાહેબ, અમે એ પ્રમાણે ચાલીશું.

શિક્ષક—પણ વર્ષગાંઠને દહાડે એટલુંજ કરવાનું નથી. બીજુંબી છે. વર્ષગાંઠને દહાડે પ્રથમ સકારે ઉઠીને નાહી ધોઈને સોજાં કપડાં પહેરવાં અને ખુદાએતાલાની બંદગી કરીને જે જે કાંઈ પોતાની ખામીઓ યાદ આવે તે વિષે તે સાહેબ પાસે માફ માંગીને આવતાં વર્ષમાં તેઓને સુધારવાનો પક્કો ઠરાવ કરવો. વળી ખુદાએતાલાએ ગયાં વર્ષમાં આપણી હઈઆતીને સલામત રાખી તે વિષે તેનાં શુકરાનાં કરવાં. અને આપણાં માબાપે આપણી ઘણી સંભાલ લીધી તે માટે તેઓની પાસે જઈને નમીને તેઓનો ઉપકાર માનવો. એટલી ફરજો બજાવ્યા પછી આપણાં ભાઈ બહેનો, સગાંવાહલાં, દોસ્ત આશનાઓ તથા ઓલખીતાંઓને પ્યારથી મેટીને તેઓ તરફની મોહબતનો વધારો કરવો.

બીજું—તમે વિચારવું જોઈએ કે "આજે મેં જન્મ લીધાની યાદગારીનો દિવસ છે અને 'જન્મ લીધા પછીથી પવિત્ર રહેવું એ માણસને બહુ ફાયદાકારક છે' એવી ઉત્તમ વાણીજ પેગમબર સાહેબ અશો જરથોસ્તે શીખેલી છે. માટે તે પ્રમાણે મારી જીંદગીમાં મારા વિચાર, વાણી, અને કામોને તથા મારાં તનને પવિત્ર રાખવાની ઘણી કોશેશ મારે કરવી જોઈએ."

પાઠ ૧૬ મો.

કોઈને ચીડવવું નહી અથવા ચાલા પાડવા નહી.

𐬨𐬀𐬭𐬛𐬎𐬨 𐬭𐬁 𐬠𐬀 𐬯𐬀𐬑𐬎𐬥 𐬁𐬰𐬎𐬭𐬛𐬆

𐬀𐬌𐬯𐬙𐬀𐬨 𐬞𐬀 𐬞𐬀𐬙𐬆𐬙 𐬵𐬋𐬨 ......

મરદુમ્ રા બ સખુન્ આઝુર્દ્ એસ્તમ્......
પ પતેત્ હોમ્.[૧]

અર્થ.

"માણુસને સખુનથી મેં દુ:ખી કીધાં હોય.....
તેનો પસ્તાવો કરૂં છું."

ઇરાની પતેતનાં ઉપલાં વાકયમાં નઠારા સખુનથી કોઇનું દિલ દુ:ખવવાની તકસીર જણાવીછે. કોઇને ચીડવવું અથવા કોઇના ચાલા પાડવા એ અશરાઇથી ઉલટું છે. જેના ચાલા પાડવામાં આવે તેનું દિલ દુ:ખાયછે માટે એ કામ ગુનાહ ભરેલું છે.

વળી આપણા જરથોસ્તી ધર્મમાં અશકતોને મદદ કરવાને ફરમાવેલું છે અને અશકતોને મદદ કરનાર ખુદાએતાલાની ખરી તાબેદારી બજાવેછે એમ કહેલું છે.[૨] હવે અશકતોને ચીડવીને અથવા ચાલા પાડીને તેઓને દુ:ખી કરવાનું કામ તેથી ઉલટું છે અને તેટલા માટે તે ગુનાહ ભરેલું છે. ગરીબ, નાચાર, અપંગ, અથવા અશકત માણસના ચાલા પાડનાર તથા તેને ચીડવનાર ગોયા ખુદા તરફ બેઅદબી કરેછે. કેમકે કોઈ માણસ જન્મથીજ અશકત હોયછે અથવા કોઈ જીંદગીમાં પછવાડેથી કમનસીબે અશકત થઈ

---

૧ ઇરાની પતેત. ૨ યથા અહૂ વઈર્યો.

પડેછે તે ખુદાનો બનાવ છે. માટે તેને ચીડવવું એ ખુદાને પસંદ પડે નહી.

આપણે કોઇને ચીડવીએ તો તેથી તેને દુઃખ લાગેછે. અને માણસને કોઇબી રીતે દુઃખ દેવું ગુનાહનું કામછે. એટલુંજ નહી પણ તેમાંથી ઘણી વખતે કજીઓ કંકાસ થઇને તેથી બહુ નુકસાન થાયછે. કોઇને ચીડવતી વખતે આપણે વિચાર કરવો જોઇએ કે જો કોઇ તેજ પ્રમાણે આપણને ચીડવે તો આપણને કેવું લાગે?

કેટલાંએક છોકરાંઓ રસ્તામાં કોઇ આંધલું, લુલું, લંગડું, અથવા ગરીબ માણસ જતું હોયછે તેના ચાળા પાડેછે અથવા તેને ઢેફાં મારેછે અથવા તેને હરએક તરેહથી ખીજવેછે. એમ કરવું બહુ ખરાબછે. કોઇ લુલાં, લંગડાં, અથવા અપંગ આદમીને જોઇને તો ઓર તેની દયા ખાવી જોઇએ, અને વિચારવું જોઇએ કે કોઇ દહાડે કદાચ આપણીબી દશા તેના જેવી થાય. માટે તેને દિલાસો આપીને આપણથી બને તેટલી મદદ કરવી જોઇએ અને આપણે તે કરતાં સારી હાલતમાં છઇએ તેથી ખુદાનો આભાર માનવો જોઇએ.

કોઇને ચીડવવામાં મોજ મેળવવી એ નીચ સ્વભાવનાં માણસનું કામછે. ઉંચ સ્વભાવનાં માણસો તો બીજાંનાં દીલને ખુશી કરવામાંજ મોજ મેળવેછે. કોઇને ચીડવવા પછી આપણને પસ્તાવો થયા વગર રહેતો નથી. કેમકે આપણાં દીલમાં લાગેછે કે તે બાપડાંને વગર કારણે સતાવીને આપણે એક ખોટું અને ગુનાહનું કામ કીધું.

દોહરો.

હથીઆરે તનપર જખમ, મનપર ખીજે થાય—
તન ઘા રૂજે—પણ કદી, મન ઘા નહી રૂજાય.

પાઠ ૧૭ મો.

ચીડવવાનાં માઠાં પરિણામ.

مردم به سخن میازار

મરદુમ્ પ સખુન્ મ આજાર્.[1]

અર્થ.

"માણસને સખુનથી દુઃખી કરતો મા."

કોઈ ગરીબના ચાલા પાડવાથી અને તેને ચીડવવાથી કેટલીએક વખતે ચીડવનારનેજ નુકસાન થાયછે. કેમકે તે પછી ચીડવનાર વિષે કોઈ સારો વિચાર રાખતું નથી. એટલુંજ નહી પણ કોઈ વખતે એવું બનેછે કે તેણે જેને ચીડવ્યું હોય તેની સાથે કામ આવી પડેછે ત્યારે તેની પાસે જતાં તેને શરમથી નીચું જોવું પડેછે. આવા નિર્દય અને હીચકારા ચાલા પાડનાર અને ચીડવનાર માણસની સંગતથી સારાં માણસો હમેશાં દૂર રેહછે. કારણ કે તેઓને ધાસ્તી લાગેછે કે તેની સોબતને લીધે તેઓનેબી ખમવું પડે. સગાં વહાલાંઓ અથવા દોસ્તો અથવા ઓળખીતાંઓને વટીક મજાખ મસખરીમાં ચીડવીને દુઃખી કરવાની ટેવ રાખવી નહી. કેમકે કેટલીએક વખતે તેથી સંસાર વેહવારમાં ભંગ પડેછે.

નહાનપણમાં કોઇનેબી ચીડવવાની અને ચાલા પાડવાની આદત પડી હોયછે તે મોટપણેબી રહી જાયછે. પછી કોઈ વખતે મોટાં માણસને ચીડવવાની મરજી થાયછે. અને તેમ કરવાથી કેટલીએક વખતે અફસોસકારક પરિણામો નીપજેછે. જેનો એક દાખલો નીચલી વાતમાં મલેછે.

ઇંગ્લાંડની એક મદરેસામાં કેટલાએક શાગેરદો તાલીમ લેતા હતા. તેઓ એક બીજા સાથે ઘણી દોસ્તી રાખતા હતા.

---

૧ આદરબાદનું પંદનામું, ક૦ ૪૫.

તેઓમાં એક ખુંધો હતો તે હમેશાં લાલ રૂમાલ વાપરતો હતો. તેના રફીકો તેનો લાલ રૂમાલ સંતાડીને તેને ચીડવતા હતા અને તેથી મોજ મેલવતા હતા. શીખી રહીને મદરેસા છોડવા પછી કેટલીએક મુદતે તેઓમાંનો એક જે ઘણો હુશ્યાર હતો તેનું એક આબરૂદાર ગૃહસ્થની બેટી સાથે પરણવાનું નક્કી થયું. લગ્નની એક બે દહાડા અગાઉ તે એક નવરી જગામાં ફરવા ગયો. ત્યાં એક ખુંધા માણસને ગજવામાં લાલ રૂમાલ સાથે ચાલતો પીઠથી જોયો. તેણે તેને પોતાની મદરેસાનો ખુંધો દોસ્ત ધાર્યો. તેથી તેને ચીડવવાની જુની રીત તેને યાદ આવી. તેણે ધાર્યું કે મારૂં લગ્ન થવાનુંછે તે વાત જો મારા ખુંધા દોસ્તને તેનો રૂમાલ લઈ મુકીને જણાવશ તો બેવડી ખુશી અને રમુજ થશે. જેવો હલુસે તેનો રૂમાલ કહાડવા જાયછે કે પેલા ખુંધાએ "ચોર ! ચોર !" કરી બુમો પાડી. તેથી પોલીસનાં માણસોએ આવીને પેલાને પકડી લીધો. તેને માલુમ પડયું કે તે ખુંધો માણસ તેનો જુનો દોસ્ત નહી પણ કોઈ બેગાનો હતો. તેણે ઘણીબી માફ માંગી અને ઘણુંબી સમજાવ્યું પણ તે ખુંધો સમજ્યો નહી. અંતે ખુંધાએ તેને માજીસ્ટ્રેટ આગળ ઉભો કીધો જેણે તે જુવાનને દંડ ફરમાવ્યો. આ દંડની ખબર વર્ત્તમાન પત્રોમાંથી પેલી પરણવાની છોકરી અને તેનાં માબાપનાં વાંચવામાં આવી. તેથી તેઓએ પેલાને ચોરટો જાણીને તેની સાથે લગ્ન કરવાનું સાટું તોડી નાખ્યું. એથી તે જુવાને આખી જીંદગીનાં સુખોની બાંધેલી આશા ભંગ થઈ અને તે જીવ્યો ત્યાં લગી તેને પસ્તાવો થયો. ચીરડાવવાની અને ચાલા પાડવાની ટેવનાં પરિણામો કોઈ વાર એવાં અફસોસકારક નીપજેછે.

દોહરો.

"હસ્યાનું ખસ્યું" કરી, કહેવત છે પ્રખ્યાત—
હૈડે રાખી યાદ તે, ચાલો સહુ દિન રાત.

પાઠ ૧૮ મો.

ખોટી વડાઈ.

[illegible]

ઉઝ વરેઝાઈ માવોય મિથોઅતનાંમ.[૧]

અર્થ.

"મારાં મિથ્યા અભિમાન છોડું."

એક દિવસે રૂસ્તમ નામે એક નાહનો છોકરો અને રતનબાઈ નામની એક નાહની છોકરી દરીઆ કીનારે એક ટેકડીપર બેસીને પોતાના પોશાક વિષે વડાઈ કરવા લાગ્યાં. તે વખતે નીચે પ્રમાણે વાતચીત થઈ.

રૂસ્તમ—જો રતનબાઈ! આજે મેં બનાતનો નવો દગલો પહેર્યો છે, તે કેવો ભપકાદાર છે! તેનો કુમાસ કેવો સરસ છે! મારાં નવાં બુટ કેવાં ચલકતાં છે! મને એવું લાગેછે કે બચીત મારાં જેવાં કપડાં ઘણાં થોડાં માણસો પહેરતાં હશે.

રતનબાઈ—મારો પોશાક તારા કરતાં ઘણો સરસ છે. જો, મારો પોલકો કેવો મઝાનો રેશમી છે, અને મારાં ગલાંમાં મોતીનો હાર કેવો શોભેછે! તારા કરતાં મારો પોશાક અને ઘરેણાં કેવી મોંઘી કીમતનાંછે!

એ પ્રમાણે તેમની વાતચિત થતી હતી તે વખતે એક કીડો તેમની પાસે થઈને જતો હતો. તેણે તેઓને કહ્યું કે મુગાં બેસો. તમારાં કપડાં ઉપરથી ખોટી વડાઇ કરવી તમને ઘટારત નથી. કારણ કે તે તો બીજાં જાનવરોનાં શરીરનો

---

૧ વીસપરદ ૨૦ ક૦ ૨.

મેલ છે. તેને તમારાં અંગ શોભાવવામાં તમે લીધો તે અગાઉ જેઓને તમે છેક નીચાં પ્રાણી કરી ગણોછો તેઓ તેને અંગમાંનો કચરો ગણતાં હતાં, બલકે તેઓએ પોતાનાં અંગમાંનો કચરો કહાડી નાખે તેમ તેને કહાડી નાખ્યો હતો. આ રેશમ તો મારા જેવા કીડાઓએ પોતાના નીચલા હોઠ તલેનાં બે કાણાંમાંથી થુકી નાખેલું હતું.

રૂસ્તમ—સાંભલ, રતનબાઈ, આનો તું શું જવાબ આપેછે ?

પછી પાસેના દરીઆમાંથી એક કાલુ બોલ્યું "એનાં મોતી તો મારાં એક જાતભાઈ માછલાંનો એક રોગ માત્રછે કે જે રોગની રસી તેથી પોતાનાં રોગિષ્ટ શરીરમાંથી કહાડી નખાતી નથી તેથી તે બંધાઈ જઈને મોતી બનેછે."

રૂસ્તમ—અરે રતનબાઈ! તારાં વડાઈ ભરેલાં કપડાં અને કીમતી ઘરેણાં તો કેથાં બહુ હલકાં દેખું. પણ જો મારાં કપડાં તો કોઈ કીડામાંથી કે બીજાં જીવજંતુમાંથી નીકલેલાં નથી.

આ સાંભલીને રતનબાઈ તો શરમથી નીચું જોઈને ચુપ બેસી રહી. પણ તેવામાં એક ઘેટો જે પાસે ચરતો હતો, તે બોલ્યો—"એ વાત ખરી. તોપણ રૂસ્તમજી, આ તારો બનાતનો ડગલો તે વલી શાનો બનેલોછે? તે શું એકવાર મારા એક સગાનાં શરીરપર ઘણાં વધી પડવાથી નકામાં જાણીને કહાડી નાખેલાં રૂવાંટાં નથી શું ? અને તારાં ચલકતાં બુટ મારા મિત્રો વાછરડા તથા બલદનાં મુવા પછીનાં વાસ મારતાં ચામડાંમાંથી બનેલાં નથી શું ?" આ ઘેટાના તાનાથી રૂસ્તમનેબી બરડે પાણી ઉતર્યું. પછી તે દહાડેથી તેણે અને રતનબાઈએ ખોટી વડાઈ કરવાનું છોડી દીધું.

કીડા, કાલુ, અને ઘેટાં, વગેરે પ્રાણીઓ કાંઇ માણસો સાથે વાતચિત કરી શકતાં નથી તોપણ તેઓ ઉપરથી માણસે શિખામણ લેવી કે તેણે મિથ્યા અભિમાન કરવું નહી. મિથ્યા અભિમાન દેખાડવામાં અને ખોટી વડાઇ કરવામાં બહુ મુર્ખાઇછે. તે કરનારને સહુ કોઇ હસેછે અને તે કરનારને સેવટે લજવાવું પડેછે. મિથ્યા અભિમાની જે વિષે તેને માન ઘટતું નથી તે માન લેવા માગેછે તેથી તે જુઠો દાવો કરવાનો ગુનાહ કરેછે. એટલા માટે મિથ્યા અભિમાન આપણા જરથોસ્તી ધર્મની રૂએ ગુનાહ ભરેલું છે જે તરક કરવા મથાલે ટાંકેલા અવસ્તાનાં વાક્યમાં જણાવેલું છે.

ચોપાઈ.

મિથ્યા કરવાથી અભિમાન,
ખોશે જણ પોતાનું માન.
પાપ વલી છે એથી ખરો,
કહે અવસ્તા તે પરહરો.

પાઠ ૧૯ મો.

બેઆજાર જાનવરો તરફ઼ ઘાતકી થવું નહી.

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

ઉસ્ ગેઉષ્ સ્તુયે તાયાઅત્ચા હઝઙ્હુત્ચા.[1]

અઝ્ હર્ આઇન્ વનાહ્....ગેતીહા અંદર્ ગોસ્પંદ્ ઉ ગોસ્પંદ્–સર્દગાં જસ્ત્....પ પતેત્ હોમ.[2]

અર્થ.

"ગોસ્પંદોને ચોર અને લુટારાથી બચાવીશ."

"આ દુનીઆમાં જાતજાતનાં ગોસ્પંદો તરફ઼ મારાથી જે ગુનાહ થયો હોય....તેનો પસ્તાવો કરૂં છું."

ગાય, બલદ, ઘોડા, ઉંટ, મેંઢાં, બકરાં, અને એવાંજ બીજાં ચોપગાં જાનવરો જેઓને પાલવાથી માણસોને ફ઼ાયદા થાયછે તેઓને આપણા ધર્મની ભાષામાં 'ગોસ્પંદ' કરી કહેછે. જે જે જાનવરો માણસ જાતને નુકસાન કરતાં નથી તેઓની ઘટતી માવજત લેવાની અને તેઓપર ઘાતકીપણું નહી વાપડવાની, આપણા જરથોશ્તી ધર્મને લગતી કેતાબોમાં સખત તાકીદ કીધીછે.[3] ખુદાતાલાએ આપણને તેઓ કરતાં

---

૧ યજશને ૧૨ ક઼૦ ૨. ૨ ઈરાની પતેત.

૩ યજશને હા ૧૧ ક઼૦ ૧, ૨; પતેત ઈરાની; ઈત્યાદિ.

ચહડતાં બનાવ્યાંછે અને તેઓની ઉપર સરદારી આપીછે, તે તેઓનો ઘટતો ઉપયોગ કરવાને અને તેઓની ઘટતી બરદાસ્ત કરીને તેઓથી ફાયદો મેલવવાને આપીછે, નહી કે તેઓને દુ:ખ થાય તેમ ફોકટ તેઓ ઉપર અજાબ ગુજારવાને.

કેટલાંએકો ગમત મેલવવા સારૂ બેઆજાર જાનવરો ઉપર સખતી ગુજારેછે. જેમકે પોપટ, ચક્લી, કબુતર, વગેરે પક્ષીઓને પથરા મારીને યા પીછાં એંચીને યા તેમનાં પીંજરાંમાં ગોદા મારીને તેઓને બુમ મરાવવામાં મોજ ભોગવેછે. કેટલાએક ગાડી હાંકનારાઓ ઘોડા, બલદ, વગેરે જે ઉપયોગી મુગાં જાનવરો રાત દિવસ તેઓની મજુરી કરેછે તેઓને નિર્દયપણે ચાબકા મારેછે અથવા પરાણીઓ ઘોંચી ઘાલેછે, જેથી તેઓ લોહીલુહાન થઈ જાયછે. એ સઘલું ઘાતકીપણું વિનાકારણે અજાબ દેવાનો ગુનાહછે. આવી રીતે સેજ ગમતને માટે અથવા સેજ વધતું કામ લેવાને માટે પશુ જાનવરો ઉપર ઘાતકીપણું ગુજારનારાંઓ પોતાની ખાસીઅતથી ક્રૂર થતાં જાયછે અને તેઓની ક્રૂરતા જાનવરો ઉપરથી વધીને માણસો ઉપર ચાલેછે. તે નઠારાં લોકો ઉપયોગી જાનદારો તરફ ઘાતકીપણું છોડી દીએ તો કેવું સારૂં ! જો તેઓ તેમ કરે તો તેઓ ખરી માનસાઇવાલાં થાય.

દોહરો.

કોઇ રમત કરવા થકી, ક્રોધ વશે થઇ કોય,
ક્રૂરપણે પ્રાણી દમે, નિર્દોષિત જે હોય—
તે સહુને ધિક્કાર છે, અવસ્તા કહે આપ,
"ગોસ્પંદને આજાર દે, તેનો મોહટો પાપ."

પાઠ ૨૦ મો.

બેજાબાર જાનવરોનો આપણી રૂડી વર્તણુકપર દાવો.

[illegible]

[illegible]

પસ્વીર યા સ્તો સરેધનાંમ્ વહિશ્ત.[૧]

અર્થ.

".પશુ અને માણસ જે બે સહુથી સરસ જાતનાં (જાનદાર) છે."

આપણા અવસ્તામાં પાલવાનાં જાનવરોને ફક્ત માણસથીજ ઉતરતાં જાનદાર ગણેલાંછે. હાલ જમાનામાંથી એવાં અવલોકનો કરવામાં આવ્યાંછે કે તેઓને આપણીજ માફક ખુશી અને દલગીરી, સુખ અને દુઃખ, ભય, શંકા, સ્નેહ, ધિક્કાર, પ્યાર, અદેખાઈ, વગેરે મનની શક્તિઓ તથા લાગણીઓ હોયછે. કેટલીએક વખતે તો તેઓમાં શાબાશી મેલવવાની ઇચ્છા, શીખવાની ટેવ, અને નકલ કરવાની શક્તિબી જોવામાં આવીછે. તેઓને યાદદાસ્ત શક્તિ તથા તર્ક શક્તિ હોયછે. ટુકાંમાં તેઓ માત્ર જીંદગી ધરાવેછે એટલુંજ નથી પણ ચોકસ દરજ્જે ચતુરાઇ અને લાગણીબી ધરાવેછે. તેઓની ઉપર આપણા સંસાર વેહવાર, વેપાર વનજ, વગેરે આપણી ઠરીઠામ જીંદગીનો પાયો છે. વાચા અને ચહડતાં જ્ઞાન સિવાય બીજી બાબતોમાં તેઓ આપણથી થોડાંજ ઉતરતાં છે. માટે તેઓનો આપણી

૧ ફરવરદીન યશ્ત ક૦ ૧૨.

તરફની રૂડી વર્તણુકપર હકછે. શકતાંએ અશકતની બર-દાસ્ત લેવી અને તેની તરફ ઘાતકીપણું ગુજરવા નહી દેવું એ તેને યોગ્ય છે તેમજ માણસે બેઆબાર જાનવરોની તેમાં વિશેષપણે ગોસ્પંદોની બરદાસ્ત લેવી અને તેઓની તરફ પોતાથી યા બીજાં કોઇથી ઘાતકીપણું ગુજરવા નહી દેવું એબી તેને યોગ્યછે.

ગોસ્પંદો કોઈપણ દેશની દોલતનો એક અતિ જરૂરનો ભાગ છે. તેઓ વિના સુધરેલાં માણસને ચાલે એવું નથી. ગાય, ભેંસ, વગેરે ગોસ્પંદોથી આપણને કામતી ખોરાક દુધ મલેછે અને તેમાંથી દહી, માખણ, ઘી, વગેરે આપણા જરૂરના ખોરાકો બનેછે. બલદ ખેતી કરવાનાં, ગાડાં ધસડવાનાં, અને સવારીની ગાડીઓમાં જોડવાનાં કામમાં આવેછે. સર્વે ગોસ્પંદોનું છાણ તથા મુતર ખાતર બનાવવામાં ઘણું અગત્યનું છે. ખાતર વગર ખેતી થઈ શકે નહી અને ખેતી વગર આપણું ગુજરાન ચાલે નહી. ગોસ્પંદો મરી ગયા પછી તેઓનાં ચામડાં, શીંગડાં, હાડકાં, વગેરેની ઘણીએક ઉપયોગી વસ્તુઓ બનેછે. મેંઢાં ઘણાં ગરીબ પ્રાણી-ઓછે. તેઓનાં શરીર ઉપર ઉન પેદા થાયછે જેનાં ગરમ કપડાં ઠંડીની વખતે ઘણાં ઉપયોગીછે. ઘોડો એક ઘણુંજ ચંચલ, સુંદર, અને નિમકહલાલ પ્રાણી છે. તે પોતાનું કામ ઘણું જલદીથી કરી શકેછે. તે સવારી કરવાનાં અને ગાડીઓને જોડવાનાં કામમાં આવેછે. ગધેડાં અને ઉંટ જોકે દેખાવમાં સુંદર નથી, સમજણમાંબી સરસ નથી, તોપણ તેઓ ઘણાં ઉપયોગીછે. તેઓ કાંટા, કચરો, અને ઝાડોના પાલા ખાઈને ગુજરાણ કરી શકેછે. તેથી તેઓનો ખોરાક ઘણો સસ્તો પડેછે. તેઓ પુષ્કલ બોજો ઉંચકી લઈ જાયછે. રેતીનાં મેદાનમાં જ્યાં બીજાં પ્રાણીઓ ચાલી શકતાં નથી ત્યાં ઉંટ મુસાફરોને તેઓના બોજા સહીત લઈ જાયછે.

જે ઠેકાણે પાણી ન મલે તે ઠેકાણે ઉંટ ઘણા દહાડા લગી પાણી વગર જીવી શકેછે. તેનાં પેટમાં કુદરતથી એક મસક હોયછે જેમાં પાણી ભરાઈ રહેછે. તે પાણી જરૂર વખતે તેની તરસ છીપાવેછે અને મુસાફરોને જ્યારે પાણી મલતું નથી ત્યારે તેઓ તે ઉંટનાં પેટમાંની મસક કહાડીને તેમાંનું પાણી પીને જીવ બચાવેછે. એ વગેરે કુતરાં, મરઘાં, અને બીજાં અનેક ઉપયોગી પ્રાણીઓછે જેઓથી આપણને અનેક ફાયદા થાયછે. માટે તેઓની તરફ ઘાતકીપણું નહી વાપડવા અને તેઓની બરદાસ્ત કરવા આપણા અવસ્તામાં કહેલું છે. તે પ્રમાણે આપણે ચાલીએ તો તે જેમ ઘટતું તેમજ ફાયદા ભરેલું છે.

દોહરા.

પીડાકારક પ્રાણીને, હણવાનો નહી દોષ,
હોય મનુષ કે જીવજંત, સાક્ષી પૂરે હોષ.
પણ ઉપયોગી પ્રાણીઓ, જો તમથી પીડાય,
કહે અવસ્તા નાખશે, છૂપી તમપર હાય.[1]

---

૧ પજશને ૧૧ ક૦ ૧—૨.

પાઠ ૨૧ મો.

બેહતર થવાની કોશેશ.

[illegible]

[illegible]

[illegible]

અઝેમ્ તોઇ આઇષ્ પઓઉરુયો ક્ષ્વોઇવીદે
વીસ્પેંગ્ અન્યેંગ્.[1] .. ..
અઝ્ પેદર્ નાંમ્બર્દાર્ બાષ્.[2]

અર્થ.

અશો જરથોસ્ત કહેછે:—"(ઓ અહુરમઝદ!) હું તારા તેઓ (દીન ફેલાવનારાઓ) કરતાં પહેલે
વધારે જાણીને
તમામ બીજાંઓને (પાસબાની કરૂ).. .. .."
"બાપ કરતાં વધારે નામદાર થજે."

આપણે આપણી બરોબરીનાંઓથી બલકે ચહડતાંઓથી વધારે ચહડતાં થવાની ઉમેદ રાખવી અને કોશેશ કરવી એ બહુ સારો ગુણ છે. જો કોઈ છોકરૂં વધારે અભ્યાસ કરીને પોતાના વર્ગનાં બીજાં છોકરાંઓથી આગલ નીકલી જવાની કોશેશ કરે તો તેને શાબાશી ઘટેછે. જો કોઈ રાજ્યકર્તા પોતાની રઈઅતને બીજાઓ કરતાં વધારે સુખ આપીને એ બાબતમાં તેઓ કરતાં બેહતર થવાની ઇંતેજારી રાખે તો તે તેને નામદારી ભરેલું છે. જો કોઈ શેઠીઓ બીજા શેઠીઆઓ કરતાં વધારે સખાવત અને પરોપકારનાં

૧ યજશને ૪૪ ફ૦ ૧૧.　　૨ લગનના આશીર્વાદ.

કામો કરીને વધારે નામદારી મેળવવાની હોંસ રાખે તો તેબી વખાણવા જોગ છે. એક કીસબી પોતાના કીસબમાં બીજા કીસબીઓ કરતાં વધારે સરસ થવાનો ઉદ્યોગ કરે; એક વિદ્વાન બીજા વિદ્વાનો કરતાં વધારે કાબેલ થવાની મેહનત કરે; ટુકમાં કોઇબી ઘટતી રીતે આગળ વધવાનો યત્ન કરે; તો તેમ કરનારાં સર્વે જણની ઉલટ બેચીત વખાણવા જોગ અને જરૂર પડે તો ટેકો આપવા જોગછે. તોપણ યાદ રાખવું કે બીજાંઓથી સરસ થવાની ઇંતેજારી હમેશાં સારાં, સર્વેને ઉપયોગી, અને નેકી ભરેલાં કામોમાંજ રાખવી જોઇએ.

સરસાઇ કરવા જતાં જો કાંઇ ગેરફાયદો નીપજવાની ધાસ્તી હોય તો તેવી સરસાઈ કદી કરવી નહી. જેમકે દાખલા તરીકે કેટલાએકો રસ્તાપર ગાડીઓ દોડાવીને બીજાઓથી આગળ નીકળી જવા માંગેછે. તેમ કરતાં કેટલીએક વખતે ગાડીઓ એક બીજી સાથે અફડાને તેમાં બેઠેલાં માણસોનાં અથવા રસ્તે જતાં માણસોનાં શરીરોને ઇજા થાયછે. માટે એવી ગેરફાયદા ભરેલી સરસાઇ કરવી નહી. કેટલાંએકો લગ્નને ટાંકણે અથવા બીજા હરએક શાદી અથવા ગમને અવસરે દેખાદેખીથી બીજાંઓ કરતાં વધારે મોહટા ખરચો કરવાની તથા ખાણાંઓ આપવાની અને બીજી થોડા વારની ઠાલી ફુકરાજીની સરસાઇ મેળવવાની ઇંતેજારી રાખેછે તેબી નુકસાનકારક છે. એ ખોટી ફુકરાજીની સરસાઇ મેળવવા જતાં થોડા વખતમાં ઘણો પૈસો ખરચાઈ જાયછે જેનું કાંઇ જાથુકનું ફળ મળતું નથી. જો તેટલો પૈસો કોઈ બીજાં સદાના ફાયદાનાં કામ પછવાડે ખરચવામાં સરસાઇ કીધી હોય તો તે બેચીત વધારે શોભા ભરેલું છે. માટે ઘણા ફાયદા ભરેલાં કામોમાંજ સરસાઇ કરવી જોઇએ.

જો ગેરફાયદા ભરેલાં કામોમાં સરસાઈ કરવી ખોટીછે તો ખરાબ કામોમાં તો વધારે ખોટીછે. કેટલાંએકો લોકોના ધિક્કારમાં આવે અથવા સરકારની સજાને લાયક થાય એવા અપરાધો કરેછે અને તે કરવામાં સરસ હીકમત વાપડવામાં પોતાની હુશીઆરી સમજેછે. જેમકે કેટલાએક ધંધાદારીઓ અપ્રમાણીકપણે પોતાનાં ઘરાકોને ઠગવામાં સરસાઇ મેલવીને ખુશી થાયછે. કેટલાંએકો બીજાંઓની મજાક મશ્કરી કરવામાં, કેટલાંએકો હીકમતથી જુઠું બોલવામાં, અને એ વગેરે બીજાં નઠારાં કામોમાં સરસ નીકલવાની ઇનિતેજારી રાખેછે. પણ એ બધી સરસાઇની ઇનતેજારી ધિક્કારવા લાયકછે.

બિનજરૂરનાં કામોમાં સરસાઇ કરવી નકામીછે. જેમકે જો કોઇએ એક ઠેકાણે ધર્મશાળા બંધાવી હોય અને તે ઠેકાણે બીજી ધર્મશાળાની જરૂર ન હોય તોબી પણ જો બીજું કોઈ ફોકટનો ખરચ કરીને બીજી ધર્મશાળા બંધાવે તો તે ખરચ કીધેલો નકામો જાય. તેજ પ્રમાણે કોઈ ગરીબ, નાચાર, આંધલાં, પાંગલાં, અને એવાંજ બીજાં અશકતોને સખાવત કરતું હોય તેને જોઇને સરસાઈ કરવા સારૂ બીજું કોઇ જો શકિતવાલાં અને સખાવતને લાયક નહી એવાંઓને સખાવત કરે તો તે બિનજરૂરની અને ખોટી સરસાઈ કહેવાય. માટે એવી સરસાઇની ઇનતેજારી રાખવી નહી.

દો હ રો.

કોશેશ કર બેહતર થવા, મલશે બદલો ખાસ—
પણ કોશેશ ખોટી થતાં, વ્યર્થજ જશે પ્રયાસ.

પાઠ ૨૨ મો.

બદગોઈ.

[illegible]

[illegible]

[illegible]

[illegible]

રશ્ના જવાંસ્ યે અષવા દ્રેગ્વંતેમ્
વીચિરો હાંસ્ તત્ ફ્રો ખ્એતવે મ્રુયાત્ .. .. ..
દ્રુજો વ્હો દામાંન્ હઇથ્યા આ ગાત્.[૧]

અર્થ.

“ (ગીબતના) સખુનો હરૂસેથી કાનમાં બોલનાર, જે
બુરો કરી (એક જણ) ભલો
પસંદ કરવા જોગ (હોય તે) છતાં (તેને) વડા
આગલ કહે.. .. ..
તે બેશક જુઠાઇનાં ઘર (દોજખ)માં જશે.”

ક્રોધની પુઠે ખોટી ચાડી ચુગલી અથવા બદગોઇ કરવાનો આપણા જરતોશ્તી ધર્મમાં એક અજીમ ગુનાહ જણાવેલોછે,[૨] અને જે માણસ એ ગુનાહ કરે તેની આ તથા આવતી જીંદગીમાં ભારી સજા જણાવીછે. માટે કદીબી

૧ યજશને ૪૬ ફ૦ ૫—૬.

૨ યજશને ૪૬ ફ૦ ૫—૬; વંદીદાદ ૧૫ ફ૦ ૨.

કોઇની બદગોઇ કરવી નહી. એ કામ ઘણું જબુન અને ધિક્કાર ભરેલું છે. બદગોઈ કરનાર પકડાઈ આવેઆ વગર રહેતું નથી અને તેથી તેને ઘણું નુકસાન થાયછે.

બદગોઇ કરવાથી ઘણાં માઠાં પરિણામો નીપજેછે. જેની બદગોઇ કીધી હોય તે ઉશ્કેરાઈ જઇને તે બદગો માણસ સાથ ટંટો કરેછે, અથવા તેને મારેછે, અથવા ફરીઆદી માંડીને કજીઓ લડેછે. પરિણામમાં સુલેહનો ભંગ થાયછે, અને ઘણો કીમતી વખત, પૈસા, અને મેહનત વ્યર્થ જાયછે. કેટલીએક વખતે તો તેમાં એક અથવા વધારે જણના જીવ ખી જાયછે.

બદગોઈ કરનાર જુઠું બોલવાનો ગુનાહ કરેછે. વળી તે એક ઘણું ધીચકારૂં માણસ ઠરેછે. અંતે તેની સજા તે પામ્યા વગર રહેતું નથી. તેણે જેની બદગોઇ કીધી હોયછે તેને તેથી થોડો વાર દુઃખ થાયછે ખરૂં, પણ અંતે સચ્ચાઈ ખુલી પડવાથી તે પેલાં બદગો ઉપર ફતેહ મેલવેછે. સર્વે કોઇ તેની દયા ખાયછે, અને પેલાં બદગો ઉપર ધીતકાર નાખેછે.

બદગો આદમી જીઆંગાર ખરફસ્તર અથવા જાલમ વાટપાડા કરતાંબી વધારે બુરૂં છે. ખરફસ્તર કરડીને અથવા ડંખીને જેટલું કોઈનાં તનમાં દરદ પેદા કરે તે કરતાં બદગો પોતાના નાપાક અને જુઠા સખુનોથી નિર્દોષનાં દીલને વધારે દરદમંદ કરેછે. નાહનાં કે મોહટાં, ગરીબ કે તવં-ગર, સહુને મનથી પોતાની આબરૂ પોતાનો કીમતીમાં કીમતી ખજાનો છે. બદગોઇ કરનાર તે ખજાનો લુટવા જેવું કામ કરેછે. તેથી તે ગોયા એક લુટારો તેની સોડથી કીમતી ચીજો લુટી જાય તેવું નુકસાન તેને કરવા માગેછે.

દરએક માણસમાં પોતામાં એટલીબધી ખામીઓછે કે જો તે બધો વખત પોતાની ખામીઓ શોધી કહાડીને પોતાનો

સુધારો કરવામાંજ રોકાયલું રહે તો તેને બીજાંની ખામી જાણવાનો વટીક અવકાશ મલે નહી. અને જો કદાચ બીજાંની ખામી જાણવા પછી તે તેને દરગુજર કરે તો બહુ સારૂં. અગર તેમ નહી કરે અને તે ખામી જાહેર પાડે તો તે કદાચ સજા પામે નહી. પણ જો એક માણસ બીજાંની જુઠી બદગોઇ કરે તો તે બચીત મોહટી સજા, લોકોનો ધિક્કાર, અને ખુદાતાલાનો કેહર મેલવેછે. બીજાંની બદગોઇ કરતી વખતે જો તે કરનાર વિચાર કરે કે કોઇ શખસ તેજ પ્રમાણે તેની બદગોઇ કરે તો તેથી તેને પોતાને કેટલું માઠું લાગે, તો તે કદી તેમ કરે નહી.

જેની બદગોઇ કરવામાં આવે તે જો પેલાં બદગોને ખોટું પાડવા માટે ધરતા અને દાનાઇ ભરેલા ઉપાયો લીએ તો તેથી તેને લાયક સજા થઇ રેહેછે. શેખસાદી કેહેછે કે એક દહાડે હું મારા ઉસ્તાદની આગલ ફરીયાદ કરવા લાગ્યો કે ફલાનાએ મારી વિરૂદ્ધ એવી જુઠી સાક્ષી આપી કે હું ખરાબ ચાલનો છું. ઉસ્તાદે કહ્યું કે જો તે એમ કહેછે તો તું વધારે સારી ચાલ ચલાવ કે તે અંતે શરમીંદો થશે. વળી એ વિષે શેખસાદીએ એક બીજી હેકાયત કહીછે કે એક જણે પોતાની નઠારી ચાલ છોડીને સારી ચાલ પકડી અને એક ભલા ઉસ્તાદની શાગેરદી કરવા લાગ્યો. જોકે તે તદન સુધરી ગયો હતો તોબી તેની પુઠે ખોટી ગીબત કરવામાં આવતી હતી કે એ ભાઇએ પોતાના આગલા ઢંગ છોડયા નથી. આ ગીબતથી તેનાં દીલને બહુ દુઃખ લાગતું હતું. એક દહાડે તેણે પોતાનું દુઃખ પોતાના ઉસ્તાદ આગલ જાહેર કીધું. ઉસ્તાદે તેને શીખામણ દીધી કે એ ગીબત માટે તો તું એ ખુદાનો આભાર માનવો જોઇએ કે બીજાંઓ તુંને ભુંડો કરી કહેછે પણ તું તો ભલોછે. તારાં મનને તો સંતો-

પછે કે તું ભુંડો નથી. ત્યારે તું દલગીર કાં થાયછે ! પણ જો એવું બન્યું હતે કે તું ભુંડો છતાં બીજાંઓ તુને ભલો કરી કહેતે તો તે તારા હકમાં ભલું નહી થયું હતે. કેમકે તું તારી ખામીઓ સુધારવાને બેદરકાર રહેતે.

દોહરો.

ચાડી ચુગલી બદગોઇ, નહી કરવી હરગેજ--
ભારી તેનો છે ગુનાહ, મલે ન સારૂં ફેજ.

પાઠ ૨૩ મો.

ખંતીપણું.

[illegible]

અવીર્-રુશ્નાઇ એ આસ્માન્.[1]

અર્થ.

“આસમાનનું ખંતીપણું.”

હાલમાં આપણ જરથોસ્તીઓમાં લગનના આશીરવાદ ભણતી વખતે પરણતાં જોડાંને દેવામાં આવતી અનેક નશીહતો સાથે એક દુઆ આ મથાલે ટાંકેલા શબ્દોમાં એવી મતલબની દેવામાં આવેછે કે ‘તમે આસમાનનાં જેવું પોતાનાં સર્વ કામોમાં ખંતીપણું રાખનારાં થજો!’ એજ મતલબની એક શીખામણ શાહનામામાં શાયર ફીરદુસીએ પણ આપીછે. આસમાનમાં આપણે જોઇએ છીએ કે તેના ગોલાઓનું ફરવાનું અથવા કામ હમેશાં ખંતથી નિયમસર થતું રહેછે. કદી બી થાકી જઇને કંટાલી જઇને સુરજ, ચંદ્ર, અને તારાઓ પોતાનુ કામ

---

૧ લગનના આશીરવાદ.

છોડી દેતા નથી અથવા બંધ રાખતા નથી. એ ચાલુ ખંતથી આ દુનીઆમાં રાત અને દિવસ, રૂતુઓના ફેરફાર, અને પેદાયશોની ઉત્પત્તિ વખતસર થાયછે. જેથી વનજ વ્યાપાર અને આલમનો કારભાર નિયમસર ચાલ્યા જાયછે. જો ફરતા આસમાનમાં એવું ખંતીપણું નહીં હોયતો દુનીઆમાં જે બધું ઉત્પન્ન થાયછે, રહેછે, અને મરી જાયછે, તે બધું પોતાના નિયમસર થતું રહે નહીં.

એ ઉપરથી આપણે ધડો લેવો જોઇએ કે સઘળાં કામોમાં ફતેહ અને વિખ્યાતિ મેળવવાનું સાધન ખંતીપણુંછે. એક માણસમાં હુશીઆરી, ચંચળાઈ, વગેરે ઘણા સારા ગુણો હોય પણ જો તે ખંતીલું નહીં હોયતો તેની તે સઘળી શક્તિઓનું કાંઈ સારૂં પરિણામ આવતું નથી. બીજા હાથ ઉપર એક માણસમાં ચઢતી શક્તિઓ નહી હોય તોપણ જો તેમાં ખંતીપણું હોયતો તે પોતાની સઘળી ઉમેદોમાં પાર પડેછે અને સાથે નામદારી મેળવેછે. વિદ્યા અભ્યાસમાં, હુન્નર શીખવામાં, ધંધા ધાપામાં, ઘરબાર અથવા રાજ્ય ચલાવવામાં, ટુકમાં કોઈબી કામમાં ફતેહ મેળવવાની કુંચી ખંતીપણું છે. ઇંગ્રેજીમાં કહેવતછે કે "ધીરજ અને ખંતીપણું પર્વતોને પછાડેછે."

કોઈબી કામ કરતી વખતે શરૂઆતમાં જો મુસ્કેલી અને અડચણો નડે તો તેથી હારી ખાવું નહીં. પણ ખંતીપણાંથી તેને પાર પાડવું. "મુસ્કેલી અને અડચણોની બીહીકથી હારી ખાય તે નાહીમત છે. શરૂ કરીને થોડું કે ઘણું કીધા પછી મુસ્કેલી અથવા અડચણ નડવાથી છોડી દીએ તે મધ્યમ શક્તિનું છે. પણ અગાઉથી પુરતો વિચાર કરીને શરૂ કરે અને પછી ગમે એવી મુસ્કેલો અને અડચણો આવી પડે તોપણ ખંતીપણું રાખીને પાર પાડે તે ઉત્તમ પંક્તિનું છે."[૧]

---

૧ હિતોપદેશ.

ઇંગ્લાંડની પારલામેંટનો નામીચો સભાસદ રીચર્ડ કોબ્ડન જ્યારે પહેલવેહલું જાહેર ભાષણ આપવા ઉભો ત્યારે તેમાં તદન નિષ્ફલ થયો. પણ તેથી નાઉમેદ નહી થઇને તેણે ખાંતીપણાંથી ભાષણ કરવાના હુન્નરમાં ધીમે ધીમે એટલી બધી કુશલતા મેલવી કે અંતે તે જાહેર ભાષણ કરનારાઓમાં એક અસરકારક બોલનારો થયો અને સર રાબર્ટ પીલ જેવા વડા પ્રધાનેબી તેની વખાણ કીધી. પ્રખ્યાત કવિ, નાટકકાર, કીસ્સેનવીસ, તવારીખનવીસ, નિબંધકાર, વકતા, અને રાજ્ય સભાસદ બુલવર લીટને પ્રથમ જ્યારે કવિતા અને કીસ્સાની ચોપડીઓ બાહિર પાડવા માંડી ત્યારે તેના યત્નો નિષ્ફલ નીવડયા. લીટનની જગાએ જો કોઇ બીજો નબલો પુરૂષ હતે તો ગ્રંથકાર થવાનું કામ છોડી દેતે. પણ તેણે તે નિષ્ફલતાથી હારી નહી ખાતાં ખંતીપણું વાપડીને પોતાનું કામ ચાલુ રાખ્યું. તેથી તેને એક પછી એક ફતેહ અને પ્રખ્યાતિ મલતી ગઇ. આજે બુલવર લીટનનું નામ જ્યાં જ્યાં ઇંગ્રેજી એલમનો ફેલાવોછે ત્યાં ત્યાં ઘણી પ્રખ્યાતિ પામેલું છે.

મરનાર મી૦ ડીઝરાએલી જે પાછલથી લોર્ડ બીકન્સફી-હડનો અમાંરી એતાબ પામ્યો હતો અને જેણે કેટલાંએક વર્ષો લગી ઇંગ્લાંડના વડા પ્રધાનનો ઉંચો ઓહ્દો ભોગવ્યો હતો તેનો દાખલો ખંતીપણાંથી અંતે કેવી ફતેહ મલેછે તેનો ધડો લેવાને ઘણો યાદ રાખવા જોગ છે. બુલવર લીટનની માફક ગ્રંથકાર તરીકે તેના પેહલા યત્નોમાં તેને નિષ્ફલતા મલી હતી પણ ખંતીપણું રાખવાથી અંતે તેણે ગ્રંથકાર તરીકે નામ મેલવ્યું હતું. ઇંગ્લાંડની પારલામેંટની આમની સભામાં જ્યારે તે પ્રથમ ભાષણ કરવા ઉભો ત્યારે તે પસંદ નહી પડવાથી તેની હસી કરવામાં આવી હતી. પણ તેથી

ડરી નહી જતાં તે ભાષણ પુરૂં કરતી વખતે તે બોલ્યો કે "ઘણી વખતે મેં ઘણાંએક કામો શરૂ કીધાંછે અને તેમાં અંતે હું ફતેહ પામ્યો છું. હવડાં તો હું બેસી જાઉંછું પણ એક વખત એવો આવશે કે તમે મારૂં ભાષણ ખુશીથી સાંભલશો." તેણે પોતાનું ખંતીપણું જારી રાખ્યું તેથી અંતે તે વખત આવ્યો કે જ્યારે તે એવો કીર્તિવાન બોલનારો થઈ પડયો કે તેને સાંભલવાને લોકો આતુર રહેતાં હતાં.

ખંતીપણું જોકે ફતેહ મેલવાવેછે તોપણ જો તે ભલાં કામોમાં વાપડયું હોય તોજ વખાણવા જોગ છે. બુરાં કામોમાં ખંતીપણું અતિ ધિક્કાર ભરેલું છે. અશો જરથોશતે દુનીઆને ખરા ધર્મનો ઉપદેશ કરવામાં ગમે તેવી મુશ્કેલીઓ અને આફતો આવી પડી[1] તોબી ખંતીપણે કોશેશ ચાલુ રાખી તેમાં તે સાહેબની કીર્તિ છે અને તેના શુભ દાખલાની હરએક ભલાં કામમાં નકલ કરવી જોઇએ. પણ અફ્રાસીઆબે ઇરાનીઓને લુટી લઇને હેરાન કરવામાં લાંબો વખત ખંતીપણું રાખ્યું[2] તેમાં તે લીયાનત શિવાય બીજું કાંઇ પામ્યો નથી. જો એવું બનતે કે જરથોશતને નિષ્ફલતા મલતે અને અફ્રાસીઆબને ફતેહ‌ બી મલતે તોપણ જરથોશતની કીર્તિજ ગવાતે અને અફ્રાસીઆબપર લીયાનતજ નખાતે.

દોહરો.

નાહનાં મોહટાં કામમાં, ખંતી થવું હમેશ;
હોય કામ જો નેક તો,—નહી બુરાંમાં લેશ.

---

૧ યજશને ૪૬ ફ૦ ૧—૨; ૪૯ ફ૦ ૧—૩: ઇત્યાદિ.
૨ જમીઆદ યશ્ત ફ૦ ૫૬—૬૪, ૮૨.

પાઠ ૨૪ મો.

અ દે ખા ઈ.

[illegible]

[illegible]

અ.સ્કો દએવોદાતો.[૧]
અકે અવારૂની મ બર.[૨]

અ ર્થ.

"અદેખાઇ દેવો (એટલે બુરાઓ)ની કીધેલી."
"બુરી અદેખાઇ મા રાખ."

આપણા જરથોસ્તી ધર્મમાં અદેખાઈ કરવાનો મોહટો ધિક્કાર[3] અને ગુનાહ[4] જણાવ્યોછે. અદેખું માણસ બીજાંનું સારૂં જોઇ શકતું નથી અને તેને કોઇબી રીતે ખરાબ કરવાની તજવીજ કરેછે.[5] અદેખાઈ આપદુઃખ અને પરહાનીને જન્મ આપેછે. ખુદા આપણથી એવું ઇચ્છેછે કે આપણે બીજાંનું સારૂં જોઇને ખુશી થવું અને કોઇનુંબી ખરાબ કરવું નહી. પણ અદેખું માણસ ખુદાની મરજીથી ઉલટું ચાલવાનો ગુનાહ કરેછે. બલકે તે નિર્દોષની દુશમની કરવાનો અને ખુદાએ બીજાં ઉપર કીધેલી બખશેશ માટે તે સાહેબની ખાંપણ કહાડવાનો બેવડો ગુનાહ કરેછે. ખચીત તેને આ જીંદગીમાં અને આવતી જીંદગીમાં સજા થવા વગર રેહેતી નથી.

---

૧ વજશાને ૯ ૬૦ ૫.
૨ લગનના આશીરવાદ.
૩ વજશાને હા ૫૨, ૬૦ ૨.
૪ પતેત પશેમાની કરદો ૧૧.
૫ વજશાને હા ૫૨, ૬૦ ૨.

અદેખું માણસ પોતે પોતાનું કાંઇ થોડું ખરાબ કરતું નથી. તે પોતે પોતાનાં સુખનો નાશ કરેછે. બીજાંની અદેખાઈ કરવાથી રાત દીવસ તેનું મન બલાપાના આતશમાં બલેછે, અને બીજાંનું ખરાબ કરવાના વિચારો અને તજવીજો કરવામાં તેનો ઘણોએક કીમતી વખત અને મેહનત બરબાદ જાયછે. જો કદાચ તે પોતાની તે બુરી મકસદમાં ફાવેછે તો ફાવવા છતાંબી તેને સુખ થતું નથી. કેમકે તેનું અંતઃકરણ તે ખોટું કામ કરવા વિષે તેને હમેશાં ડંખ્યા કરેછે અને જો તેણે અદેખાઇથી મેલવેલો અણઘટતો ફાયદો બીજાંઓને જણાયછે તો તેથી તેઓની આગલ તેની આબરૂ સદાની જાયછે. જો તે અદેખાઇથી બીજાંનું ખરાબ કરવામાં નિષ્ફલ થાયછે તોબી તેને બેવડું દુઃખ થાયછે. એકતો અંતઃકરના ડંખનું દુઃખ અને બીજું તો પોતાની નામોસીનું દુઃખ. ફારસીમાં કેહવતછે કે "અદેખીનાં દુઃખથી મરણ સિવાય છુટકો નથી."

જે માણસ બીજાંની અદેખાઈ કરેછે તે પોતેજ પોતાનું ઉતરતાપણું અને તેનું ચહડતાપણું સાબીત કરી આપેછે. તો જોકે કેટલીએક વખતે અદેખું માણસ જેની અદેખાઇ કરેછે તેના કરતાં ચહડતી પદવીનું હોયછે. ઉતરતાં માણસો ચહડતાં માણસની અદેખાઈ કરેછે એટલુંજ નહી પણ ચહડતાં માણસો ઉતરતાંની પણ અદેખાઇ કરેછે. કેટલીએક વખતે પોતા પાસે જે ચીજ નહી તે ચીજ બીજાં પાસેછે તેથી તે તેની અદેખાઇ કરેછે. કેટલીએક વખતે પોતાની પાસે જે ચીજ હોય તે બીજાંને મલવાની હોય તો તેની પણ અદેખાઇ કરેછે. એ પ્રમાણે અદેખું માણસ અદેખાઈ કરવાથીજ પોતે જેની અદેખાઇ કરેછે તેના કરતાં હલકું ઠરેછે.

અદેખાઇને લીધે દુનીઆને બહુ ગેરફાયદા થાયછે. રાજાઓ એકબીજાની અદેખાઇ કરીને નાશકારક લડાઇઓ કરેછે તેમાં લખો માણસોના જીવ જાયછે, કરોડો રૂપીઆની દોલતનો નાશ થાયછે, અને ઘણાંએક વર્ષો લગી મેહનત અને ઉદ્યોગથી બાંધેલી આબાદી સહેજ વખતમાં ફના થઇ જાયછે. વેપારીઓ, ધંધાદારીઓ, અને બીજાં માણસો એકબીજાંની અદેખાઇ કરેછે તેથી દુનીઆની આબાદીને કાંઇ થોડું નુકસાન થતું નથી. જે ઘરમાં માણસો એકબીજાંની અદેખાઇ કરેછે તે ઘરમાં હમેશ કુસંપ અને કજીઆ કંકાસ ચાલુ રહેછે તેથી તેઓને સુખ મળતું નથી.

શાહનામામાં એવું વર્ણન કીધેલુંછે કે પેશદાદ વંશના પાદશાહ ફરેદુનના સલમ, તુર, અને એરચ એ ત્રણ છોકરા હતા. એરચ જે સહુથી નાહના હતા તેની અદેખાઇ કરીને પેલા બે વડા ભાઇઓએ તેને મારી નાખ્યો. તેથી તેઓનાં ખાનદાનમાં કજીઆનું બી રોપાયું અને ઘણાંએક વર્ષો લગી તેઓની ઓલાદના પાદશાહો એકબીજા સાથે લડતા રહ્યા, લખો માણસોના જીવ ગયા, અને તેઓનાં દેશોમાં ઘણીએક ખરાબીઓ થયા કીધી. પુરાતન ગ્રીસ દેશમાં સ્પાર્ટા અને એથન્સનાં રાજ્યોએ એકબીજાંની અદેખાઇને લીધે ઘણાંએક વર્ષો લગી માહોમાહે લડાઇઓ કરીને પોતાની ઘણી ખરાબી કીધી હતી. પુરાતન રૂમ અને કાર્થેજનાં પ્રજાસત્તાક રાજ્યોએ પરસ્પર અદેખાઇ કરીને ઘણાંએક વર્ષો લગી લડાઇઓ કીધી જેમાં કાર્થેજનો એવો સઘળો નાશ થયો કે આજે તેની કશી નીશાન રહી નથી. એવી એવી ઘણીએક લડાઇઓ માત્ર અદેખાઇને લીધે દુનીઆમાં થઇછે અને તેથી માણસ જાતને ઘણાં નુકસાનો થયાં છે.

છોકરાંઓ ! તમે કદી એકબીજાંની અદેખાઈ કરશો મા. જયારેથી તમારાં મનમાં અદેખાઈનો વિચાર આવે ત્યારે તેને એકદમ કહાડી નાખજો. તેથી તમે બહુ સુખી થશો. નહિતો તમે બહુ દુઃખી થશો અને તમુને. અદેખાઈ કરવાના ગુનાહની સજા થયા વગર રહેશે નહિ.

બએત.

અદેખાઇ "દુશ્મત"નો સમજો ગુનાહ—
કરો તર્ક તેને, ફકીર હોવ કે શાહ.

પાઠ ૨૫ મો.

બદીને બદલે નેકી.

[illegible]

[illegible]

[illegible]

[illegible]

મર્દુમાન્, પ કેહે કર્દન્ તુક્ષા બેદ્. ચે તાન્ ન ફ્રમૂદ્ યઝદ્ વનાહ્ કર્દન્.[૧]

આંચે પ ખેષ્ તન્ ન ષાયદ્ બેદ્ પ હેચ્ કસ્ મ કુનેદ્.[૧]

૧ બનામે અહુરમઝદ નામની સેતાયશ.

અર્થ.

"ઓ માણસો! નેકી કરવામાં કોશેશમંદ રહો. કેમકે ખુદાએ તમને બદી કરવા નથી ફરમાવ્યું."

"જે પોતાને થયલું નહી ગમે તે બીજાંનેબી મા કરો."

સાસાનીઆન વંશના પહેલા પાદશાહ અરદેશર બાબેકાને પોતાને તાબેનાં શેહેરો તથા ગામોમાં ઘણીએક દબેસ્તાનો એટલે નિશાળો સ્થાપી હતી. તેઓમાંની એક દબેસ્તાનમાં બેહઝાદ અને ખુસરો એ નામના બે છોકરા સાથે તાલીમ લેતા હતા. બેહઝાદનાં માબાપ ગરીબ હતાં અને ખુસરોનાં તાલેવંત હતાં. ગરીબ બેહઝાદનો પોશાક ખુસરોના જેવો કીમતી નહી હતો. તેનાં હલકી જાતનાં કપડાં અને ગરીબ અવસ્થાની મસખરી કરીને ખુસરો વારંવાર તેની હસી કરતો હતો. બેહઝાદને તેથી બહુ માઠું લાગતું હતું, તોપણ તે ભલો છોકરો તે અપમાન સાંખી જતો હતો અને જેમ બને તેમ તેની સોડથી દૂર રહેતો હતો.

એક દહાડે તે પોતાની નિર્દોષ રમતમાં ગુંતેલો હતો ત્યારે તેણે ખુસરોને કોઈ છોકરાને એમ કહેતાં સાંભલ્યો કે મેં તવારીખનો સબક આજે તૈયાર કીધો નથી તેથી હું બીહું છું કે ઉસ્તાદ મને સર્વેનાં દેખતાં સખત ઠપકો આપશે. મારી તવારીખની કીતાબ હું ઘેર વીસરી આવ્યો છું. ઉસ્તાદ હવડાં આવી લાગશે અને મારૂં ઘર ઘણું દૂર છે ત્યાં જઈને કીતાબ લાવવાનો અને સબક તૈયાર કરવાનો વખત રહ્યો નથી. એમ કહીને તે ગભરાવા લાગો. તેના સાથીઓ તે ઉપરથી ગમત મેલવીને તેની સાથે રમુજ કરવા લાગા. તેમ તેમ પેલા મગરૂર ખુસરોને વધારે દુઃખ થવા લાગ્યું. તેઓ તેને ગરીબ બેહઝાદનાં સાદાં કપડાંની મસ-

ખરી કરવાની યાદ આપવા લાગા અને કહેવા લાગા કે તું તેને હમેશાં પજવેછે પણ આજે તુંને ઉસ્તાદ ધમકાવશે ત્યારે તેને ટાહડક પડશે ખરી. એવી એવી બીજી વાતો કરીને તેઓ ખુસરોને બીજવવામાં મોજ મેલવતા હતા પણ કોઈ તેને પોતાની તવારીખની ચોપડી આપતું હતું નહી.

આ બધું જોઇને ભલા બેહઝાદને બહુ ખોટું લાગ્યું. પોતાને પજવનારને બીજાઓ પજવતા હતા તેથી તે ખુશી નહી થયો પણ તુરત પોતાની તવારીખની કેતાબ લઇ આવ્યો અને ખુસરો પાસે જઇને તેને દીલાસો દીધો અને કહ્યું કે ખુસરો ! આ મારી તવારીખની ચોપડી લે અને ઉસ્તાદ આવે તેટલે તારીખ બને તેટલો સબક તયાર કર. જો તને તેમાં કંઇ મદદ જોઇએ તો તે કરવાને હું ખુશીથી તયાર છું.

આ વાર્તામાં ભલા બેહઝાદે પોતાને હેરાન કરનાર ખુસરો સાથે જે તારીફ લાયક ચાલ ચલાવી તે એક અશો દસ્તુરે જોડેલી એક પવિત્ર સેતાયશમાંથી આ પાઠને મથાલે ટાંકેલાં નીતિનાં વાકયઓનો એક દાખલો છે. એજ પ્રમાણે દરએક જણ દુનીઆમાં એકબીજાં સાથે વર્તે તો કેવું સારું ! "બીજાંઓ આપણી સાથે જે ચાલ ચલાવે તે આપણને ગમે નહી તો તેવી ચાલ આપણેબી કોઈ સાથે ચલાવવી નહી." એટલુંજ નહી પણ આપણી સાથે કોઇએ બદી કીધી હોય તો તેના બદલામાં આપણે બદી નહી પણ નેકી કરવી. કારણ કે "ઓ માણસો ! નેકી કરવામાં કોશેશમંદ રહેજો કેમકે ખુદાએ તમને બદી કરવા નથી ફરમાવ્યું." જરથોસ્તી બાલકો ! આ અશો દસ્તુરની બંધે નસીહતો યાદ રાખજો અને તે પ્રમાણે અમલ કરતાં રહેજો. એમ કરવાથી તમે દરરોજ નિર્દોષપણાંમાં અને નેકી કરવામાં આગલ વધતાં રહેશો. આ અશો દસ્તુરની નસીહત પ્રમાણે દુનીઆના

બીજા ઘણાએક નામીચા ઉસ્તાદો નસીહત કરી ગયાછે. જેમકે શેખસાદી કહેછે કે "જો કોઇ મારા રસ્તામાં કાંટા વેરે તો હું તેના રસ્તામાં ફુલ પાંથરૂં." "બદીના બદલામાં બદી કરવી બહુ સેહલછે, પણ બદીના બદલામાં નેકી કરવી તે ખરી બહાદુરી છે."

દોહરો.

"કાંટા બદલે ફૂલ" માં, ખરી સજ્જનતા જાણ—
"દે ચંદન કૂહાડને, સુગંધ"—એજ પ્રમાણ.

પાઠ ૨૬ મો.

પરોપકારી કામો કરવાની આદત.

𐬟𐬭𐬀𐬰𐬀𐬌𐬥𐬙𐬍𐬨 .... 𐬬𐬊𐬵𐬎𐬥𐬄𐬨 𐬃𐬰𐬋𐬠𐬎𐬘𐬆𐬨.

ફ્રઝઇન્તીમ્..... વહાપાંમ્ આંઝોબુજેમ્.[1]

અર્થ.

"ફરજંદ.....જે સારાં કામો કરનાર અને તંગીમાંથી છોડવનાર."

શીરીન નામે એક નાહની છોકરી હતી. તેણી એક દિવસે હરખાતી પોતાની મા પાસે જઇને કહેવા લાગી કે "માયજી, મને બહુ ખુશી લાગેછે." માએ પુછ્યું, "શાથી ખુશી લાગેછે?" શીરીને કહ્યું "હું ઓટલા ઉપર ઉભેલી હતી ત્યાં એક ગરીબ ભીખારીની છોકરી આવી. તે બહુ તરસી હતી તેથી મારી પાસે થોડું પાણી માંગ્યું. મેં ઘરમાંથી પાણી લઈ જઇને પાયું. તેથી તે તૃપ્ત થઇને બોલી કે

---

૧ યજશને હા ૬૨ ક૦ ૫.

'નહાની બાઈ! ખુદા તમારૂં ભલું કરશે.' તે ગરીબ છોકરીના આ સખુનોથી મને બહુ ખુશી લાગેછે."

તેણીની માએ તેણીને બહુ શાબાશી આપી અને શિખામણ દીધા કે "મારી વહાલી દીકરી, એજ પ્રમાણે ગરીબો તથા અશક્તોને મદદ કરતી રહેજે. દરએક જરથોશ્તી પોતાનું ફરજંદ હરએક માણસને તંગીમાંથી છોડવનાર થાય એવી દુઆ માંગેછે. અશક્તોને મદદ કરવી એ આપણા ધર્મનું એક મુખ્ય ફરમાનછે.[૧] આપણા જરથોશ્તી ધર્મમાં આપણથી બને તેમ ભુખ્યાંને અન્ન, તરસ્યાંને પાણી, નાગાંને વસ્ત્ર, માંદાંને દવાદારૂ, અને તંગીમાં આવેલાંને હરએક તરેહની મદદ કરવાનું કામ મોહટા સવાબનું કરી જણાવેલુંછે. એ સવાબ કરવાથી હમેશાં ખુદા ખુશી થાયછે. હું તે દાદારની હજુરમાં માંગુંછું કે તે તુને હમેશાં બીજાંઓને તંગીમાંથી છોડવવાની બુદ્ધિ આપે!"

શીરીને કહ્યું "ત્યારે તો હું હમેશાં દુઃખીઓને મદદ કરીને ખુદાને ખુશી કરવાની આદત રાખશ." તેણીની માએ કહ્યું "જો તું એવી આદત રાખશે તો જેમ તુને હવડાં ખુશી ઉપજે તેમ દરએક વખતે તેવું કામ કરવાથી ખુશી ઉપજશે. હવડાં તું નહાની છે ત્યારથી તેં દુઃખીઓને તથા તંગીમાં આવેલાંઓને મદદ કરવાની ટેવ પાડવી જોઇએ."

શીરીને પોતાની ભલી માતાની આ શિખામણ યાદ રાખીને સારાં પરોપકારી કામો કરવાની આદત પાડી. તેણી પોતાને મળતા પૈસામાંથી આંધળાં, લુલાં, લંગડાં, અને અશક્તોને સખાવત કરતી; ગરીબ સગાં, પડોશી, તેમજ હરએક બીજાંઓને જો માંદાં પડેલાં સાંભળતી તો તેઓની મુલાકાત લઇને પોતાથી બનતી તેઓની બરદાશત તથા

---

૧ યથા અહૂ વઈર્યો.

તેઓનું કામકાજ કરતી; અને અભ્યાસમાંથી વખત મળતાં તેઓ પાસે બેસીને સારી સારી ચોપડીઓ વાંચી તેઓનું દુઃખ વીસરાવતી. એ વગેરે તેણી પોતાથી બની શકે તેટલી અશક્તોને ઉપયોગી થતી.

કહેવતછે કે "જેવું નહાનપણ તેવું મોટપણ" અને "કુમળું ઝાડ જેમ નમાવીએ તેમ નમે" તેથી જ્યારે તેણી મોહટી થઇ ત્યારે તેણીએ ઘણાંએક જાહેર પરોપકારી ખાતાંઓનાં કામકાજમાં ઉલટથી ભાગ લેવા માંડયો. જેમ જેમ તેણી તેવાં સારાં કામોમાં વધારે રોકાવા લાગી તેમ તેમ તેણીને વધારે ખુશી અને સુખ ઉપજવા લાગ્યું. પછી વખત જતાં તેણીને પરોપકારી કામો કરવાની એવી આદત પડી ગઇ કે તે કીધા વગર તેણીને ચાલેજ નહી. કોઇજ અઠવાડીયું એવું જાય કે જેમાં તેણીએ કાંઇ પરોપકારી કામમાં થોડોઘણો ભાગ લીધો નહી હોય. એથી અંતે તેણીએ એક ભલી પરોપકારી બાનુ તરીકે નામ કહાડયું.

તેણીની ભલી માતાએ જે શિખામણ દીધી હતી અને પોતાની બેટી પારકાંઓનાં દુઃખ ટાળનારી થાય એવી દુઆ જે તેણીએ માંગી હતી તે કેવી સંતોષદાયક રીતે પાર પડી! વાંચનાર છોકરાંઓ! તમેઓ શીરીનને જેવાં નેક, પરોપકારી, અને બીજાંઓને "તંગીમાંથી છોડવનાર" થવાની આદત પાડો કે તમારાં માબાપો તમને તેવાં થવાની ઇચ્છા રાખેછે તથા દુઆ માંગેછે તે આમીન થાય.

ચોપાઈ.

જરથોસ્તી માબાપો જે
માંગે દુઆ હમેશાં તે—
"ફરજંદો નેકી કરનાર,
તંગીમાંથી છોડવનાર."
જો ફરજંદો તેવાં થાય,
તોજ દુઆ આમીન કહેવાય.

પાઠ ૨૭ મો.

હવા—ખુદાની એક બખશેશ.

𐬬𐬁𐬙𐬋 𐬙𐬀𐬑𐬨𐬋 𐬨𐬀𐬰𐬛𐬀𐬜𐬁𐬙𐬋

વાતો તખ્મો મઝદધાતો.[1]

અર્થ.

"વાયુ જોરાવર (જે) અહુરમઝદે બનાવેલો (છે)."

ખુદાએતાલાની ઉત્તમ પેદાયશોમાં હવા એક અજાયબીઓથી ભરેલી ઉપયોગી ચીજ છે. તેનું પડ આખી દુનીઆની આસપાસ ફરી વલેલું છે. તે આપણાં શરીરને લાગેછે, આપણા દમમાં પેસેછે અને બાહેર નીકલેછે, તોપણ તે આપણી આંખે દેખાતી નથી! પાણીમાં ખાલી વાસણ બોરતાં જે બુડબુડ કરતો અવાજ થાયછે તથા પાણીપર પરપોટા ફુટેછે તે હવાથી થાયછે. હવા બધી જગાએ પસરતી રહેછે. કોઈબી ચીજમાં ગમે તેવું બારીકમાં બારીક છિદ્ર હોય તેમાંબી તે દાખલ થાયછે. લાંબો વખત ગુજરતાં દુનીઆની દરએક વસ્તુના સૂક્ષ્મોને હવા છુટા પાડેછે.

હવા કોઈવાર સ્થિર તો કોઈવાર હીલચાલ કરતી રહેછે. જ્યારે હીલચાલ કરેછે ત્યારે તેને પવન કરી કેહેવામાં આવેછે. પવનનો વેગ કોઈવાર કલાકના પાંચ સાત માઈલ તો કોઈવાર હજારો માઈલ હોયછે. પવનનાં બલથી ઘણાં ઉપયોગી કામો કરવામાં આવેછે. પવનથી વહાણ હંકરાયછે, આટો દલવાની અને બીજાં કામોની ચક્કીઓ ફેરવવામાં આવેછે, આકાશમાં બલુનો ઉરાડવામાં આવેછે, અને એ વગેરે બીજાં ઘણાંએક કામો કરવામાં આવેછે.

---

૧ વંદીદાદ ૧૯ ફ઼૦ ૧૩.

દર ચોરસ ઇંચ જગાએ હવાનો પંદર પૌંડનો ભાર પડેછે. આપણાં શરીરપર દર ચોરસ ઇંચ જગાએ પંદર પૌંડનો હવાનો ભારછે. તોબી કેવું અજબ જેવું છે કે આપણને કાંઇજ ભાર લાગતો નથી ! એનું કારણ એ છે કે બધી તરફથી સરખો ભાર પડેછે તેથી તે જણાતો નથી. જો શરીરની કોઇબી જગે પંદર પૌંડથી ઓછો કે વધતો હવાનો બોજો પડે તો તે જગાએ દરદ થઇને આપણને તે તુરત જણાયા વગર રહે નહી અને તે વખતે આપણી હાલત ભય ભરેલી થઇ પડે. બધી તરફ હવાનું દબાણ સમતોલ રાખવામાં આપણા કિર્તારે કેવું ડહાપણ, દયા, અને દૂર-અંદેશી દેખાડીછે !

હવાના બાબમાં કિર્તારની કરામત અને બખશેશ એટ-લીજ નથી. હવાથી આપણને જે જે ફાયદા થાયછે તેઓમાં સહુથી મોહટો ફાયદો એ છે કે હવા ઉપર આપણી જીંદગીનો આધારછે. આપણે તેને હમેશાં દમમાં લઇએ છીએ. જો હવા નહી હોય તો આપણથી દમ લેવાય નહી અને આપણે તુરત મરી જઇએ. આ ઉપરથી સિદ્ધ થાયછે કે ખુદાએ આપણી ઉપર કીધેલી બખશેશોમાં હવા એક અતિ ઉમદા બખશેશ છે.

વલી જ્યારે આપણે દમ લઇએ છીએ ત્યારે આખાં શરીરમાં ફરીને આવેલું જે ખરાબ લોહી આપણાં ફેફસાંમાં હોયછે તેને દમમાં લીધેલી તાજી હવા માંહેલું "આકસીજન" નામનું તત્વ ચોખ્ખું કરેછે. જે ચોખ્ખું લોહી આપણી નસોમાં ફરીથી ચાલતું થાયછે તેથી આપણે જીવતાં રહીએ છીએ. જો ચોખ્ખું થવા વગર તે ખરાબ લોહી આપણાં શરીરમાં ફરતું રહે તો આપણે જલદીથી મરી જઇએ. એ પ્રમાણે આપણે દર પલે શ્વાસ લઇએ તે વખતે આપણને

ચોખ્ખી હવા તદ્દન જરૂરની છે. જો ખુદાએ આપણપર હરદમ ચોખ્ખી હવાની બખ્શેશ જારી નહી રાખી હતે તો આપણી હાલત કેવી ખરાબ થતે! આપણા પેદા કરનારનો આપણી ઉપર એ કેટલો બધો ઉપકાર છે!

વળી જો આપણે કોઇ પાસેથી કંઈ ચીજ લઇએ તો તેની કીમત અથવા કાંઇબી બદલો લીધા વગર તે આપણને આપે નહી. પણ ખુદાએતાલા આપણને જે વગર ચાલે નહી એવી અમૂલ્ય હવા હરજગે હરદમ મફત આપેછે એ તેનો આપણી ઉપર કેટલો બધો આભાર છે! કોઇ જો આપણી ઉપર કાંઈ ઉપકાર કરે તો આપણે તેનું એહસાન માનવાની ફરજ છે. ત્યારે ખુદાએતાલા જે આપણી ઉપર હવાની આટલી બધી અમૂલ્ય બખ્શેશ કરતો રહેછે તે માટે આપણે તેનાં કેટલાં બધાં શુકરાનાં કરવાં જોઇએ?

છોકરાંઓ! હવાની અનેક ખુબીઓમાંની ઉપલી થોડી એક વાંચવા પછી નીચલો કિર્તારની શુકરગુજારીનો સરોદ શું તમે નહી ગાશો?

હવાની શુકરગુજારીનો સરોદ.

ગ ઝ લ.

ખુદા તારી કરમ બખ્શેશ હરદમ ખૂબ જારીછે.
ગુનેહગારો અમે તારાં, છતાં તુજ રેહમ ભારી છે.
હવાનો દમ હમેશાં લઈ, શુકર તારો નથી કરતાં
કે આ મલતી મુફત ચીજે અમારી જાનદારી છે.
શુણી આવાજ ગાયનનો ખુશીમાં મગ્ન થઈ દિલથી
અમે નહી યાદ કરતાં એ હવાની સાઝગારી છે.
પવન લેહરી દીએ ઠંડક, લપટ ખુશ પાંથરી બાગે—
અમે ગાફેલ કે આ સઘલી ખુદાની ખૂબકારી છે.
શુકર તારા ગુજારીએં, હજારે એક ના ગુજરે—
પછી શું પાડ વાલીએં? અશક્તાઈ અમારી છે.
દયાલુ બાપ તું સહુનો—અમે બચ્ચાં મુરખ નાદાં—
સદા સંભાલ કર, દાતા! અમોને આશ તારી છે.

પાઠ ૨૮ મો.

તનદરૂસ્તી સાથે હવાનો સંબંધ.

[illegible]

વીદએવોકરે નાંમ અહ્મિ.૧

અર્થ.

"દેવ (દુઃખ દરદ) વગરનું કરનાર, એ નામે હું (હવા) છું."

આપણી તનદરૂસ્તી જાળવવા માટે હવા એક અમૂલ્ય સાધન છે. ચોખ્ખી હવા દમમાં લેવાથી તનદરૂસ્તી સુધરેછે પણ બીગડેલી હવાથી ખરાબ થાયછે. માટે જ્યાં ચોખ્ખી હવા મલે ત્યાં રેહેવું અને જ્યાં સાંકડી જગા, માણસોની ગીચ વસતી કે ગિરદી, અથવા ખરાબ વાસ હોય, ત્યાંથી જેમ બને તેમ જલદી દૂર જવું. ઘરનાં બારી બારણાં જેમ બને તેમ ઉઘાડાં રાખવાં કે ઓરડાઓમાં બાહેરની ચોખ્ખી હવાનો આવજાવ રહે. ઘરમાં તેમજ મોહલ્લામાં ગલીચાઈ રાખવી નહી. કેમકે તેથી હવા બીગડેછે. દરરોજ ખુલ્લી હવામાં ફરવા જવું અને હવાને ચોખ્ખી રાખવાના દરએક ઉપાયો વાપડવા. એ સઘલી આપણી ફરજોછે. અને જો એ ફરજો નહી બજાવીએ તો હવા જેવી ખુદાતાલાની અમૂલ્ય બખશેશનો ખરો ઉપયોગ નહી કરવાનાં તકશીરવાર થઇએ છઇએ અને તેની સજામાં તનદરૂસ્તીનું સુખ ખોઈએ છઇએ.

આપણ જરથોશતીઓના વંદીદાદમાં તથા આપણી બીજી પુરાતન કેતાબોમાં વસ્તીમાંની હવાને સાફ રખાવવાની મકસદથી કેટલાએક કાયદાઓ જણાવેલાછે અને હવામાંની

---

૧ રામ યશત, ક૦ ૪૬.

દરએક જાતની ગલીચીને માણસોની વસ્તીમાંથી દૂર કરવા ફરમાવ્યું છે. કારણ કે ગલીચ અને કોહતી વસ્તુઓમાંથી દર પલે બાહેર પડતા સૂક્ષ્મો હવા સાથે મલીને માણસોના દમમાં દાખલ થાયછે તેથી તેઓની તનદરૂસ્તી ખરાબ થાયછે. વળી એજ મતલબથી દરરોજ ઘરમાં અને આતશખાંનાંઓમાં આતશ ઉપર સુગંધી વસ્તુઓ જેવી કે લોબાન, અગર, વગેરે મુકીને ધૂપ કરવાની તાકીદ કીધીછે કે તેની લપટ હવામાં જ્યાં લગી ફેલાય ત્યાંલગી હવામાંના રોગિષ્ટ સૂક્ષ્મોની અસર ઓછી થઈને હવા સારી થાય અને સારી હવા દમમાં લેવાથી માણસોની તનદરૂસ્તીનો વધારો થાય.[૧]

જેબી કારણોથી માણસની તનદરૂસ્તીમાં ખલલ થતી હોય તેનો ઉપાય કરવાની આપણી ફરજછે અને તેથી સવાબ મલેછે એવો જરતોશ્તી ધર્મનો એક કાનુનછે. એ કાનુનની રૂએ ગલીચાઈ દૂર કરીને હવાને સ્વચ્છ કરવાનું કામ આપણામાં ફરજનું તથા સવાબનું કરી ગણાયુંછે.[૨] માટે આપણે હમેશાં ખુદાતાલાની અમૂલ્ય બખશેશ હવાને માટે તેનો આભાર માનવો એટલુંજ બસ નથી, પણ માણસોની વસ્તીમાં હવાને સ્વચ્છ રાખવાના ઉપાયોબી કરતા રહેવું જોઇએ. એ આપણ જરથોસ્તીઓની એક ફરજછે અને એથી સવાબ હાસલ થાયછે.

દોહરો.

સ્વચ્છ હવા પર છે ઘણો, જીંદગીનો આધાર—
માટે સ્વચ્છ કરી હવા, મેલવવો સુખસાર.

---

૧ વંદીદાદ ૮ ફ૦ ૭૯—૮૦. ૨ વંદીદાદ ૮ ફ૦ ૮૧—૯૬.

પાઠ ૨૯ મો.

જીંદગી નિભાવવાનું સાધન—ખાણું પાણી.

[illegible]

[illegible]

ખાષય ત્રિ વીસ્પો અહ્હુષ્ અસ્તવાઓ જવઈતિ અખાષે ક્રમઈર્યેઈતિ.[૧]

અર્થ.

"ખચીત ખાવાથી તમામ શરીરવાલી આલમ જીવેછે, ખાધા વગર તે મરી જાયછે."

હવાની મીસાલે ઓરાકપાણીબી આપણી જીંદગી નિભાવવાને માટે અવશ્ય છે. જો કોઈ માણસ અથવા પ્રાણી ઓરાક પાણી મુતલક નહી લીએ તો તે જીવી શકે નહી. ભુખમરાથી, અથવા થોડો ઓરાક લેવાથી, અથવા ખરાબ ઓરાક ખાવાથી, અથવા ખરાબ પાણી પીવાથી, રોગ ઉત્પન્ન થાયછે અને જીંદગીનો નાશ થાયછે. વલી જોઈએ તે કરતાં વધારે ખાણું પીણું લીધાથીબી તનદરૂસ્તીનો બીગાડો થાયછે. ઓરાક અને પાણી જોઈએ તેટલુંજ લેવાથી તનદરૂસ્તી સચવાયલી રહેછે. આપણી પુરાતન પેહલવી કેતાબોમાં જોઈએ તેથી વધારે ખાવાને "ફરેહ બુદી" નામનો ગુનાહ કહ્યોછે; જોઈએ તેથી ઓછો ઓરાક લેવાને "અવે બુદી" નામનો ગુનાહ કહ્યોછે; અને બરાબર જોઈએ તેટલો અને નિયમ પ્રમાણે ઓરાક પાણી લેવાની તાકીદ કીધીછે કે જે નિયમને "પદમાન" (પ્રમાણ, માફકસર હોવું) કરી કહ્યોછે.

---

૧ વંદીદાદ ૩ ફ૦ ૩૩.

આપણી જરથોસ્તી દીનમાં ઉપવાસ રાખવા જણાવ્યું નથી. તેનું કારણ એકે જે માણસ આ નિયમ પ્રમાણે ખાવું પીવું રાખે તે થોડુંજ આજારી પડે અને તેને વારેઘડીએ દવા દારૂ લેવાની જરૂર પડે નહી. એટલુંજ નહી પણ તેનું શરીર નિરોગી, કૌવતદાર, અને ચાલાક રહેવા સાથે તેનું મનબી હુશીઆર, ચંચલ અને ખુલ્લું રહે. એ નિયમ એવા ફાયદાકારક છે. માટે દરએક જણે એ નિયમ પ્રમાણે માફકસર ખાણું પીણું લેવાની ફરજ છે.

"એક ફીલસુફે પોતાના બેટાને ઘણું ખાવાથી વાર્યો કે ખુલીયાપણું માણસને અસુખી રાખેછે. ત્યારે છોકરાએ કહ્યું:—પણ બાવાજી! ભુખમરો માણસને મારેછે. બાપે કહ્યું:—પણ બેટા! હદ જાલવ. એટલું બધું મા ખા કે ખાધેલું પાછું બાહેર આવે, તેમજ એટલું થોડુંબી નહી કે જેથી તારો જાન બાહેર આવે. જોકે ખાણું પોતે જીંદગીની એક મોજછે તોપણ જોઇએ તે કરતાં વધારે ખાધેલું અસુખ કરેછે."

ખાણું બર વખત અને નિયમસર લેવું જોઇએ અને જે વખતે જે મલી આવે તે ઉપર શુકરાનાં કરીને ખુશ મીજાજથી ખાવું જોઇએ. ખાણું ખાતી વખતે જીવ કુહરાવવો નહી જોઇએ. વલી ઘણું સારૂં સારૂં ખાવાની ટેવ પાડવી નહી જોઇએ. અંગ્રેજીમાં કહેવતછે કે "સાદો ખોરાક સહુથી સરસ મોજછે." વળી અંગ્રેજીમાં તેમજ ફારસીમાં બીજી એક કહેવત છે કે "જીવવાને માટે ખાવું, ખાવાને માટે જીવવું નહી." ખુલીઆં, એધી, અને ઉડાઉપણે ખરચ કરીને ખાનારાંઓ તનથી તેમજ મનથી હમેશાં દુ:ખી થાયછે.

"એક પૈસાવાલા ગૃહસ્થને ઘણું ખાવાની ટેવ હતી તેથી તે વારેઘડીએ માંદો પડતો હતો. અંતે કંટાલીને તેણે એક

નામીચા હકીમની સલાહ પુછી. તેણે તેની હકીકત સાંભલી લઇને કહ્યું કે જો તમે મારી સલાહ મુજબ ચાલવાને કબુલ કરો તો હું તમારી દવા કરૂં. પેલાએ કહ્યું કે હું તમારા હુકમથી જરાબી ઉલટો ચાલીશ નહી. 'ત્યારે તમે એક ઘોડો ચોરી લાવો' હકીમે કહ્યું.

'શું હું, ઘોડો ચોરવા જાઉં !'

'હા સાહેબ ! તમે ઘોડો ચોરવો જોઇએ. પછી તમને પકડીને બંદીખાને નાખવામાં આવે અને ત્યાં તમને નિયમસર ખાવાનું મલે તો તમે ઘણું ખાવાનું છોડી દેઓ. પછી તમે જોશો કે થોડા વખતમાં તમે કેવા પાછા તનદરૂસ્ત થઇ જાઓછો'."

સાદી જીંદગી ગુજારનારાં લોકો જેઓ હમેશાં સાદો અને સોજો ખોરાક ખાયછે તથા તાજું અને નિર્મળ પાણી પીએછે તેઓ ઘણું લીજતદાર, મસાલેદાર, અને તરેહવાર ખાણું પીણું લેનારાંઓ કરતાં વધારે સારી તનદરૂસ્તી ભોગવેછે.

ખરી ભુખપર ગમે તેવો સાદો ખોરાક મજેહદાર થઇ પડેછે. આપણાં પુરાતન વતન ઇરાન દેશનો પાદશાહ અરદશીર એકવાર શીકારગાહમાં રસ્તો ભુલી જવાથી પોતાના સોબતીઓથી જુદો પડી ગયો હતો. તેને ઘણી ભુખ લાગવાથી એક ગામડીઆએ આપેલાં સુકાં અંજીર ખાઇને તથા ફકત પાણી પીને રેહેવું પડયું. તે વખતે તે સાદો ખોરાક અને પાણી પાદશાહ અરદશીરને એવું તો લીજતદાર માલમ પડયું કે તે બોલ્યો કે મેં મારી જીંદગીમાં આવી મોજ કોઇ દહાડે કીધી હતી નહી.

ઘણાખરા મહાન પુરૂષો જેઓ મોહટાં કામો કરીને નામદારી મેલવી ગયાછે તેઓ ખાવા પીવામાં ઘણું કરીને મિતાહારી હતા. જેવાકે સાયરસ, નેપોલીઅન બોનાપાર્ટ, જેનરલ

વોશીંગટન, જુલીઅસ સીઝર, પાદશાહ અકબર, અને બીજા ઘણાએકો.

ખુદાએતાલા આપણી ઉપર જે અગણીત બખશેશો કરતો રહેછે તેઓમાંની એક એ છે કે તે આપણે સારૂ અન્ન પાણી ઉત્પન્ન કરેછે. માટે ખાણું પાણી લીધા અગાઉ આપણે તેનો આભાર માનવાની ફરજ છે.[1]

દો હ રા.

ભૂખમરો એધીપણું, બંધે દુખનાં મૂલ—
"પ્રમાણ ખાવા પીવામાં" દિલથી કરો કબૂલ.
અન્ન પાણી દાદારથી, મલેછ સઘલું સાર—
તેનો જરતાં ફર્જ છે, કબૂલવો આભાર.

પાઠ ૩૦ મો.

ખાણાંપીણાની શુકરગુજારીનો સરોદ.

[illegible]
[illegible]
[illegible]
[illegible]

યસ્ચ અએતએષાંમ્ મઝ્દયસ્નનાંમ્ પેરેનાયુનાંમ્ અઇવિઝ્રૂઝ્યનાંમ્ ઇમાં વચો નોઇત્ વીસઇતિ ફ્રમ્રૂઇતે અએતાંમ્ આ યાતુમનહે જસઇતિ.[2]

---

૧ યજશને હા ૮ ફ૦ ૪.   ૨ યજશને હા ૮ ફ૦ ૪.

અર્થ.

"આ પુરતી વચનાં અને ભક્તિ કરી શકે એવાં મઝદયસ્નોમાંનું જે કોઇ આ (શુકરગુજારીનાં) વચનો બોલતું નથી તે જરથોસ્તીથી ઉલટો ધર્મ માનનારની ગતિ (હાલત) ને પોંહચેછે."

ગઝલ.

શુકરાનાં તારી ન્યામતોનાં, ઓ અન્નદાતાર !
તારા વિના નથી અમારો કોઈ પાલનાર.
આકાશ, પૃથ્વી, સૂર્ય, મેઘ, વાયુ, રાત દિન
તારા હુકમે ભોજનો સહુનાં કરે તયાર.
પેદા કીધો પોષણને કાજ અમારો તેં ખોરાક.
તારી ખુશીઓનો કદી પણ થાય ના શુમાર.
ખોરાક હોય જો નહી તો પ્રાણી જીવે કેમ ?
ખોરાકથી મલેછ સહુને મોજ સુખ અપાર.
ભુખી ઉઠેછે ખાબથી સદા ખલક તમામ,
ભુખ્યું નથી સુવાડતો કોઇને તું દાદાર.
ભોજન જમી તુને નમી થઈ નિમકહલાલ,
આભારમાં રહીશું શબોરોજ, ઓ દાતાર !
આલમની છે ફીકર તને, ઓ કુલ જગતના બાપ !
દેછે તું સદા ને દેશે આધાર ને આહાર.

પાઠ ૩૧ મો.

ક્રૂર સ્વભાવ.

[illegible]

[illegible]

[illegible] ...... [illegible]

ક્રોઇ દ્રેગ્વોદેબીષ્ ખ્રૂરાઇષ્ રામાંમ્ દાઓંતે.[1]
હમેષે........હુહીમ્ બાષ્.[2]

અર્થ.

"ક્રૂર સ્વભાવનાં બુરાંઓથી શાંતિ કોણ આપે ?"
"હમેશા સારા સ્વભાવવાલાં રહેજો."

ઉપલી ગાથાવાણીમાં અશો જરથોશતે ક્રૂર સ્વભાવને ઘણો ધિક્કારી કહાડયોછે અને આપણા લગનના આશીર-વાદમાં દરએક જણને પોતાનો સ્વભાવ હમેશાં સુધારતા રહેવાની શિખામણ દેવામાં આવેછે. માટે આપણે ક્રૂર સ્વભાવ રાખવો નહી અને આપણામાં જે કાંઇ ક્રૂરપણું હોય તે સુધારવાની કોશેશ કરતાં રહેવું. ધર્મીપણાંથી અને ખુદાની ખાસીઅતો—દયા, માયા, કૃપા, રેહેમદીલી, ઇત્યાદિ—થી ક્રૂરપણું એવું ઉલટું છે કે જે કોઇ ક્રૂર સ્વભાવ રાખે તે ખુદાઇ ખાસીઅતોને પોંહચે નહી. ક્રૂર સ્વભાવ જંગલીપ-ણાંની અથવા ફાડી ખાનારાં જાનવરોની ખાસીઅત છે. તે જો મનુષ્ય જેવાં ઉત્તમ પંક્તિનાં પ્રાણીમાં હોયતો તેની તે એક શરમ ભરેલી એબ છે. આપણા પુરાતન ઇરાનીઓમાં

---

૧ યજશને ૪૮ ફ૦ ૧૧. ૨ લગનના આશીરવાદ.

જુહાક અને અફરાસીઆબને વિષે તેમનાં ક્રૂર કામોને લીધે એવો ધિક્કાર બેસી ગયો હતો કે તેઓનાં નાંમ દેતાં તેઓપર લ્યાનત નાંખવામાં આવતી હતી. એજ પ્રમાણે સર્વ પ્રજાઓની તવારીખો ઉપરથી જણાયછે કે ક્રૂર સ્વભાવનાં રાજકર્ત્તાઓને હમેશાં માણસો ધિક્કારતાં આવ્યાંછે.

ક્રૂર માણસમાં ઈનસાફ નથી તેથી તે પોતાનું અન્યાયીપણું જોતું નથી. જો તે જુવે તો વિચાર કરે કે જો કોઈ મારી ઉપર ક્રૂરપણું વાપરે તો મને જેમ દુઃખ થાય તેમજ મારાં ક્રૂરપણાંથી બીજાંને દુઃખ થતું હશે. ક્રૂર સ્વભાવનું માણસ પોતેબી સુખ ભોગવતું નથી. કેમકે તે વારેઘડીએ અને સેહલાઈથી ગુસ્સાના આવેશમાં આવી જાયછે તેથી તેનું લોહી ઉકલી આવેછે. તેની વર્તણુકથી બીજાંઓને જે જે દુઃખો થાયછે તેનો વિચાર જ્યારે તેનું મન શાંત હોય ત્યારે આવેછે તેથી તેને પસ્તાવો લાગીને તેનાં મનને સંતાપ થયા વગર રેહેતો નથી. એક જણના ક્રૂર સ્વભાવથી આસપાસનાં ઘણાં જણનાં સુખનો નાશ થાયછે. ક્રૂર સ્વભાવનું માણસ જ્યાં જાયછે ત્યાં કોઈ તેની સોડ રેહેતું નથી. તે કોઈબી સારા અને મોહટા ઓહદા ભોગવવાને નાલાયક ઠરેછે. ક્રૂર સ્વભાવનો રાજા, ક્રૂર સ્વભાવનો ઓહદેદાર, ક્રૂર સ્વભાવનો શિક્ષક, ક્રૂર સ્વભાવનાં માબાપ, ક્રૂર સ્વભાવનો શેઠ, ટુંકમાં જેબી કોઇ બીજાંઓ ઉપર ઉપરીપણું ધરાવતું હોય તે જો સ્વભાવે ક્રૂર હોયતો પોતાનાં કામને નાલાયક થાયછે.

"એક દહાડે પુરાતન ગ્રીક લોકોનાં એથન્સ શેહરની રાજ્યસભાના ઉંચે દરજ્જેના સભાસદો તેઓની સભાની હમેશ બેસવાની ટેકડી ઉપર ખુલ્લી હવામાં રાખેતા મુજબ સભામાં બેઠેલા હતા. તેઓ રાજ્યને લગતી બાબતો ઉપર વિચારો આપતા હતા તેવામાં તેઓએ જોયું કે એક સકરો

એક ચક્લીની પુઠે લાગ્યો હતો. તે ક્રૂર સકરાના પંજામાંથી છટકવાને તે ચક્લીએ તેઓમાંના એક સભાસદના જભ્ભામાં ભરાઈને તેનો આશરો લીધો. તે સભાસદ ક્રૂર સ્વભાવનો હતો તેથી તેણે તે ગરીબ ચક્લીને એવી તો જોરથી જમીનપર અફાડી કે તેથી તે મરી ગઈ. આ તેની ઘાતકી વર્તણુકથી બધા સભાસદોનાં દીલ દુઃખાયાં. તેથી તેઓએ એકમતથી ઠરાવ કરીને પેલા સભાસદને રાજ્યસભામાંથી હાંકી કહાડયો. આ પ્રમાણે કરવાની તેઓની મતલબ એ હતી કે તેમ કરીને સર્વે લોકને દેખાડવું કે રાજ્યકારભાર ચલાવવામાં દયા અને માયાના ગુણો અતિ જરૂરના છે અને સખત દીલનું તથા ઘાતકી સ્વભાવનું માણસ માણસાઈના ઉત્તમ ગુણો તજી દીએછે તેથી કરીને દેશના રાજકારભારમાં કોઈબી ઓહદો લેવાને તે લાયક હોતું નથી."

"એક દાનાવ બાપે પોતાના નાદાન બેટાને શિખામણ આપી હતી તે હમેશાં યાદ રાખજો. તેણે કહ્યું કે—મારા બેટા! તારીથી ઉતરતાંઓપર સખ્તી મા ગુજાર. કેમકે એક દહાડો ખચીત એવો આવશે કે તારી મોહટાઈનો અંત આવશે. અરે કમસમજ બેટા! ક્રૂરપણું વાપડતી વખતે તારાં મનમાં બીહીક લાગતી નથી કે કોઈ દહાડે કોઈ વિક્રાળ પ્રાણી તુંને ફાડી ખાય તો તુંને કેવું લાગે? હું જ્યારે નહાનો હતો ત્યારે ક્રૂરપણે મારીથી નબલાંઓને ઘણું દુઃખ દેતો હતો. એક દહાડે એક મારીથી જોરાવર શખસે મને એવી તો મુક્કી મારી કે તે દહાડેથી નબલાંપર જુલમ પડવાથી તેને કેટલું દુઃખ થાયછે તે હું સમજ્યો. પછી તે વખતથી ક્રૂરપણું મેં છોડી દીધું."

દોહરો.

ક્રૂર સ્વભાવે માનવી, પામે છે ધિક્કાર—
નાલાયક તેને ગણે, દુનિયામાં નર નાર.

———

પાઠ ૩૨ મો.

હકદારનો હક આપવો.

[illegible]

[illegible]

[illegible]

યસ્તત્ મીઝ્દેમ્ હનેંતે નોઇત્ દાઇતિ.......
કા તેમ્ અએશા મઇનિષ્.[1]

અર્થ.

"જે કોઇ હકદારને તેનો બદલો નહી આપે...
તેને તે (ગુનાહ) ની શું તોજેશ ?"

જે ચીજ ઉપર જેનો હક હોય તે હક દુબાડવામાં આવે તો તે આપણા જરથોસ્તી ધર્મમાં એક મોહટો ગુનાહ ગણાયછે. માંગનારનું લેણું દુબાડવું, ખરા વારિસનો વારસો છીનવી લેવો, વેચાતી લીધેલી ચીજની કબુલાત મુજબ કીમત નહી આપવી, કારીગર અથવા મજુરની મેહનતનું દામ બરાબર નહી ચુકવવું—એવાં એવાં કામો હકદારનો હક દુબાડવાના ગુનાહછે. એજ પ્રમાણે પૈસા ટકા ઉપરાંત દુનીઆનાં બીજાં કામકાજોમાં પણ હકદારનો હક દુબાડવો એ ગુનાહછે. જેમકે કોઇનાં કાંઇ કામ વિષે અદેખાઇથી, બેપરવાઇથી, અથવા હરએક બીજા નઠારા હેતુથી શાબાશી નહી આપવી, વખાણ નહી કરવી, તેને તોડી પાડવાની કોશેશ કરવી, વગેરે. જે માણસ એવી હકદારનો હક દુબાડવાની દાનત રાખે તે વાજબી ઇનસાફ કરનારૂં નથી.

---

[1] યજશને ૪૪ ફ૦ ૧૯.

માલમતા, પૈસા ટકા, અથવા બીજી હરએક બાબતના હકદારનો હક તેને નહી આપવાનો જે ગુનાહ છે તેની સજા માત્ર ધર્મમાં ફરમાવીછે એટલુંજ નથી. તે સજા સરકારથી, લોકમતથી, અંતઃકરણના ડંખથી, અને એ વગેરે ઘણી તરેહથી ખમવી પડેછે. અને એથી ઉલટું હકદારનો હક આપવાથી ધર્મનું અનુસરણ, સરકારની શિક્ષાથી મોકલાશ, લોકમાં આબરૂ, અંતઃકરણની શાંતિ, અને એ વગેરે બીજા અનેક ફાયદા મલેછે.

"યુનાની લોકોમાં પીથાગોરાસ નામે એક મોહટો ફીલસુફ થઈ ગયોછે. તેના એક શાગેરદે એક મોચી પાસેથી જોડા લીધા અને તેને વાયદો કીધો કે એની કીમતનું નાણું ફલાણે દીવસે હું તને આપીશ. કબુલાત મુજબ તે દિવસે પૈસા લઈને તે પેલા મોચીને ત્યાં ગયો. પણ તે અગાઉ તે મોચી મરી ગયો હતો. આ ખબર સાંભળીને તે કાંઈ બોલ્યો નહી. પ્રથમ તો તે તેનું નાણું રાખવાની લાલચને તાબે થયો. પણ ત્યાર પછી સારૂં નરસું સમજવાની શક્તિથી તેને કાંઇ ચેન પડયું નહી. તેથી તે અંતે હાથમાં પૈસા લઈને ફરીથી મોચીની દુકાને ગયો અને તે તેની અંદર નાખીને કહ્યું 'તું તારે રસ્તે જા, મોચી આ દુનીઆનાં મનમાં મરી ગયો હશે પણ મારે મનતો તે જીવતો છે.'" મતલબ કે જ્યારથી આ હરામના પૈસા લઈને ફરૂંછું ત્યારથી મારૂં અંતઃકરણ મને ડંખ્યા કરેછે તેથી તેનો હકદાર ધણી મોચી જીવતો હોય અને મારી ઉપર ચાંપતી ઉઘરાણી કરે તેથી મને લજવાવું પડે અને મારાં મનને અસુખ થાય તે કરતાં આ નાણું બદદીઆનતે રાખવાથી મને ઘણું લજવાવું પડેછે અને તેથી મારાં મનને વારેઘડીએ વધારે દુઃખ થયા કરેછે. જે દુઃખનો છેડો લાવવા આ પૈસા મોચીનાં ઘરમાં નાખુંછું પછી જે તેનો હકદાર ધણી હોય તે લીએ.

છોકરાંઓ ! ઘણીવાર તમારા જોવામાં આવ્યું હશે કે હલકામાં હલકી નોકરી કરનારાં ગરીબ માણસોના હાથમાં કોઇવાર એકાદ કીમતી દાગીનો આવેછે ત્યારે તેનાં ગમે એટલાં મોઘાં મૂલ છતાં તેઓ તે જણસ તેના હકદાર ધણીને શોધી કહાડીને આપી આવેછે. એવાં પ્રમાણીક માણસો ઘણું માન પામેછે અને એવાં ઇનસાફી પ્રમાણીકપણાંથીજ દુનીઆમાં વધીને તેઓ મોટાં થઇ શકેછે.

હરિગીત છંદ.

જરથોશત ફરમાવે "સદા હકદારનો કર હક અદા—
હક ડૂબતાં ગુજરે જફા, કોપે જગત સાથે ખુદા."[१]

પાઠ ૩૩ મો.

પરનિન્દા.

[illegible]
[illegible]
[illegible]

સ્પઝ્ગ અપ-દ્રત.[२]
અવસોસ્ગરાંન્ ગુનાહ[3].
સ્પઝ્ગી મ કુન.[४]

અર્થ.

"ચુગલો ! તમે દૂર દફે થજો !"
"ગીબત કરવાનો ગુનાહ."
"ગીબત મા કર."

---

१ યજશને ४४ ક૦ १૯, ઇત્યાદિ. २ અરદીબેહેશત યશત, ક૦ ८. ૩ પતેત. ४ લગનના આશીરવાદ.

કેટલાંએક નઠારાં છોકરાંને તથા માણસોને લોકોની ખરી ખોટી નાલેશી કરવાની ખરાબ આદત હોયછે તેથી છોકરાં છોકરાંઓમાં તથા કુટુંબોમાં ઘણો કુસંપ ઉભો થાયછે અને પછી તેઓનાં સુખનો ઘણો નાશ થાયછે. સર્વે નાહનાં મોહટાંઓની ફરજછે કે કદી કોઇની નિન્દા કરવી નહી અને જે વખતે એ ખોટું કામ કરવાનું મન થાય તેજ વખતે તે ભુંડી ઇછાને દાબી દેવી. જે કોઇ એ પ્રમાણે કરશે તેથી ખુદાતાલા ઘણો રાજી રહેશે અને તે પોતેબી ઘણું સુખી થશે.

શેખસાદી કહેછે કે હું બચપણમાં એબાદત કરવામાં ઘણો મશગુલ રહેતો હતો. દરરોજ પાછલી રાત્રે ઉઠતો હતો અને ધર્મના નિયમો પાળતો હતો. એક રાત્રે મારા બાપની હજુરમાં બેસીને મોડી રાત લગી ધર્મપુસ્તક વાંચતો હતો અને જરાબી ઉંઘાયેલો નહી. મારી આસપાસ કેટલાએક જણ ઉંઘી ગયલા હતા. મેં મારા બાપને કહ્યું કે એઓ-માંથી કોઇબી ઉઠીને ખુદાની નિમાજ કરતો નથી. એઓ એવાતો બેભાન પડયા છે કે જાણે મરી ગયાછે. મારા બાપે કહ્યું—મારા જીવ બરાબર વહાલા બેટા ! કોઇનીબી નાલેશી ખરી યા ખોટી કરવી તુંને લાયક નથી. તું પરનિન્દા કરે તે કરતાં ઉંઘાઇ રહે તે વધારે ભલું. ખુદપસંદ આદમી પોતા સિવાય બીજા કોઇના ગુણો જોઇ શકતું નથી. કારણ કે તેનાં દીલપર ગર્વનો પરદો ફરી વળેલો છે. જો તુંને ખુદાઇ રાહની આંખો બક્ષવામાં આવે તો તું પોતા કરતાં વધારે નબલું બીજાં કોઇને જુએ નહી.

વળી શેખસાદીએ એક હેકાયત લખીછે કે એક પાદશાહે એક બુજરગ માણસને પુછયું કે ફલાણા પરહેજગારને વિષે તમે શું કહોછો, બીજાઓએ તો તેને દોષ લાગે એવું

કેટલું એક કહ્યું છે. જવાબ દીધો કે જાહેરમાં તો હું તે ધણીમાં કમી એબ જોતો નથી અને તેની બાતેનની વાત હું જાણતો નથી. તું જેને બાહેરથી જેવા જુએ તેવોજ તેને વિષે વિચાર બાંધ. કોઇની ખાનગી વાત જાણવાની તુંને શી જરૂર છે? માટે તું કોઇની ગીબત કરવી મા અને સાંભળવી મા.

દૃષ્ટાંતોની વાર્તાઓમાં પરનિન્દાની બદી દેખાડવાને એક વાર્તા એવી છે કે એક સમયે એક કાગડો અને એક કબુતર પોતાના દોસ્ત મોરની મુલાકાતે ગયા હતા. ત્યાંથી રજા લઇને આવતા હતા ત્યારે રસ્તામાં કાગડો કબુતરને કહેવા લાગ્યો કે પેલો મોર ખરેજ ઘણો અભીમાની છે. તેના પગ જોઇએ તો કદરૂપા, આવાજ જોઇએ તો કઠોર, અને પોતાને મનસે મગરૂર તો એવો કે જાણે એને જેવું ખુબસુરત કોઇ હયાતજ નાહી. શું એની રીતભાંતથી કોઇને કંટાળો નાહી ઉપજે વારૂં? પેલાં નિર્દોષ કબુતરે કહ્યું ભાઇ, આ તારી કોઇની પુંઠે નિન્દા કરવાની ચાલ મને તો ગમતી નથી. આપણા દોસ્ત મોરનું માથું કેટલુંબધું ખુબસુરત છે! તેનાં પિચ્છાં તથા તેની પુછડી કેટલીબધી સુંદર અને ભપકાદાર છે! હું તો તેની એ ખુબીઓનેજ જોતો રહ્યો હતો. તું જે તેની ખામીઓ વર્ણવીને તેની નિન્દા કરેછે તે ઉપર મારૂં તો ધ્યાનજ નથી ગયું.

દોહરો.

પરનિન્દા કરવા થકી, રહેવું સદા પરહેજ,
ગુણ ગાવા વિસરી ખતા—ઉત્તમ સલૂક એજ.

પાઠ ૩૪ મો.

આજનું કામ કાલપર રાખવું નહી.

[illegible]

[illegible]

પેરેને ખ્‌ષ્યાંસ્ત યા દરેઘોગવ.[૧]

અર્થ.

"વિલંબ (કરવા) કેહેનારી જે સુસ્તી (તેની) સામણે લડું."

છોકરાંઓએ કદીપ્પી પોતાનાં કામો વખતસર કરવામાં ઢીલ કરવી નહી. કેમકે જો બચપણથી એવી ટેવ પડી જાયછે તો તેથી મોહટપણે ઘણો પસ્તાવો થાયછે. જેઓ બચપણથી કામની વખતે કામ કરનારાં હોતાં નથી તેઓ ઘડપણમાં સુખી થતાં નથી. વખતસરની મેહનત અને ચાલુ ઉદ્યોગ વિના માણસથી પૈસો મેલવી શકાતો નથી અને તેથી તે હમેશાં દલીદ્રી રેહેછે.

આજનું કામ કાલ ઉપર રાખનાર માણસનાં કામોનો ચોડો ચહડી જવાથી તે તેની છાતીપર ફર્યા કરેછે તેથી તેનાં મનપર ફીકરનો ભારી બોજો રેહેછે અને તે તનમનથી સુખી રેહેતું નથી. એથી ઉલટું જે માણસ ઉજમાળું હોયછે અને ઢીલ કરતું નથી તેનું અંગ તનદરૂસ્ત રેહેછે અને તેનાં મનને ખુશી ઉપજેછે. આળસથી કામ નાખી મુકનાર વિષે કોઈ માન ભરેલો વિચાર રાખતું નથી. તેને કોઈ તેના પેશાને લગતું કામ સોંપતું નથી. તેથી તેને પોતાની કમાઈમાં નુકસાન થાયછે.

---

૧ વંદીદાદ ૧૧ ફ૦ ૯.

તે માણસ જે કામ જે વખતે કરવાનું હોય તે વખતે કરતું નથી. તે વખત વીતી ગયા પછી તે કીધેલાંની કાંઇ કીમત પોશાતી નથી. એ રીતે તે પોતાનો કીમતી વખત નકામો ખોઇ દીએછે અને ગયલો વખત પાછો આવતો નથી તેથી સેવટે તેને પસ્તાવો ખમવો પડેછે.

કેટલીએક વખતે નજદીક પુરૂં થવા આવેલું કામ જરા ઢીલ કરવાને લીધે બધું રદ જાયછે. કાર્થેજના નામીચા સુપેહ-સાલાર હનીબાલે પુશ્કલ મેહનત તથા ખરચ કરીને અને ઘણુંએક સંકટ વેઠીને આલપસના મોહટા પર્વત વટાવ્યો અને ઇટાલીનાં રૂમ શેહેરની છેક નજદીકમાં કેપુઆનાં મેદાન સુધી આવીને પડાવ નાખ્યો. આ વખતે તેનાં મનમાં એવો વિચાર આવ્યો કે હવે હું ગમે ત્યારે રૂમ શેહેર જલદીથી ફતેહ કરીશ, તેથી એકદમ રૂમ ઉપર ધસારો કરવામાં ઢીલ કીધી. થોડા વખતમાં રૂમીઓએ પોતાનાં શેહેરનો બચાવ કરી લીધો. અંતે હનીબાલની બધી મેહનત રદ ગઇ અને તેને નિષ્ફલ થઇને ત્યાંથી પાછું ફરવાની ફરજ પડી (ઇ૦ સ૦ પૂ૦ ૨૧૮—૨૧૧).—ઇંગ્લાંડનો રાજા વીલ્યમ ત્રીજો સ્કાટ-લંડનાં લોકોપર ગુસ્સે થયો હતો તેથી તેણે એવું જાહેરનામું કહાડયું કે સ્કાટલંડના સઘળા સરદારોએ પેહેલી જાન્યુઆરી ૧૬૯૨ ની અગાઉ આવીને અંગ્રેજોને તાબે થવું. પણ મેકઇવાન નામના એક સરદારે રૂતુના ફેરફારને લીધે ડીસેમ્બર મહીનો પુરો થવા આવ્યો તોબી ઇંગ્લાંડ જવાની ઢીલ કર્યા કીધી. તેટલામાં વળી એક મોહટું બરફનું તોફાન થયું જેથી જવા આવવાના રસ્તા બંધ થઇ ગયા અને તેથી બરાબર વખતે આ કમનસીબ સરદારથી હાજર થઇ શકાયું નહી. તેથી કરીને મેકઇવાન અને તેના ટોલાનાં સર્વે માણસોને રાજા વીલ્યમે મરાવી નાખ્યાં.

ઘણીએક વખત જોરમંદ પણ આજ કાલ આજ કાલ કર્યા કરનાર માણસો નબળાં પણ તાતે ઘા કામ કરનાર માણસોથી પશ્ચાત પડી જાયછે. ઈ૦ સ૦ ૧૪૧૫ માં ઈંગ્લાંડનો રાજા હેનરી પાંચમો અને ફ્રાન્સના કોનસ્ટેબલ વચ્ચે એજીનકોર્ટ આગળ લડાઈ થઈ તેમાં ફ્રેન્ચ લોકોનાં એક લાખ માણસો હતાં અને અંગ્રેજોનાં ફક્ત પંદર હજાર હતાં. પોતાની મોટી સંખ્યાને ભરોસે ફ્રેન્ચ લોકો સુસ્ત પડી રહ્યા પણ અંગ્રેજોએ લડાઈની ઘણી સારી ગોઠવણ રાખી. પછી જંગમાં જ્યારે ફ્રેન્ચ લોકોનો કોનસ્ટેબલ અને બીજા અગીઆર હજાર નામીચા લડાઈમાં માર્યા ગયા ત્યારે અંગ્રેજોમાં માત્ર સોળસો માણસ મરણ પામ્યાં, અને હેનરીની ફતેહ થઈ.

દોહરો.

તાતે ઘા કરવા થકી, પાંકયું કામજ થાય—
આજ કાલ કરતાં વખત, ફોકટ ગુજરી જાય.

પાઠ ૩૫ મો.

દિલઆજારી સાથે દિલનવાજીનો મુકાબલો.

𐬫𐬁 . 𐬛𐬀𐬉𐬥𐬎𐬎𐬍𐬱𐬁 . 𐬔𐬊𐬎𐬱 . 𐬎𐬭𐬎𐬎𐬁𐬥𐬆𐬨

યા દએન્વીષા ગેઉશ્ચા ઉર્વાનેમ્.[૧]

અર્થ.

(અશો જરથોસ્ત કહેછે) "કે હું ભલી જીવતી આલમના આત્માને ખુશનૂદ કરૂં."

---

૧ યજશને ૨૮ ક૦ ૧.

"એક પાઠશાળામાં એક વિદ્યાર્થી હતો. એક દિવસે તે અને તેનો શિક્ષક પસાર કરવા બાહેર નીકળ્યા હતા. ચાલતાં ચાલતાં એક વાડ આગળ તેઓને એક જોડી જોડા દેખાયા. તે જુના ઘસાઇ ગયલા હતા અને કોઇ ગરીબ માણસના હોય એવા દેખાતા હતા.

વિદ્યાર્થીએ શિક્ષકને કહ્યું—'ચાલો, આપણે કાંઇ રમત કરીએ. આ જોડા લઇને સંતાઇએ અને કોઇ ઝાડને ઓથે રહીને જોઇએ કે જ્યારે એ જોડાનો ધણી આવશે ત્યારે તે કેવો ગભરાયલો દેખાશે અને કેવી રીતે જોવા લાગશે.'

શિક્ષકે કહ્યું—'ઠીક, પણ એ કરતાં સરસ એક રમત હું તમને કહું છું. તમારાં ગજવાંમાં નાણું છે. એક એક જોડામાં એક એક રૂપીઓ મુકો અને પછી આપણે સંતાઇ રહીને જોઇએ કે જ્યારે જોડાનો ધણી આવીને જોડા પેહડશે ત્યારે તે શું કરશે.'

વિદ્યાર્થીએ ગજવાંમાંથી બે રૂપીઆ કહાડીને એક એક જોડામાં એક એક રૂપીઓ મુકયો. પછી તેઓ એક ઝાડને ઓથે જઇને ઉભા રહ્યા. થોડીવાર પછી ખેતરમાંથી એક ગરીબ માણસ આવ્યો અને પોતાના જોડા પહેરવા ગયો ત્યારે તેના પગને કાંઇ લાગ્યું. કાંઇ કાંકરો જોડામાં હશે એવું જાણીને તે કહાડવા લાગ્યો તો જોએ શું કે રૂપીઓ ! તે જોઇને અજબ થયો. પછી બીજો જોડા પહેરવા લાગ્યો તો તેમાંથી પણ તેણે રૂપીઓ કહાડયો.

બેહુ રૂપીઆ હાથમાં લઇને તે બિચારાએ આકાશ તરફ જોઇને ખુદાની સ્તૂતિ કીધી. તેની બાયડી માંદી અને અશકત ઘરમાં પડેલી હતી તેને વાસ્તે કાંઇ વેચાતું લેવા

સારૂ આ રૂપીઆ ખુદાએ મોકલ્યા છે એમ જાણીને તે ખુદાનો ઉપકાર માનવા લાગ્યો."

તેનું બોલેલું સાંભલીને પેલા વિદ્યાર્થીનાં મનમાં કેવું સુખ લાગ્યું હશે! તેનાં મનમાં જે વિચાર પેહલે આવ્યો હતો તે જો તેણે બજાવ્યો હતે તો વિના કારણે તે એક ગરીબ દુઃખી માણસને વધતો દુઃખી કરતે. પણ તેના ભલા શિક્ષકની સારી વાત સાંભલીને તેણે આ ગરીબનું દુઃખ કાંઇએક ઓછું કીધું તેથી તેને કેવી ખુશી ઉપજી!

આ ઉપરથી આપણે શીખવું જોઇએ કે બીજાને દુઃખ થાય તેવી રમત કરવી નહી. કેમકે આપણે નથી જાણતાં કે તે કેવો ગરીબ અને દુઃખી હશે. એટલુંજ નહી પણ આપણુથી બને તેટલી મદદ હરએક માણસને કરીને તેનું દીલ ખુશ કરવું. આપણા જરથોશતી ધર્મનાં એકરારનામાંમાં માણસોને બનતી મદદ આપવાની ફરજ જણાવીછે.[1] અને તેમાં કસુર રાખવી એ આપણા ધરિની લખીએલોમાં ગુનાહ ભરેલું ગણાતું હતુ.[2] વલી એનેજ મલતું શેખસાદીએબી કહ્યુંછે કે "જો તું થી બની આવે તો કોઇનું મોહડું મીઠું કર. કોઇનાં મોંહપર મુકી મારવામાં મરદાનગી નથી."

બ એ ત.

દિલ આજુરદે કરવું કમીનાઇ જાણ—
ખરી મર્દુમી દિલનવાજી પિછાણ.

---

૧ યજશને હા ૧૨, કઽ ૩.

૨ પતેત ઇરાનીઃ—"મર્દુમ્ રા યારી ન દાદમ્."

પાઠ ૩૬ મો.

માણસને કોશેશની અગત્ય.

[illegible] [1]

.... હાઓ શ્કયઓથના મીઝ્દવાનૂ.... [1]

અર્થ.

"(ઓ અહુરમઝદ ! રોજે અવલથી) તેં કીધાંછે કામોને બદલો મેલવતાં ....."

અશો જરથોસ્ત કોહેછે કે ખુદાએતાલાએ રોજે અવલથી ઠરાવ્યુંછે કે માણસ કામ અને કોશેશ કરે તોજ બદલો મેલવે, પછી જોકે બરૂં હો કે ભલું કરે તો ભલો બદલો મેલવે અને બુરૂં કરે તો બુરો બદલો મેલવે તોપણ કાંઈબી મેલવવામાં કામ અને કોશેશ અવશ્યછે.

આ ઉપલી તાલીમમાં એક મોહટી સચાઈ છે. કેમકે જોકે ખુદાતાલા નેક કામને પસંદ કરેછે અને બદ કામને ધિક્કારેછે તોપણ તે સાહેબે ફતેહનો આધાર ઘણે દરજ્જે કોશેશપર ઠરાવેલો દેખાયછે. એક આદમી નેક નઈઅતે નેક કામ આરંભેછે તે છતાંજો તે સુસ્ત હોયછે તો તે પોતાની ભલી મુરાદ મેલવવામાં નિષ્ફલ થાયછે. અને બીજું માણસ બદ નઈઅતે બદ કામ કરેછે તોપણ જો તે કોશેશમંદ હોયછે તો પોતાની બદ મુરાદ હાસલ કરી શકેછે. એ ઉપરથી જણાયછે કે કોઈબી બાબતમાં ફતેહ મેલવવા સારૂ કોશેશ અવશ્ય છે.

ગમે તેવું મુશ્કેલ કામ હોય તે કોશેશથીજ પાર પડેછે. કોશેશથી દરીઆ ખેડાયછે, પહાડોનાં પેટાં ફોડાયછે, ખાણમાંથી

---

૧ યજશને ૪૩, ૬૦ ૫

ધાતુઓ અને ખેતરમાંથી અનાજ મેલવાયછે, વેપાર વનજ અને કારખાનાં વગેરે ચાલેછે. કીડીઓ કોશિશ કરેછે તેથી દાણાનો સંગ્રહ કરેછે. મધમાખીઓ સહવારથી સાંજ સુધી ઉદ્યોગ કરેછે તોજ મીઠું મધ એકઠું કરી શકેછે. પરવાલાંના ઝીણા જીવજંતુઓ રાત દિવસ કામ કરેછે તેથી મહાસાગરમાં મોહટા મોટા ટાપુઓ બનાવી કહાડેછે. હવે એવા ઝીણા જીવજંતુઓ તેઓની કાયનાત તરફ જોતાં આવાં મોહટાં કામોમાં કોશિશ કરીને ફતેહ મેલવે છે તો પછી આપણે ચહડતી શક્તિવાલાં છતાં આપણાં કામમાં કોશિશ નહી કરવાથી આપણને ફતેહ નહી મલે અને આપણે એ ઝીણા જીવજંતુઓ કરતાંબી ઉતરતાં ગણાઈએ તેમાં અજબ જેવું નથી.

ભલી કોશિશમાં મંડી રહેવાથી જેમ ફાયદો તેમ ખુશીબી મલેછે. કોશિશમાં ગુંતાએલું આદમી ઉલટ અને આશા ભરેલું હોયછે, પણ સુસ્ત માણસ નિરાશ અને દુઃખી રહેછે. શરીરની તનદરૂસ્તી અને મનની ચંચલાઈ જો જાલવી રાખવી હોય તો આળસ તજીને ઉદ્યોગ કરવો. જેમ વપડાતી કુંચી હમેશાં ચલકતી રહેછે, જેમ વહેતું પાણી હમેશાં નિર્મળ રહેછે, તેમ ઉદ્યોગી હમેશાં તનદરૂસ્ત, મનદરૂસ્ત, અને માન પામેલું થાયછે.

ઉદ્યોગીનો વખત કેમ ગુજરી જાયછે તે તેને જણાતુંબી નથી. પણ જે માણસને કાંઈ મશગુલી હોતી નથી તેને પોતાનો વખત કંટાલો આપેછે. કોશિશ કરનારને ફલ મલવાથી આનંદ થાયછે, . અને જો કોઈ કારણને લીધે કદાચ તેને ધારેલું ફલ મલતું નથી અથવા થોડુંજ મલેછે તોબી પણ તેને સંતોષ રહેછે કે મારો વખત ભલી કોશિશમાં ગુજાર્યોછે તે ઠીકજ થયુંછે, કેમકે નહીં તો મને તે ગુજારવો ભારી પડતે

અથવા હું તેને કોઇ ખોટી રીતે ગુજારતે. કોશેશમંદ જ્યારે પોતાની કોશેશોને યાદ કરેછે ત્યારે તેને પોતાનાં દિલ તરફથી શાબાશીનું સુખ મલેછે પણ સુસ્તને ગુમાવેલા વખત અને જતી મુકેલી તકોના પસ્તાવાનું દુઃખ થાયછે.

છોકરાંઓને તો પોતાનો વખત અને શક્તિ પોતાનાં કામમાં કોશેશ કરવામાં ગુજારવાની વધારે જરૂર છે. કેમકે બચપણમાં કોશેશથી વિદ્યાભ્યાસ કીધો હોયછે અને તેઓ મોહટાં થાય ત્યારે તેમને જોઇતા સદગુણો બચપણથી મેલવી રાખ્યા હોયછે તોજ તેનો બદલો તેઓને પછવાડેથી મલેછે. વાસ્તે છોકરાંઓ ! જો તમે તમારૂં ભલું ઇચ્છતાં હોવો તો હમેશાં કોશેશમંદ થજો. તમારાં માબાપે અથવા શિક્ષકે ફરમાવેલાં કામો બરાબર ચિત્ત લગાડીને પૂરેપૂરાં અને સારી રીતે બજાવવામાં કોશેશ કરવાની કાંઇ કસુર કરશો મા.

દોહરા.

કોશેશ કર કોશેશ સદા, કોશેશથી સુખ માન—
પસ્તાવો તુજને થશે, કોશેશ વિના નિદાન.

પાઠ ૩૭ મો.

કોશેશ વિના સ્સાઈ નહી મલે.

[illegible]

[illegible]

આસાન્-પા બાષ્ કે રોષન્-ચ઼અમ્ બાષી.[1]

પ સૂદ્ તોક્ષા વઝ્દાર્ પ બખ્ત્.[2]

અર્થ.

"ચંચલ થજે, તો મુરાદ પામનારો તું થશે."

"ફાયદા ... રૂ જે કોશેશ કરનાર તેજ નસીબથી (ફાયદો) મેલવનાર (થાયછે)."

કોશેશ વિના સરસાઇ નહી મલે, કોશેશ વિના નસીબ નહી ઉઘડે. કહેવત છે કે "ચંચલાઈ તે ભાયગની માતા." નસીબમાં જે થવાનું હશે તેજ થશે એમ માનવું ખોટું છે. એવાં વિચારથી જે માણસ બેસી રહેછે અને કોશેશ કરતું નથી તેનું નસીબ કદી ખીલતું નથી. કોઇને કાંઈ આઇતો લાભ મલેલો જોઇને કેટલાંએક અણસમજુ લોકો બોલેછે કે કોશેશ કરવાની જરૂર નથી. પણ એ તેઓની મોહટી ભૂલ છે. બધાંને કાંઈ આઇતું મલતું નથી. માટે સહુએ કોશેશમંદ થવું જોઇએ.

એલમ હુન્નર તો નસીબથી નહીજ પણ કોશેશથીજ હાસલ થાયછે. "કોંત્-ડ-બુફોં નામનો નામીચો ફ્રેન્ચ ગ્રંથકાર જે જાનવરોની વિદ્યાનો ઉસ્તાદ થઈ ગયોછે તે કહેતો હતો

[1] આદરબાદનું પંદનામું ફ૦ ૯૮.
[2] આદરબાદનું પંદનામું ફ૦ ૧૧૯.

કે રોજની કોશેશ તેજ વિશેષ બુદ્ધિબલ જાણવું. એ વિદ્વાને પોતાની નામદારી ચાલુ કોશેશથીજ મેલવી હતી. કહેછે કે ચાલીશ વર્ષ લગી તે દરરોજ સહવારે નવથી બે વાગા લગી અને સાંહજે પાંચથી નવવાગા લગી પોતાનું લખવાનું કામ કરતો હતો. તેણે પોતાનો ઉદ્યોગ એવોતો ચાલુ અને નિયમસર રાખ્યો હતો કે તે તેની એક આદત થઈ પડી હતી. તેનું જન્મ ચરિત્ર લખનાર કહેછે કે કામમાં રોકાવું એ તેની જરૂરની હાજત થઈ પડી હતી. તેના અભ્યાસો તેની જીંદગીની મોહિની થઇ પડ્યા હતા. અને તેની કીર્તિવાન કારકીર્દીના પાછલા વખતમાં તે વારેઘડીએ બોલતો હતો કે હું હજુર આશા રાખુંછું કે થોડાં વધારે વર્ષો મારા અભ્યાસોને અર્પણ કરવાને શક્તિવાન થાઉં. બુફોં ખરાં દીલથી કામ કરનારો હતો અને હમેશાં પોતાના સહુથી સરસ વિચારો એવી સરસ ભાષામાં લખતો હતો કે વાંચનારાંઓ તેના ઉપર કુરબાન થતાં હતાં. પોતાનાં લખાનોને ફરી ફરીથી સુધારવાને તે કદી કંટાલતો નહી હતો. "એપોક્-ડ-લા-નાત્યુર્" નામની તેની કેતાબ તેણે બાર વખત સુધારી ત્યાં લગી ફરીફરીથી લખી હતી અને ત્યારેજ તેને સંતોષ મલ્યો હતો. જોકે તેણે તે ગ્રંથને માટે પચાસ વર્ષો લગી અભ્યાસ કીધો હતો."

આપણે કોઈબી કામ કરીએ તે જો બરાબર અને સારી રીતે કરીએ તોજ તે કરવાથી પુરતું ફલ, શાબાશી, અને સંતોષ મલેછે. સારી રીતે કરવા સારૂ આપણું ચિત્ત તેપર તદન લાગવું જોઇએ. માટે દરએક કામમાં મન બેસીને તેને સંપૂર્ણ રીતે પાર પાડવાની આદત રાખવી એ ઘણું ફાયદાકારક છે. ઇંગ્લાંડનો એક ન્યાયશાસ્ત્રી જે પછવાડેથી એટલા દરજાવાલો થયો કે તેને લાર્ડનો અમીરી બેતાબ

અને વડા ખજાનચીનો ઓહદો મલ્યો હતો તેણે ન્યાયશાસ્ત્રના અભ્યાસમાં ફતેહ મેલવવાને કેવી ખંતથી કોશેશ ચાલુ રાખી હતી તે તે પોતેજ આ પ્રમાણે લખેછે—

"જ્યારે મેં કાયદાનો અભ્યાસ શરૂ કીધો ત્યારે મેં ઠરાવ કીધો હતો કે તેમાંની દરએક ચીજ પુરેપુરી શીખવી અને જ્યાં લગી એક બાબત બરાબર મનમાં ઠસી રહે ત્યાં લગી બીજી બાબતપર જવું નહી. મારી સાથના ઘણાએક અભ્યાસીઓ હું જેટલું એક અઠવાડીએ શીખી રહેતો તેટલું એક દીવસમાં વાંચી જતા પણ વર્ષને છેડે મારૂં શીખેલું તાજુંને તાજું હતું અને તેઓ તે ભુલી ગયા હતા."

દો હ રો.

સરસાઇ મલવાતણું કોશેશ જાણો મૂળ—
સાધન પાર જવા થકી, જેમ નદીપર પૂલ.

પાઠ ૩૮ મો.

સુસ્તીની ટેવ ભાંજવી.

[illegible]

[illegible]

ખફ્સ દરેઘો મશ્યાક નોઇત્ તે સચઇતિ.[૧]

અ ર્થ.

"ઓ માણુસ! લાંબો વખત સુસ્ત પડી રહેવું તુંને સજાવાર નથી."

---

૧ વંદીદાદ, ૧૮ ફ૦ ૧૬.

અંગ્રેજીમાં કહેવત છે કે "આળસુ હાથ કાંઇ નહી ને કાંઈ ખોટું કામ કરશેજ." માટે જેમ આપણા કટા શત્રુને આપણથી દૂર રાખીએ તેમ આળસાઇને હમેશ આપણથી દૂર રાખવી જોઇએ. બીજા આપણા દુશ્મનો આપણાં અંગની બહાર રહીને આપણને દુઃખ દીએછે પણ આળસરૂપી દુશ્મન તો આપણાં અંગમાં વસીને આપણી ઘણી ખરાબી કરેછે.[૧] શું એવા દુશ્મનને અંગમાંથી કહાડી નાખવાની આપણી ફરજ નથી? બીજી ફતેહો કરતાં આળસ ઉપર ફતેહ મેળવવી એ વધારે મુશ્કેલ અને તેટલામાટે વધારે કીર્તિવાન કામ છે. જે કોઈ પોતાની આળસપર ફતેહ મેળવશે તે દુનીયામાં બીજી ઘણી બાબતમાં ફતેહ પામશે.

કેટલાંએકો એવું સમજેછે કે નજીવાં જેવાં અને નિરૂપયોગી કામોમાં અથવા રમતગમતમાં અને મોજમજાહમાં દહાડા કહાડીએ તો તે આળસાઇમાં વખત કહાડેલો નહી કહેવાય. પણ એ તેઓની ભૂલ છે. એ રીતે ગુમાવેલો વખતબી આળસાઇમાંજ ગુમાવ્યા બરાબર છે. કેટલોએક જરૂરજોગો વખત આસાએશ લેવામાં તથા રમતગમતમાં ગુજારવો જોઇએ એ ખરૂં છે પણ જેટલો જોઇએ તે કરતાં વધુ વખત નવરાં નકામાં રહીને ગુમાવવો તે આળસાઈમાં ગુમાવ્યા બરાબરજ છે.

આળસાઈની ટેવ કોઈબી ઉપાય વાપડીને ભાંજવી જોઇએ. "કોંત્-ડ-બુફોં શરીરે આળસુ અને સુસ્ત હતો. તોબી તેણે, આસાયશ અને મોજમજાહ છોડીને અભ્યાસ તથા સ્વસુધારા ઉપર મંડવાનો સવેલાએ ઠરાવ કીધો. તેને સહવારે પથારીમાં પડી રહેવાની ખરાબ આદત પડી હતી. તે છોડવાને

---

૧ હિતોપદેશ.

તેણે ઘણી તજવીજો કીધી પણ ફોકટ. અંતે તેણે પોતાના ચાકર જોસફને કબુલાત આપી કે જો તું મને છ વાગ્યા અગાઉ પથારીમાંથી બાહેર લાવે તો દર વખતે તુંને ઇનામ આપીશ. પેહેલે દિવસે જોસફ ઉઠાડવા ગયો ત્યાંરે બુફોંએ ઢોંગ કરીને બહાનાં કહાડયાં કે "હું માંદો છું, અંહીથી નીકળ, મને ગુસ્સે ના કર." ઇત્યાદિ. પછી ઘણેએકવારે ઉઠીને જોસફને ઇનામ આપવાને બદલે ઠપકો આપ્યો કે મેં તુંને ખુલ્લો હુકમ આપ્યો હતો તે છતાં તેં મને પથારીમાં સુઇ રહેવા કેમ દીધો? બીજે દહાડે, ત્રીજે દહાડે, વળી જયારે ચાકર શેઠને ઉઠાડવા ગયો ત્યારે શેઠે તેવાંજ બહાનાં કહાડવા માંડ્યાં. તેણે કોઇ વખતે વિનંતિ, કાલાવાલા, ફુસલાવવું અને સમજાવવું કીધું. વળી કોઇ વખતે તેને ચાકરીથી તુરત કાહડી મેલવાની ધમકી આપી. તોપણ જોસફે પોતાનું ઇનામ મેલવવાની ખંત છોડી નહી. એક સહવારે બુફોં વધારે હઠ પકડી રહ્યો તેથી જોસફે આઇસ જેવાં ઠંડાં પાણીનો ઘડો લાવીને તેનાં બીછાનાંપર રેડ્યો. બુફોંને તુરત ઉઠવાની ફરજ પડી. એવા એવા ઘણા ઉપાયો વાપડીને બુફોંએ પોતાની સુસ્તીની ટેવપર અંતે ફતેહ મેલવી. તે ઘણી વખત કહેતો હતો કે તેના મોહટા ગ્રંથનાં બે ત્રણ દફતરો જોસફને આભારી હતાં. કેમકે તેણે તેની સહવારે પથારીમાં પડી રહેવાની ટેવ છોડાવી હતી અને તેથી તેને લખવાને વધારે વખત મલ્યો હતો."

દોહરો.

સુસ્તીને શિર શલ પડો, જે અટકાવે કાજ—
ઉદ્યમની કીર્તિ વધો; જે શિર ફત્તેહ તાજ.

પાઠ ૩૯ મો.

બે વાત યાદ રાખ અને બે વાત વીસરી જા.

[illegible]
[illegible]
[illegible]
[illegible]

હોરમઝદ્ ખોદાએ ષનાસા.[1]
પસએ રફતન્ રાહે ઓ પુલ.[2]
ખેષ્-તન્ મ સેતા.[3]
મ રવ્ અવર્ કીન્.[4]

અર્થ.

“અહુરમઝદ ખુદાને પીછાનતાં રહો.”
“આખર મરવું છે.”
“આપ સ્તુતિ મા કર.”
“વેરની વર્તણુક મા રાખ.”

એક આગલા જમાનાની કેતાબમાં એક ફીલસુફે લખ્યું છે કે નીતિ અને ધર્મની ચાર હજાર કીતાબો મેં વાંચી છે તેઓમાંથી મેં જે જ્ઞાન મેલવ્યું છે તે ચાર ઉત્તમ કાયદામાં મેં સમાવ્યું છે. તેમાંના પેહલા બે કાયદા બે વાત

---

૧ લગનના આશીરવાદ. ૨. આદરબાદનું પંદનામું ફ૦ ૧૩૪.
૩ આદરબાદનું પદનામું ફ૦ ૬૫. ૪. આદરબાદનું પંદનામું ફ૦ ૪૫.

યાદ રાખવાના છે અને છેલ્લા બે કાયદા બે વાત વીસરી જવાના છે.

કાયદો ૧ લો.

"ખુદાને હંમેશાં યાદ રાખવો."

આ કાયદો યાદ રાખવાથી માણસ હમેશાં નેક તરીકાપર ચાલશે અને તેથી બંને ભવમાં સુખી થશે.

કાયદો ૨ જો.

"મોતને હમેશાં યાદ રાખવું."

જે માણસ હમેશાં યાદ રાખે કે મારે મરવું છે તેને હાથે ભલાં કામ વધારે ચોંપથી થશે. કેમકે તે વિચારશે કે જીંદગીનો ભરુસો નથી અને મોતને કાંઈ તેડવા જવું પડતું નથી. તે કોઇબી પલમાં આવીને ઉભું રહેશે તો પછી કાંઈબી કરવાનું બની શકશે નહી. વળી તે માણસ બદ કામ કરવાથી પાછું હઠશે. કેમકે તે વિચારશે કે મારે અહીંઆં સદાકાલ રહેવું નથી. મરણનો ભય દર પલે છે. કઈ જીંદગી સારૂં ગુનાહનું કામ કરૂં ?

કાયદો ૩ જો.

"આપણે કોઈ સાથે ભલાઈ કીધી હોય તે વીસરી જવી."

આપણથી આ દુનીઆમાં નેક કામો થાયછે તે ઘણાં સેહજ હોયછે. તેથી ફુલાઇ ન જતાં જો તે વીસરી જઇને હમેશાં એમજ વિચારીએ કે મારાથી કસી ભલાઈ થતી નથી માટે મારે જલદીથી કોઈ ભલાઇનું કામ કરવું જોઇએ; કોઇને ગમે તો મારી સાથે ભલાઈ કરે અથવા બુરાઈ કરે

તોપણ મારે તો સર્વ સાથ ભલાઇજ કરવીછે અને તે મેં હજુલગી કાંઈ કીધી નથી; તો તેમ વિચારવાથી અલબતે ઘણી ભલાઇ કરવાનું બની આવે.

કાયદો ૪ થો.

"કોઈએ આપણી સાથે બુંડાઈ કીધી હોય તે વીસરી જવી."

જે માણસ બીજાંએ તેની સાથે ચલાવેલી દુષ્ટ વર્તણુકને વિસરી જાયછે તેનાં મનમાં વેર વસતું નથી. જે જેવું કરશે; તે તેવું પામશે એ સિદ્ધાંત પ્રમાણે ચાલીને તે માણસ બીજાંએ કીધેલી બદીનો બદલો બદીથી વાલશે નહી અને બુરૂં કરનારના હકમાંબી ભલું કરશે.

બએત.

ખુદા 'ને અજલને ધરી દિલ સદા,
વિસર આપ-નેકી 'ને પરથી જફા.

પાઠ ૪૦ મો.

આરામગાહમાં જતી વખતની બંદગી.

[illegible]

[illegible]

[illegible]

સ્રઓતા મોઇ મેરેઝ્દાતા મોઇ......૧

નએચીમ્ તેમ્ અન્યેમ્ યૂષ્મત્ વએદા અષા અથા નાઓ થ્રાઝ્દૂમ્.૨

અર્થ.

"(ઓ અહુરમઝદ! ઓ અમશાસ્પંદો!) સાંભલો મારી (અરજ), માફ કરો મારા (ગુનાહો)."

"રાસ્તીથી તમો સિવાય બીજા કોઇને હું જાણતો નથી. તમેજ અમારી પાસબાની કરો."

આપણા ઇરાની ન્યાગાનોમાં એવો રેવાજ હતો કે હમેશાં રાતે સુવા જતી વખતે દરએક જણ નીચે પ્રમાણે એક ટુકી "પતેત" એટલે પશ્ચાતાપ કરતું હતું:—

"આજ દીને મારીથી જે ગુનાહ ભરેલો વિચાર, ગુનાહ ભરેલું બોલવું, અથવા ગુનાહ ભરેલું કામ થયું હોય તેનો અંતઃકરણથી પસ્તાવો કરૂંછું, અને ભલા વિચાર, ભલા વચનો, અને ભલાં કામો કરવાનો ઠરાવ કરૂંછું. અશોઇજ સહુથી ઉત્તમ વસ્તુછે. નેકબખ્તી છે! નેકબખ્તી તેને કે જે અશોઇ રાખે!૩"

---

૧ યજશને હા ૩૩, ક૦ ૧૧. ૨ યજશને હા ૩૪, ક૦ ૭.
૩ હાદોખ્ત નુસ્ક ક૦ ૧૧, રવાયત.

વળી એક અશો દસ્તુરે જોડેલી એક પવિત્ર સેતાયશમાં તાકીદ કીધીછે કે દરએક જણને ઘટારત છે કે દરરોજ ખુઆબ કરવા અગાઉ એક ચિત્તે વિચાર કરવો કે "આજના, આખા દિવસમાં મેં કેટલા સારા વિચારો વિચાર્યા, કેટલા સારા સખુનો હું બોલ્યો, અને કેટલાં સારાં કામો મેં કીધાં; કેટલા ખરાબ વિચારો મેં વિચાર્યા, કેટલા ખરાબ સખુનો હું બોલ્યો, અને કેટલાં ખરાબ કામો મેં કીધાં."[૧] બેશક આ નસીહત ઘણી ફાયદેમંદ છે. માટે આપણને ઘટારત છે કે તે ઉપર દરરોજ અમલ કરવો, અને જે કાંઇ સારા વિચાર, સારા સખુન, અને સારાં કામો યાદ આવે તેથી સંતોષ પામવો, અને તે પ્રમાણે હમેશાં ચાલવાનો ઠરાવ કરવો, અને જે બુરા વિચાર, બુરા સખુન, અને બુરાં કામ યાદ આવે તેથી દલગીર થવું અને તે વિષે ખરાં દીલથી ખુદાની હજુરમાં પસતાવો કરીને ફરીથી તે નહી કરવાનો ઠેડાવ કરવો.

એમ કીધા પછી આપણા પુરાતન ઇરાનીઓની ઉપલી ટુક પતેત ઉપરાંત નીચે મુજબ બંદગી કરીને ખુઆબ કરવો. છોકરાંઓ ! જે કોઈ એ રીતે ચાલસે તે બેશક ખુદાની રેહમ અને માફી મેલવશે.

"ઓ કુલ જેહાનના પેદા કરનાર સર્વ શક્તિવાન સાહેબ ! આજે સહવારે મેં બિછાણું છોડ્યું ત્યારથી તે હવડાં બિછાણાંમાં જાઉછું ત્યાં લગીમાં તારી બેશુમાર બખ્ખ-શેશો મારી ઉપર ઉતરી ચુકીછે તેનાં શુકરાનાં કરૂંછું. તું હમેશાં અને હરજગે મારી પાસબાની કરેછે અને મારા હકમાં ભલું શું છે તેની મારા કરતાં તુંને વધારે આગાહી છે. માટે ઓ ખાવીંદ ! હું તારોજ આશરો માંગીને

---

૧ બનામે અહુરમઝદ નામની પાઝંદ સેતાયશ.

પોતાને તારી પનાહ અને નેગેહબાનીમાં સોંપુછું. જેમ બેદારીમાં તું મારી સંભાલ લીએછે તેમજ ઉંઘમાંબી તું મારી પાસબાની કરજે. ઓ રેહમતના કરનાર ! સર નમાવીને આજે મારીથી જે જે કાંઈ ગુનાહો થયાછે તેનો ખરાં દીલથી પસ્તાવો કરૂંછું અને તારી રેહમ અને માફી મેલવવાની ખાહેશ રાખુછું. ઓ ખુદા ! તારી હજુરમાં એકરાર કરૂંછું કે અશોઇજ સહુથી ઉત્તમ વસ્તુછે. નેકબખ્તી છે તેને કે જે અશોઇ રાખે.

ખુદાવંદે ખાવંદ પરવરદેગાર !
નમું તારી દરગાહે હું ખાકસાર.
થયો રોજ આખર શરૂ થઇછે રાત,
તને રાજી કરવાથી છું હું પછાત.
દયાલુ ખુદાવંદ! જગના રે બાપ!
દયા કર, મને સારૂં ડાહપણ તું આપ,
કે ભુલો સુધારૂં હવે રોજ રોજ,
ભલાઈ વધારૂં, કરી નિત્ય ખોજ.
ભલું હકમેં મારા તે જાણું નહી.
ભલું જે મને તે તું જાણે સહી.
બહુ આજેજીથી નમીને, ખુદા!
કરૂંછું દુઆ, આશીશો દે સદા!
કે તારી મદદથી હું રાખું વિવેક,
મનશ્ની, ગવશ્ની, કુનશ્નીજ નેક.
મને પાસબાનીમેં તારી સુવાડ,
ભલાં કામ કરવા સહવારે ઉઠાડ."

પાઠ ૪૧ મો.

મુનાજાત.

દમે દમ દાદ લેનારા! દયા તેં તો ઉતારી છે.
નહી તોપણ અમે તારી ખરી કંઇ યાદ ધારી છે.
નુરી ખુરશેદથી પામી ઝરો ગરમી ઉજરડાંનો,
નથીજ વિચારતાં બખશેશ કેવી આ ગુણગારી છે?
સદા ખોરાક પોશાકો સુખો આરામ પામીને
કદી ગુણ નહીંજ ગાતાં કે બધી રેહમત તમારી છે.
કરી નિંદા પરાયાંની, ન દેખી ખામીએ! ખુદની,
ખુદાથી રાત દિન ગાફેલ થઈ, ઉમ્મર ગુજારી છે.
ખતા બખશી, અરે ખાવીંદ! અમને પ્રેર શુભ રાહે.
અમે પાપી ખરાં પણ તુજ દયાની વાત ન્યારી છે.



કઠણ શબ્દોનો કોષ.



અનુસરણ.. ...... પેરવી.
અપંગ.... ...... અંગના કોઈ ભાગ વગરનું.
અર્પણ .... ભેટ.
અવલોકન.. .. .. તપાસ.
અવશ્ય .... જરૂરનું.
આચરવું.......... વર્તવું.
આવેશ .... ઉભરો.
આહાર .... ખાણું.
ઈશ.... .... ખુદા, પરમેશ્વર.
ઓરવર .... ઝાડપાણ.
કંકાશપટ.. ...... કળીઆરૂપી કપડું.
કણ .... અનાજનો દાણો.
કહ્યાગરો .... કહ્યા મુજબ ચાલનારો.
કિસ્સેનવીસ........ વાર્તા બનાવનાર.
કુનશની.. ...... કરણી.
કુશળતા.......... માહીતગારી.
ખરફસ્તર.. ...... ઈજા દેનાર જાનવર.
ખાકસાર.. ...... જમીનપર કપાળ મૂકેલું.
ખુદપસંદ .. .. આપબડાઈ કરનાર.
ખુબકારી .... ભલાઈ કરવી.
ખોજ.... ...... ખંતથી શોધ.
ગવશની.......... વાણી.
ગેતી............ દેખાતી દુનીઆ.
ઘોંચવું .... ભોકવું.
ચંદન .... સુખડ.

જીઆંગાર .... નુકશાનકારક.
જીઆદત .... વધારો.
તર્ક .... અનુમાન, ધારણા, અટકળ.
તવાના .... શક્તિવાન.
તવારીખનવીસ ...... ઇતીહાસ લખનાર.
દબેસ્તાન........... નિશાળ.
દમવું .... દુઃખ દેવું.
દિલઆજારી .. .... મન દુઃખવવું.
દિલનવાજી .... દિલ ખુશ કરવું.
નાદ .... ચાલુ આવાજ.
નિદાન .... અંત.
પંક્તિ .... હાર, પદવી.
પડાવ .... વિસામો, છાવણી.
પરહરવું .... તજવું.
પરહાનિ .... બીજાનું નુકસાન.
પાશ .... ફાંસો, બંધ.
પુરનૂર .... રોશની ભરેલો.
પ્રયાસ .... મેહનત.
પ્રેરવું .. .. સુચવવું, ચલાવવું.
બલીહારી .... નામદારીની વાહવા: શાબાશી.
બેઆજાર.. ...... દુઃખ નાખી દેનાર.
બેદારી.... ...... જાગૃતિ.
ભુલોક.... ...... આ દુનીઆ.
મિથ્યા .... ખોટું, ફોકટ.
મિતાહારી .... મધ્યમપણે ખાનાર.
મીનો.... ...... છુપી દુનીઆ.
મુનાજાત .... માગણીની પ્રાર્થના.

રેહમત .... દયા.
લેશ .... જરા.
વક્તા .... ભાષણ કરનાર.
વશ .... તાબે.
વિકરાલ .... ભયંકર.
વિઘ્ન............. અટકાવ.
વિવેચન .... પરીક્ષા.
વેગ .... ઝડપ.
વેર .... કીનો.
સુજાનતા .... ભલમનસાઈ.
શલ .... પથરની લાદી.
સંસારપટ .... સંસારરૂપી કપડું.
સાઝગારી .. .. વજંતર વાગવું.
સિદ્ધ.. .. .. નક્કી.
સિદ્ધાંત .... નક્કી કીધેલી બાબત.
સુલેહ .... સલાહ, શાંતિ.
સૂક્ષ્મ .... પરમાણુ, બારીક રજકણ.
શબોરોજ .... રાત અને દિવસ.
શાદ .... ખુશ.
શાદી.. .... ખુશી.
શિષ્ય.... ...... ચેલો, શાગેરદ.
હણવું, ... મારવું.
હરણ કરવું......... લઈ લેવું.
હોશબામ .. .. સહવારનું ઝળકવું.
હોષ .... અક્કલ.
ક્ષેમ............. કલ્યાણ, સુખ, આનંદ.

